# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 226 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 September 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


લાડકી પૂર્તિ ૫ ૬ ૭

## આ રવિવારે બૅંકો ખૂલ્લી રહેશે

### સોમવારથી ત્રણ દિવસ માટે બૅંક કર્મચારીઓ હડતાળ પર જવાના હોવાથી સરકારનો આદેશ

નવી દિલ્હીઃ યુનાઇટેડ ફોરમ ઓફ બૅંક યુનિયન્સ(યુએફબીયુ)ની હડતાળને ધ્યાનમાં રાખીને ગ્રાહકોની સુવિધા માટે આગામી રવિવાર એટલે કે ૨૭ સપ્ટેમ્બરના રોજ પ્રાદેશિક ગ્રામીણ બૅંકો સહિતની તમામ બૅંકો ખુલ્લી રહેશે. આ જાણકારી નાણાં મંત્રાલયે બુધવારે એક નિવેદનમાં આપી હતી.

યુએફબીયુએ ૨૮થી ૩૦ સપ્ટેમ્બર સુધી ત્રણ દિવસની દેશવ્યાપી હડતાળનું આહ્વાન કર્યું છે. તેમની મુખ્ય માગણીઓમાં બૅંકોમાં પાંચ દિવસનો બૅંકિંગ સપ્તાહ લાગુ કરવાનો સમાવેશ થાય છે. આ સંગઠન બૅંકિંગ ક્ષેત્રના લગભગ ૯૦ ટકા કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતું હોવાનો દાવો કરે છે. મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું કે ૨૮થી ૩૦ સપ્ટેમ્બર સુધી પ્રસ્તાવિત ત્રણ દિવસની હડતાળ અને તેની પહેલા ૨૬ અને ૨૭

(જુઓ પાનું ૨) ▸▸

# ‘સર’ સામે ચૂંટણી કમિશનરોને જ વાંધો

### મતદારયાદીની સઘન સમીક્ષાનો બે ચૂંટણી કમિશનરોએ વિરોધ કરતા વિવાદઃ બધું કાયદેસર થયું હોવાનો ચૂંટણી પંચનો દાવો






નવી દિલ્હીઃ મતદારયાદી સુધારણાની પ્રક્રિયા એટલે કે સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) અંગે ચૂંટણી પંચના બે કમિશનરે ઉઠાવેલા કહેવાતા વાંધાને કારણે વિવાદમાં આવેલા ચૂંટણી પંચે બુધવારે સ્પષ્ટતા કરી હતી કે કોઇ પણ સંસ્થામાં કોઇ મુદ્દે ચર્ચાવિચારણા વખતે ભિન્ન અભિપ્રાય વ્યક્ત કરવાનું સામાન્ય ગણાય. અમારા બધા આદેશ પૂરી કાયદેસર મંજૂરી સાથે અને કાનૂની પ્રક્રિયાને અનુસરીને જ લેવાયેલા હોય છે. દરમિયાન, વિપક્ષે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને હોદ્દા પરથી દૂર કરવાની, તેમની સામે કાયદેસર કાર્યવાહી કરવાની અને રાજ્યોમાં નવેસરથી ચૂંટણી યોજવાની માગણી કરી હતી.

કૉંગ્રેસે ચૂંટણી પંચમાંની કહેવાતી ગેરરીતિને ‘જ્ઞાનેશગૅટ’ (જ્ઞાનેશકુમાર દ્વારા આચરવામાં આવેલું કૌભાંડ) ગણાવ્યું હતું.

લોકસભામાંના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અને ચૂંટણી પંચે ‘વૉટ-ચોરી’ કરીને દેશદ્રોહનો ગુનો કર્યો છે.

ચૂંટણી પંચે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયાને વધુ સારી બનાવવા માટે માત્ર ત્રણ કમિશનર જ નહિ, પરંતુ ચૂંટણી પંચના દરેક અધિકારીને પોતાનું મંતવ્ય કે સૂચન રજૂ કરવાનો અધિકાર છે.

(જુઓ પાનું ૨) ▸▸

## ‘સર’ ભસ્માસુર જેવુંઃ માજી ચૂંટણી કમિશનર

### મતદાર નોંધણી ફૉર્મ-૬માંનો સુધારો ગેરકાયદે હોવાનો મત






નવી દિલ્હીઃ ચૂંટણી પંચના ભૂતપૂર્વ મુખ્ય કમિશનર ઓ. પી. રાવતે મતદારયાદીમાંની સુધારણાની પ્રક્રિયા એટલે કે સ્પેશલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)ને મતદારોના મનમાં ડર પેદા કરતી ‘ભસ્માસુર’ જેવી ગણાવી હતી અને દાવો કર્યો હતો કે મતદાર નોંધણી ફૉર્મ-૬માંના સુધારાની કામગીરી ‘સાવ ખોટી અને ગેરકાયદે’ છે.

ચૂંટણી પંચના અન્ય ભૂતપૂર્વ કમિશનર એસ. વાય. કુરેશીએ સવાલ કર્યો હતો કે શું કાયદેસર ખામી ધરાવતી મતદારયાદી સુધારણા પ્રક્રિયા દ્વારા તૈયાર કરાયેલી મતદારયાદીથી મતદાન યોજી શકાય?

બે ચૂંટણી કમિશનર - સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશીએ મતદારયાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન

(જુઓ પાનું ૨) ▸▸

## મહારાષ્ટ્ર, બંગાળ સહિત ચાર રાજ્યમાં ફરી ચૂંટણીની વીફરેલા વિપક્ષની માગણી




**વધતો વિરોધઃ** ચૂંટણી કમિશનરોમાં મતભેદના અહેવાલો પછી બુધવારે નવી દિલ્હીમાં કૉંગ્રેસના કાર્યકરો દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી સાથે દેખાવો કરવામાં આવ્યા હતા. (એજન્સી)

### મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું ઇમ્પીચમેન્ટ કરવાની - જેલ મોકલવાની પણ વિપક્ષની માગઃ ભિન્ન મત પુરવાર કરે છે કે ચૂંટણી પંચ લોકતાંત્રિક રીતે કામ કરી રહ્યું છે એવો ભાજપનો બચાવ

નવી દિલ્હીઃ ચૂંટણી કમિશનરો દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓથી જોશમાં આવેલા વિપક્ષી પક્ષોએ બુધવારે સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) પ્રક્રિયાને રદ કરવાની માગ કરી હતી અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર ઉગ્ર પ્રહાર કરતા આરોપ લગાવ્યો હતો કે તેઓ ચૂંટણી પંચને એક વ્યક્તિની સરમુખત્યારશાહી તરીકે ચલાવી રહ્યા છે, તેમજ તેમની સામે મહાભિયોગની કે ઇમ્પીચમેન્ટની પ્રક્રિયા ચલાવવાની અને તેમની ધરપકડ કરવાની માગ કરી હતી. શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરે અને રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના નેતા તેજસ્વી યાદવે તો મહારાષ્ટ્ર, બિહાર, દિલ્હી, અને હરિયાણામાં ફરી ચૂંટણી કરાવવાની પણ માગણી કરી

(જુઓ પાનું ૨) ▸▸

## ચૂંટણી કમિશનરની નિમણૂક સમિતિનો વિવાદઃ કાયદાને પડકારતી અરજી મોટી બૅન્ચને રિફર કરવા અંગે સુપ્રીમ કોર્ટમાં મતભેદ

નવી દિલ્હીઃ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર્સની નિમણૂક કરતી સમિતિમાં દેશના મુખ્ય ન્યાયાધીશને બાકાત રાખતા ૨૦૨૩ના કાયદાની માન્યતાને પડકારતી અનેક અરજીને મોટી બંધારણીય બૅન્ચને મોકલવા (રિફર કરવા)ના મુદ્દે સર્વોચ્ચ અદાલતની બૅન્ચના બે ન્યાયાધીશે ભિન્ન અભિપ્રાય આપતા આ મુદ્દો દેશના મુખ્ય ન્યાયાધીશને મોકલાયો હતો.

દરમિયાન, બે ન્યાયાધીશની બૅન્ચમાંના એક ન્યાયાધીશ દીપનકર દત્તાએ બુધવારે જણાવ્યું હતું કે દેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજવા ચૂંટણી પંચ માત્ર સ્વતંત્ર સરકારી સંસ્થાન જ ન હોવું જોઇએ, પરંતુ તેણે સ્વતંત્ર રીતે કામ પણ કરવું જોઇએ.

ન્યાયાધીશ દીપનકર દત્તા અને ન્યાયાધીશ સતીશચંદ્ર શર્માની બૅન્ચે પાંચ દિવસ સુધી સંબંધિત અરજીઓ સાંભળી હતી અને જણાવ્યું હતું કે આ કિસ્સામાં અમે બન્ને ન્યાયાધીશ ભિન્ન અભિપ્રાય ધરાવતા હોવાથી હવે આ બાબતમાં નિર્ણય લેવા તેને દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતને મોકલાઇ હતી.

બે ન્યાયાધીશની આ બૅન્ચે મહત્ત્વના મુદ્દે નિર્ણય લેવા પાંચ ન્યાયાધીશની કાયમી બંધારણીય બૅન્ચ રચવા દેશના મુખ્ય ન્યાયાધીશને વિનંતિ કરી હતી.

અગાઉ, સર્વોચ્ચ અદાલતની પાંચ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચે ૨૦૨૩માં ચુકાદો આપ્યો હતો કે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર્સની નિમણૂક કરતી સમિતિમાં વડા પ્રધાન, લોકસભામાંના વિપક્ષના નેતા અને દેશના મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ કરવો જોઇએ અને આ સમિતિની ભલામણને આધારે રાષ્ટ્રપતિએ ચૂંટણી કમિશનર્સની નિમણૂક કરવી

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતના મિડલ ઈસ્ટના ઈકોનોમિક કૉરિડૉરને ટ્રમ્પનો ટેકો

### સઉદી અરેબિયા માને તો જ આગળ દાળ ગળે

ન્યૂ યોર્કઃ સીરિયા અખાતમાંથી ભૂમધ્ય સમુદ્રમાં તેલ અને વાયુ લઈ જવાનું મુખ્ય કોરિડોર બની રહ્યું છે, એવા પ્રસાર માધ્યમના અહેવાલની અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ૨૦ દિવસ પહેલાં સરાહના કર્યા બાદ તેમણે મંગળવારે સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં સંબોધન દરમિયાન ભારતના મધ્ય પૂર્વ-યુરોપના ઈકોનોમિક કોરિડોરને સમર્થન આપ્યું હતું.

પશ્ચિમના ઘણા વિચારકો ભારતના સૂચિત કોરિડોરની તુલનામાં સિરીયાના વિકલ્પની હિમાયત કરતા હોવા છતાં ભારતનો કોરિડોર એ વધુ વ્યવહારૂ દરખાસ્ત લાગે છે, કારણ કે એ તેલના પુરવઠાકારોને ભારતની રીફાઈનરી અને ગ્રાહકો (ભારતના ઉપખંડ અને યુરોપ) સાથે જોડે છે. તદુપરાંત સીરિયાની રાજકીય સ્થિરતા સામે ટ્રમ્પના ટેકા છતાં પ્રશ્નાર્થ

(જુઓ પાનું ૨) ▸▸

## ઑઈલ કંપનીઓને રોજ ૫૩૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે

નવી દિલ્હીઃ રેટિંગ એજન્સી આઇસીઆરએ જણાવ્યું હતું કે સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર વધતા નુકસાનનો સામનો કરી રહી છે, કારણ કે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલો વધારો સ્થાનિક સ્તરે ઇંધણની કિંમતોની સરખામણીમાં વધુ ઝડપી છે.

આઇસીઆરએના જણાવ્યા અનુસાર, ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન (આઇઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ) ને પેટ્રોલ પર પ્રતિ લિટર આઠ રૂપિયા અને ડીઝલ પર નવ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે, જ્યારે ઘરેલુ એલપીજી (એલપીજી) સિલિન્ડર પર ’અંડર-રિકવરી’

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકા અને ઈરાનના અધિકારીઓ વચ્ચે મીટિંગઃ ક્રૂડના ભાવ ઘટ્યા

સંયુક્ત રાષ્ટ્રસંઘઃ મંગળવારે સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાને સંબોધન કરતા જો ડિલ નહીં થાય તો ઇરાનને જડમૂળથી ખતમ કરવાની ધમકી આપનારા અમેરિકના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે દાવો કર્યો હતો કે એક અસામાન્ય મીટિંગમાં ઇરાન અને અમેરિકના અધિકારીઓ મળ્યા હતા. ટ્રમ્પે પત્રકારોને કહ્યું હતું કે તેના મુખ્ય એલચી સ્ટિવ વિટ્કોફ અને જારેદ કુશનર વિશ્વ નેતાઓની વાર્ષિક સામાન્ય સભાના હાંસિયામાં ઇરાની અધિકારીને મળ્યા હતા. ટ્રમાપના દાવા પછી તેલના ભાવ એક બેરલદીઠ ૧૦૦ ડૉલરથી ઓછા થઈ ગયા હતા. વોલ સ્ટ્રીટમાં અમેરિકાના શેરોના ભાવ વિક્રમી સપાટીની નજીક પહોંચ્યા હતા, જ્યારે એશિયાના બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

ટ્રમ્પે કહ્યું હતું કે આ બેઠક સારી રહી હતી. જોકે પ્રમુખે પછી ઉમેર્યું હતું કે ઇરાનના અધિકારીઓ સર્વોચ્ચ સ્તરના નહોતા. આમ છતાં આ એક ઘટના છે.

જૂનમાં સમજૂતીપત્ર પછી યુદ્ધવિરામ થોડા સમય માટે ટક્યો હતો. એના મહિનાઓ બાદ અમેરિકા અને ઇરાનના અધિકારીઓ પહેલી વાર મળ્યા છે. પરોક્ષ વાટાઘાટો માટે અમેરિકા અને ઇરાનના વાટાઘાટકારો દોહામાં જુલાઈની શરૂઆથમાં કતારના અને પાકિસ્તાનના મધ્યસ્થીકારોને અલગ મળ્યા હતા.

મંગળવારે અમેરિકાના વિદેશપ્રધાન માર્કો રુબિયોએ કહ્યું હતું કે ટ્રમ્પ ઇરાનના પ્રમુખ મસુદ પેઝેશ્કિયનને મળવા તૈયાર છે. મસુદ હાલમાં અમેરિકામાં યુએનની સામાન્ય સભામાં ભાગ લેવા આવ્યા છે. તેમણે કહ્યું હતું કે ટ્રમ્પ કોઈને પણ મળવા તૈયાર છે કારણ કે તેઓ માને છે કે જો તમારે સમસ્યા ઉકેલવી હોય તો લોકો સાથે સંવાદ કરવો જરૂરી છે. આનો અર્થ એ નથી કે તમે એ લોકો સાથે સમંત થાઓ છો, પરંતુ સંવાદ કરવો જરૂરી છે. (એજન્સી)■

## અમે ક્યારેય ઘૂંટણિયે નહીં પડીએઃ યુએનમાં ઈરાનનો હુંકાર

સંયુક્ત રાષ્ટ્રસંઘઃ ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાને સંબોધતા બુધવારે એવો હુંકાર કર્યો હતો કે ઇરાન ક્યારે ઘૂંટણિયે નહીં પડે અને તેમનો દેશ રાજદ્વારી પ્રયાસો માટે તૈયાર પણ તે બળની ભાષા સામે નમતું નહીં જોખે.

યુનાઈટેડ નેશન્સમાં યુદ્ધ સમયના સંબોધનમાં તેમણે જણાવ્યું હતું કે, તેમના લોકો અમેરિકા દ્વારા ‘આતંકવાદ’નો ભોગ બન્યા છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈસ્લામિક રિપબ્લિકનો ‘નાશ’ કરી શકવાની જાહેરાત કર્યાના એક દિવસ બાદ પેઝેશ્કિયાને દિવંગત સર્વોચ્ચ નેતા અલી ખામેની અને યુદ્ધના પ્રથમ દિવસોમાં માર્યા ગયેલા ૧૫૦ થી વધુ શાળાના બાળકોના ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કર્યા હતા.

પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે, અમે માત્ર આપણો બચાવ કર્યો છે. અમે આતંકવાદીઓ નથી. અમારા નિર્દોષ લોકો આપણા દેશ પર લાદવામાં આવેલા કાયરતાપૂર્ણ હુમલાઓ અને આક્રમણોનો શિકાર બન્યા છે. (એજન્સી)■

## ફૂડ નિયામકની એમેઝોન, સ્વિગી, ઝેપ્ટો બિગબાસ્કેટ અને ફ્લિપકાર્ટ પર તવાઈ

નવી દિલ્હીઃ ખાદ્યપદાર્થોના નિયામક ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ આ ઑથોરિટી ઑફ ઈન્ડિયા (એફએસએસએઆઈ)એ ગેરમાર્ગે દોરનારા દાવા અને પ્રતિબંધિત પ્રોડ્ક્ટ વેચવા સહિતના નિયમોની ન બજાવણી કરવા માટે વિવિધ ઇ-કોમર્સ પ્લેટફોર્મ સામે દંડાત્મક કાર્યવાહી શરૂ કરી છે. નિયામકે સોશ્યલ મીડિયામાં લખેલી પોસ્ટમાં કહ્યું છે કે અમે ઇ-કોમર્સ પ્લેટફોર્મ જેવા કે એમેઝોન, સ્વિગી, ઈન્સ્ટામાર્ટ, બિગબાસ્કેટ, ફ્લિપકાર્ટ ઈન્ડિયા અને ઝેપ્ટો પર નિયમોના પાલન ન કરવા બદલ મોટી તવાઈ લાવી છે. આમાં ખોટી રીતે બ્રાન્ડ ઊભી કરવી, ગેરમાર્ગે દોરનારા દાવા તેમ જ પ્રતિબંધિત કે ઝેરી ખાદ્યપદાર્થોના વેચાણ કે પ્રદર્શન સહિતના નિયમના ભંગ થાય છે.

આગેવાન ઇ-કોમર્સના પ્લેટફોર્મ એમેઝોન, સ્વિગી, ઈન્સ્ટામાર્ટ, બિગબાસ્કેટ અને ફ્લિપકાર્ટ ઈન્ડિયા સામે દંડાત્મક કાર્યવાહી કરી હતી. આ પ્લેટફોર્મે ફૂડ પ્રોડ્ક્ટ ‘હેપિલો પ્રિમિયમ જેટ બાઈટ્સ-ઝેસ્ટી ઓરેન્જ’ અંગે ગેરમાર્ગે દોરતા દાવા કર્યા હતા. સ્વિગી ઈન્સ્ટામાર્ટ અને બિગબાસ્કેટના કેસમાં નિયામકે મિલ્કી મિસ્ટના અમુક ડેરી પ્રોડ્ક્ટમાં ગેરમાર્ગે દોરનારા દાવા તેમ જ ઉત્પાદકની માહિતી બતાડવાના નિયમનું પાલન ન કરવા માટે કાર્યવાહી કરી હતી. આ પ્રોડ્ક્ટ ‘મિલ્કી મિસ્ટ ફ્રેશ લો ફેટ ક્રીમ’ ‘મલ્કી ફાર્મ ફ્રએશ કર્ડ’ અને ‘મિલ્કી મિસ્ટ ગ્રીક યોગર્ટ’ છે. ■

## ઍરફૉર્સની તાકાત વધશેઃ ૮૧૧ કરોડ રૂપિયામાં સેટેલાઇટ ઍન્ટી ઍરફીલ્ડ વેપન્સ ખરીદાશે

નવી દિલ્હીઃ સંરક્ષણ મંત્રાલયે ભારતીય વાયુસેનાને ૧૬૦ સેટેલાઇટ સ્માર્ટ એન્ટી એરફીલ્ડ વેપન્સ (એસએટી-એસએએડબલ્યૂ) અને સંબંધિત પાટ્ર્સ પૂરા પાડવા માટે સરકારની સંરક્ષણ કંપની ભારત ડાયનેમિક્સ લિમિટેડ (બીડીએલ) સાથે ૮૧૧ કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ ઓર્ડર દેશમાં સંરક્ષણ ઉત્પાદનને વેગ આપવાના સરકારના પ્રયાસોનો એક ભાગ છે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, એસએટી-એસએએડબલ્યૂ એ હવામાંથી જમીન પર પ્રહાર કરતો ગ્લાઈડ બોમ્બ છે જેને જગુઆર, હોક અને સુખોઈ-૩૦ એમકેઆઈ જેવા વિમાનોમાંથી લોન્ચ કરી શકાય છે. તેમાં દુશ્મનના એરફીલ્ડ્સને લાંબા અંતરેથી બેકાર કરવાની ક્ષમતા છે. એસએટી-એસએએડબલ્યૂની ડિલિવરી ૨૦૨૭-૨૮ અને ૨૦૨૮-૨૮ વચ્ચે થશે.

મંત્રાલયે કહ્યું હતું કે, તેનો સમાવેશ થવાથી ભારતીય વાયુસેનાની કોઈ પણ અડચણ વિના કામગીરી ચાલુ રાખવાની ક્ષમતા ચોક્કસપણે વધશે અને દેશની સંરક્ષણ સજ્જતા મજબૂત થશે.

સ્વદેશમાં ડિઝાઈન કરેલ, વિકસિત અને ઉત્પાદિત’ શ્રેણી હેઠળ ભારતીય વાયુસેના માટે ૧૬૦ એસએટી-એસએએડબલ્યૂ અને સંબંધિત સાધનોની ખરીદી માટે બીડીએલ સાથેનો ૮૧૧ કરોડ રૂપિયાનો કરાર દિલ્હીમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં કરવામાં આવ્યો હતો. (એજન્સી)■

## ગૌતમ અદાણી અને તેમનો પરિવાર દેશનમાં સૌથી વધુ શ્રીમંત

### અંબાણી, મિત્તલ, પુનાવાલાનો યાદીમાં સમાવેશ

નવી દિલ્હીઃ દેશના સૌથી વધુ ધનાઢ્યની યાદીમાં ગૌતમ અદાણી અને પરિવારે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ યાદીમાં અદાણીએ મુકેશ અંબાણીને બીજા ક્રમે મૂકી દીધા હતા.

દરમિયાન દેશમાં અબજોપતિઓની સંખ્યા વધીને ૩૯૧ થઇ હતી. એમ૩એમ હુરુન ઇન્ડિયા રિચ લિસ્ટ મુજબ અદાણીની મિલકત ૧૩ ટકા વધીને રૂપિયા ૯.૨૩ લાખ કરોડ (અંદાજે ૯૬ અબજ ડૉલર) થઇ હતી.

અંબાણીની મિલકત ૧૦ ટકા ઘટીને રૂપિયા ૮.૬૩ લાખ કરોડ થઇ હતી. આ સાથે અદાણી અને અંબાણીની મિલકતનો તફાવત વધીને રૂપિયા ૫૯,૪૦૦ કરોડ થયો હતો.

લક્ષ્મી મિત્તલ અને પરિવારની મિલકત વધીને લગભગ બમણી એટલે કે રૂપિયા ૩.૩૯ લાખ કરોડ થતાં તેઓ આ દેશના શ્રીમંતોની યાદીમાં ત્રીજા સ્થાને પહોંચ્યા હતા.

રસી બનાવતી સિરમ ઇન્સ્ટિટ્યૂટના સાયરસ પુનાવાલા અને પરિવાર દેશના સૌથી વધુ શ્રીમંત લોકોની યાદીમાં ચોથા સ્થાને, તે પછી નાડાર મલ્હોત્રા, કુમાર મંગલમ્ બિરલા, સન ફાર્માસ્યૂટિકલના દિલીપ સંઘવી અને વિપ્રોના અઝીમ પ્રેમજીનો ક્રમ આવે છે.

અનિલ અગરવાલ અને પરિવાર રૂપિયા ૨.૦૮ લાખ કરોડની મિલકત સાથે નવમા ક્રમે છે, જ્યારે સમીર મહેતાની મિલકત જેબી

(જુઓ પાનું ૨) ▸▸

## અલ નિનોને લીધે પડનારી ગરમી ૧૫,૮૦૦ ભારતીયોનો ભોગ લેશે

નવી દિલ્હીઃ સુપર અલ નિનો ભારતમાં વધુ પડતી ગરમીથી થતા ૧૫,૮૦૦ મૃત્યુનું કારણ બની શકે છે વિષવવૃત્તીય પેસિફિક પર પ્રવર્તમાન ‘સુપર અલ નિનો’ સામાન્ય વર્ષની સરખામણીમાં આગામી છ મહિનામાં ભારતમાં ગરમી સંબંધિત આશરે ૧૫,૮૦૦ વધારાના મૃત્યુનું કારણ બની શકે છે, તેમ બુધવારે એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે.

શિકાગો યુનિવર્સિટીના એનર્જી પોલિસી ઇન્સ્ટિટ્યૂટના અહેવાલ મુજબ, આ હવામાન સંબંધી ઘટના આગામી મહિનાઓમાં વૈશ્વિક જમીનનું તાપમાન સામાન્ય કરતાં ૧.૨ ડિગ્રી સેલ્સિયસ ઉપર ધકેલી શકે છે, જે આબોહવા પરિવર્તન આગામી ૨૦ વર્ષમાં લાવવાની આગાહી કરે છે તેવા ઊંચા તાપમાન જેવું જ છે.

વર્લ્ડ મિટીરિયોલોજિકલ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું હતું કે જૂનમાં ઉદભવેલી અલ નિનોની સ્થિતિ આગામી મહિનાઓમાં ‘‘ખૂબ જ મજબૂત ઘટના‘‘ માં તીવ્ર બનશે અને ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી ચાલુ રહેશે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આના પરિણામે આ વર્ષે સપ્ટેમ્બર અને ફેબ્રુઆરી ૨૦૨૭ વચ્ચે વિશ્વભરમાં આશરે ૨,૩૯,૦૦૦ વધારાના મૃત્યુ થશે. (એજન્સી)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકાનો યુરોપ-મિડલ ઈસ્ટ-ઈન્ડિયા કોરિડોરનો તુક્કો નવો નથી

**કોઈ** ને કોઈ બહાને ભારતની મેથી માર્યા કરતા ડોનલ્ડ ટ્રમ્પે ‘ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર’ (IMEC)નો નવા તુક્કો વહેતો કર્યો છે. યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દરમિયાન ડોનલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું કે, ઈરાનના આધિપત્યવાળા વિસ્તારોમાંથી ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસની હેરફેરમાં વિઘ્ન ના આવે એ માટે આ કોરિડોર બનાવવો જોઈએ ને અમેરિકા તેમાં તન,મન, ધનથી મદદ કરશે.

આ કહેવાતા ‘ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર’ (IMEC)માં મિડલ ઈસ્ટ, યુરોપ અને ભારતને સીરિયાના રસ્તે ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસ માટે જોડવાની વાત છે. ભારતના (મુંદ્રા બંદરથી યુએઈના ફુજૈરાહ બંદર સુધી સમુદ્રના માર્ગે હેરફેર થાય પછી પાઇપલાઇન દ્વારા સઉદી અરેબિયા, જોર્ડન અને ઇઝરાયલ સાથે સોલર એનર્જી સંચાલિત રેલવે નેટવર્ક દ્વારા જોડાણ કરાય અને ત્યાંથી હૈફા બંદરથી જહાજો દ્વારા યુરોપના નેપલ્સ અને માર્સેલીસ સુધી ક્રૂડ અને નેચરલ ગેસ પહોંચશે. .આ કોરિડોરમાં હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz) અને સુએઝ કેનાલ-રેડ સીનો રૂટ નથી આવતો તેથી ઈરાન ક્યાંય નડશે જ નહીં.

ભૂતકાળમાં અમેરિકાએ રેલવે અને સમુદ્રમાર્ગે પશ્ચિમ એશિયા તથા દક્ષિણ એશિયાને જોડવાનો તુક્કો પણ વહેતો કરેલો. ચીનની વધતી દાદાગીરી અને બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ દ્વારા દક્ષિણ એશિયામાં પગપેસારાનો જવાબ આપવા માટે આ પ્રોજેક્ટ વિચારાયેલો. આ વિચાર મૂળ તો ઈઝરાયલનો હતો ને અમેરિકાને ગમી જતાં ભારત, ઈઝરાયલ, યુએઈ અને અમેરિકાએ મળીને આઈ2યુ2 ગ્રુપ બનાવ્યું હતું. સંયુક્ત સાહસો ઉપરાંત જળ, ઊર્જા, ટ્રાન્સપોર્ટેશન, સ્પેસ, હેલ્થ અને ફૂડ સિક્યુરિટીમાં પહેલ માટેના ગ્રુપનું નામ ઈન્ડિયા અને ઈઝરાયલના બે ‘આઈ’ અને યુએસ તથા યુએઈના બે ‘યુ’ પરથી આઈ2યુ2 રખાયું છે.

ઓક્ટોબર, ૨૦૨૧માં સ્થપાયેલા આ ગ્રુપે ૨૦૨૨ના જુલાઈમાં પોતાનું પહેલું સંયુક્ત નિવેદન બહાર પાડ્યું તેમાં પહેલી વાર આ વાત કરાઈ પછી ૨૦૨૩માં લગભગ ત્રણેક વર્ષ પહેલાં જો બાઇડન પ્રમુખ હતા ત્યારે અમેરિકાએ ભારત, સઉદી અરેબિયા અને યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ)ને સાથે લઈને માલસામાનની હેરફેર માટે વિકસાવવા આ પ્રોજેક્ટ હાથ ધરવાનો વિચાર વહેતો મૂકેલો. આ પ્રોજેક્ટમાં ગલ્ફના પાંચ દેશોને રેલવે મારફતે આવરી લીધા પછી સમુદ્રમાર્ગે કાર્ગો શિપ્સના માધ્યમથી ભારત પહોંચવું ને છેલ્લે ભારતના રેલવે નેટવર્ક સાથે જોડાણ કરવાની યોજના હતી.

અમેરિકાની ટેકનોલોજી, યુએઈ અને સઉદી અરેબિયાનાં નાણાં તથા ભારતની રેલવે નેટવર્ક ઊભું કરવાની ક્ષમતાનો ઉપયોગ કરીને કુવૈતથી સઉદી અરેબિયા, કતાર, યુએઈ અને છેલ્લે ઓમાન સુધી પહોંચતી રેલવે લાઈન નાખવાની યોજના હતી. ઓમાનના દુક્મ બંદરે રેલવે લાઈન સમાપ્ત થાય પછી સમુદ્ર માર્ગે ભારત સાથે જોડાવાની યોજના અમેરિકાએ રજૂ કરેલી.

આપણે ત્યાં આવું કોઈ ગતકડું હાથ લાગે એટલે લોકો અતિ ઉત્સાહમાં આવી જતા હોય છે. અમેરિકાના તુક્કાને પગલે પણ એક વર્ગ અતિ ઉત્સાહમાં આવી ગયેલો ને હવે મોદી સાહેબ ભારત અને ઓમાન વચ્ચે અંડરસી ટ્રેઈન શરૂ કરીને ઈતિહાસ રચશે એવું કહીને તેમનાં ઓવારણાં લેવા માંડેલાં. દુનિયામાં અત્યારે સમુદ્રની અંદર એટલે કે અંડરસી ટ્રેન જાપાન અને યુકે-ફ્રાન્સ એમ બે જગાએ જ ટ્રેન દોડે છે પણ તેમની લંબાઈ બહુ ઓછી છે. ઉત્તર જાપાનમાં રેલવે ટ્રેક સાથેની સેઈકાન ટનલ ૫૪ કિલોમીટરની છે ને તેમાંથી ૨૩ કિલોમીટર રસ્તો દરિયાની અંદર છે. યુકે અને ફ્રાન્સ વચ્ચેની ૫૦ કિલોમીટર લાંબી ચેનલ ટનલમાંથી ૩૮ કિલોમીટરનો ટ્રેક દરિયાની અંદર છે.

ભારત અને ઓમાન વચ્ચે સૌથી ટૂંકો દરિયાઈ માર્ગ ઓમાનના સોહર બંદરથી ગુજરાતના મુંદ્રા બંદર વચ્ચે ૭૩૯ નોટિકલ માઈલ્સ એટલે કે ૧૩૬૮ કિલોમીટર છે. આટલો લાંબો અંડરસી રેલવે ટ્રેક બનાવવો એ નાનીમાના ખેલ નથી તેથી એક્સપર્ટ્સ તો તેને એ વખતે જ હવાઈ તુક્કો ગણાવતા હતા પણ જેને વાહવાહી કરવી છે તેને ક્યાં લોજિકની ચિંતા કરવાની છે? પરિણામે થોડો સમય જયજયકાર કરી દેવાયો ને પછી બધું હવાઈ ગયું.

અમેરિકાએ એ વખતે પણ એવો તુક્કો વહેતો કરેલો જ કે, ભવિષ્યમાં આ નેટવર્કનો વિસ્તાર કરીને આખા લેવાન્ટ પ્રદેશને આવરી લેવાશે કે જેથી ચીનને યુરોપમાં ઘૂસતું રોકી શકાય. સઉદી અરેબિયા સહિતના આરબ દેશો મિડલ ઈસ્ટ કહેવાય છે જ્યારે એ સિવાયના પશ્ચિમ એશિયાની આસપાસના વિસ્તારને લેવાન્ટ કહેવાય છે.

ઈઝરાયલ, સાયપ્રસ, તુર્કી, જોર્ડન, લેબેનોન, પેલેસ્ટાઈન, સીરિયા, લિબિયા, ઈજિપ્ત, ગ્રીસ, ઈરાક વગેરે દેશોનો બનેલો વિસ્તાર લેવાન્ટ રિજિયન ગણાય છે. અમેરિકાએ એ વખતે જ લેવાન્ટમાં યોજનાનો વિસ્તાર કરવાની ઈચ્છા વ્યક્ત કરી જ દીધેલી તેથી આ કોરિડોર અમેરિકાના એ તુક્કાનું નવું સ્વરૂપ છે. ફરક એટલો છે કે, એ વખતે અમેરિકાને ચીનના વધતા પ્રભાવની ચિંતા હતી ને અત્યારે ઈરાનની ફિકર છે.

આ પ્રકારનો કોઈ પણ પ્રોજેક્ટ સૈદ્ધાંતિક રીતે ભારતના ફાયદામાં જ હોય કેમ કે યુરોપ અને આરબ દેશો સાથે ભારતનો સીધો વ્યવહાર થઈ જાય તેનાથી રૂડું શું? અત્યારે ભારત અને મિડલ ઈસ્ટ વચ્ચે સીધી કનેક્ટિવિટી નથી. પાકિસ્તાન પોતાની એર સ્પેસનો ઉપયોગ કરવા દેતું નથી તેથી ભારતે ફરીને જવું પડે છે. ભારત ક્રૂડ ઓઈલ માટે મિડલ ઈસ્ટના દેશો પર નિર્ભર છે પણ પાકિસ્તાનની આડોડાઈના કારણે ફરીને જવું પડે છે તેથી ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધારે આવે છે એ બચી જાય. યુરોપ અને મિડલ ઈસ્ટનો ભારત સાથે સીધો સંપર્ક થવાથી વ્યાપારની તકો પણ વધે.

મિડલ ઈસ્ટમાં ભારતના કરોડો લોકો રહે છે. યુએઈ સહિતના દેશોમાં રહેનારા ભારતીયોની સંખ્યા એક કરોડની આસપાસ હોવાનું કહેવાય છે ને મોટા પ્રમાણમાં ભારતીયો રહે છે તેથી વ્યાપાર માટેનું પ્લેટફોર્મ તો તૈયાર જ છે પણ ભારતનો માલ સસ્તો નથી પડતો તેથી વ્યાપાર વધતો નથી. ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઘટવાથી ભારતનો માલ સસ્તો પડે તો મિડલ ઈસ્ટના દેશો ભારત પાસેથી વધારે માલ લેતા થાય તેથી નિકાસ વધે.

આ બધાં કારણોસર કાગળ પર આ પ્રોજેક્ટ સારો લાગે પણ મુખ્ય અવરોધ સઉદી અરેબિયા છે. સઉદી અરેબિયા, તુર્કીયે અને પાકિસ્તાને મક્કા કરાર દ્વારા બનાવેલું ત્રેખડ ભારતનાં હિતોની વિરુદ્ધ છે. પાકિસ્તાનનાં હિતો તેમના માટે સર્વોપરિ છે એ જોતાં સઉદી જોડાય કે કેમ એ અંગે શંકા છે. સીરિયાના રસ્તે હેરફેરની વાત છે પણ સીરિયા આતંકવાદીઓનો અડ્ડો છે તેથી સલામતી કેટલી એ સવાલ છે.

બીજું એ કે, અમેરિકાના દુશ્મનો પણ સમયાંતરે બદલાયા કરે છે ને દુશ્મનો બદલાય એમ તેને નવા નવા તુક્કા સૂઝે છે તેથી અમેરિકા પણ ભરોસાપાત્ર નથી.

ટ્રમ્પને અત્યારે ઈરાનની મેથી મારવામાં રસ છે તેથી આ સણકો ઊપડ્યો છે પણ કાલે ઈરાન સાથે સમાધાન થઈ જાય તો અમેરિકા બધું અભરાઈ પર પણ ચડાવી દે. આ સંજોગોમાં ટ્રમ્પ હઈસો હઈસો કરે તેમાં હરખાઈ જવા જેવું નથી. બધા રાજીપો બતાવે તો આપણે પણ રાજી થઈ જવાનું ને પછી બધું ભૂલી જવાનું. આ હવાઈ તુક્કા વાસ્તવિકતામાં પરિણમે ત્યારે ખરું. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, ગુરુવાર, તા. ૨૪-૯-૨૦૨૬, પ્રદોષ

- ભારતીય દિનાંક ૨, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૩મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર ઘનિષ્ઠા સવારે ક. ૧૦-૩૪ સુધી, પછી શતભિષા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૩, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સવારે ક. ૧૦-૩૯, રાત્રે ક. ૨૨-૫૦
- ઓટઃ સાંજે ક. ૧૬-૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૪૭ (તા. ૨૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - ત્રયોદશી. પ્રદોષ, ગોત્રીરાત્રિ પ્રતારંભ, પંચક, ફતીહા યાજમ (મુસ્લિમ)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ પ્રદોષ વ્રત ઉપવાસ, શિવપાર્વતી પૂજા, સાયંકાળે શિવમંદિરમાં દીપદાનનો મહિમા, સંધ્યા આરતી, ભજન, કીર્તન, રાત્રિ જાગરણ, શિવભક્તિ સહિત, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, મંગળ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, વસુદેવતા, વરુણદેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, કદંબનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, રાજ્યાભિષેક, પાટઅભિષેક પૂજા, બગીચો બનાવવો, શિવમંદિરમાં ધજા-કળશ પતાકા ચઢાવવી, પર્વ નિમિત્તે નવા વસ્રો, આભૂષણ. દેવદર્શન, અન્નપ્રાશન, નામકરણ, નવી નોકરી, દુકાન-વેપાર, રત્ન ધારણ, વૃક્ષ વાવવા, વાહનસવારી, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું. પશું લે-વેંચ.
- શ્રી ગણેશ મહિમાઃ શ્રી ગણેશજીની આકૃતિ જીવતત્ત્વ અને ઈશ્વરતત્ત્વના પ્રેરણાસ્રોત છે. શ્રી ગણેશ જ્ઞાન, બુદ્ધિ, ધીરજ સ્થિર પ્રકૃતિનું સૂચન કરે છે. જ્ઞાનીઓ માટે વધુ ને વધુ જ્ઞાન અને ભક્તિ દ્વારા ઈશ્વર તરફના પ્રયાણને જાળવી રાખવા શ્રી ગણેશભક્તિ અનિવાર્ય છે.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ પ્રવાસમાં સાવધાની જરૂરી, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાનો શોખ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે. મંગળ પુષ્ય પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# અલ્લાહના બેમિસાલ સર્જનોઃ ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય

**ઘણા** લોકોનું એવું માનવું છે કે ધર્મ અને વિજ્ઞાન વચ્ચે કોઈ મેળ નથી અને તેથી જ કેટલાક ધર્મિષ્ઠ લોકો વિજ્ઞાનમાં રસ લેતા નથી, ઊલટું વિજ્ઞાનની પ્રગતિને વખોડી કાઢે છે. ખરી રીતે તો જગતમાં જે ચીજો છે, પછી ભલે ધરતીના પેટાળમાં હોય કે પછી ઊંચે આકાશમાં હોય, તેની શોધખોળ કરવી અને એમાંથી લોકહિતની સામગ્રી સંપાદન કરવી એજ સાચું વિજ્ઞાન છે. ‘અલ્લાહની કુદરતમાં એક કલાક ચિંતન-મનન કરવું એક વર્ષની ઇબાદત કરતા ઉત્તમ છે.’ આ હદીસને નજરમાં રાખી અલ્લાહના સર્જન વિષે વિચાર કરીએ.

કુરઆને મજીદમાં ખુદાતઆલાએ સૂરજ અને ચાંદ વિષે ફરમાવ્યું છે કે - ‘સૂરજની એ મજાલ નથી કે એ પોતે ચાંદને પકડી શકે અને રાતની એ તાકાત નથી કે એ દિવસથી આગળ વધી જાય.’ બીજી બાજુ ખુદાએ ફરમાવ્યું છે કે- ‘અમે તારાઓને એટલા માટે પેદા કર્યા કે અંધારામાં તમે ભટકી ન જાઓ, બલકે એ તારાઓ પાસેથી તમે હિદાયત હાંસલ કરી શકો.’

આપણે સહુથી પહેલા તો અલ્લાહે ઉત્પન્ન કરેલી આ પૃથ્વી પરની નાનામાં નાની વસ્તુને લઈએ અને તે છે પૃથ્વી પરના સૂક્ષ્મ બારીક કણો. એમાંના કેટલાક કણોને વૈજ્ઞાનિક ભાષામાં એટમ અથવા પરમાણુ કહેવામાં આવે છે. એ પરમાણુ કણ એટલા બધા નાના હોય છે કે નરી આંખે જોઈ શકાતા નથી. તેને જોવા માટે નાના કણને હઝાર ગણું મોટું દેખાડી શકે એવા શક્તિશાળી માઇક્રોસ્કોપની જરૂર પડે છે. હવે એ જોઈએ કે અલ્લાહે બનાવેલા આ નાના કણ અંદરથી કેવા છે? આ કણ (પરમાણુ) આટલા બધા ઝીણા હોવા છતાં એની અંદર ખાલી જગ્યા છે એટલે કે એ પોલા છે, નક્કર નથી. આમ અલ્લાહે પેદા કરેલા નાનામાં નાના કણોને પણ આજનો આગળ વધેલો ઈન્સાન પૂરું જાણી શકયો નથી.

આસમાનના અબજો સિતારાઓ તથા આપણી દુનિયામાંથી નજરે જોઈ શકાતા સૂરજ - ચાંદ - તારા વગેરે વિષે વિચાર કરીએ ત્યારે અલ્લાહની ભવ્ય, અદ્ભુત અને જબરજસ્ત કુશળતાની આપણને ઝાંખી થાય. આકાશમાં દેખાતા નઝારા અલ્લાહે ખલ્ક કર્યા છે. પહેલા આપણું વિશ્વ જેમાં આપણે વસીએ છીએ તે કેટલું મોટું છે એ જાણીએ. પૃથ્વીની સહુથી નજીકનો તારો આલ્ફા સેન્ટાઉન્ટી છે, ત્યાં સેકંડે એક લાખ છીયાસી હજાર માઇલની ગતિથી જતા અવકાશયાનમાં જઈએ તો પૂરા ત્રણ વર્ષ - ત્રણ મહિના અને અઢાર દિવસ લાગે. આ જ ઝડપે આપણી આકાશગંગાના એક છેડેથી બીજા છેડે જઈને પાછા આવતા દોઢ લાખ વર્ષ લાગે. વળી રાત્રિના આપણે જે તારાઓ જોઈએ છીએ તે તથા આપણી આ પૃથ્વી, સૂરજ, ચંદ્ર વિગેરે મળીને ૨૦૦ અબજ તારાઓ ધરાવતું વિશ્વ એક જ નથી. એવા વધુ તારાઓ ધરાવતા બીજા વિશ્વો પર અલ્લાહે આ આકાશમાં ગોઠવેલા છે.

એટલું જ નહીં પણ આવા જબરદસ્ત તારા વિશ્વો એકબીજાથી ઓછામાં ઓછા ૨૦ લાખ પ્રકાશ વર્ષ દૂર છે. એક પ્રકાશ વર્ષ (એટલે કે પ્રકાશના વેગથી કાઢેલું અંતરનું માપ) કે જે પ્રકાશ દર સેકન્ડે લગભગ ત્રણ લાખ કિલોમીટરના વેગથી જાય છે. એક વર્ષ સુધી પ્રકાશ આ ગતિથી જાય ને જેટલું અંતર કાપે તે અંતરને ‘પ્રકાશ વર્ષનું અંતર’ કહે છે. હેવ આવા ૨૦ લાખ પ્રકાશ વર્ષના માઉલોનો હિસાબ કાઢવો હોય તો ક્યાંથી નીકળી શકે? આપણા નાચીઝ ઈન્શાનના ગણિતશાસ્ત્રમાં એટલા આંકડા જ નથી. આમ અલ્લાહની બનાવેલી નાની તેમ જ મોટી સૃષ્ટિની કલ્પના અને સમજ ઈન્શાનના ગજમાં પૂરેપૂરી ઊતરતી નથી. આપણા મગજની શક્તિ ઘણી જ મર્યાદિત છે, તો પછી આ જબરદસ્ત સૃષ્ટિના માલિક વિષે પૂરેપૂરું ક્યાંથી જાણી શકાય? એટલે જ હદીસોમાં કહ્યું છે કે - ‘અલ્લાહની જાતમાં વિચાર ન કરો પણ ફક્ત એની કુદરતમાં વિચાર કરો.’

આજે ઈન્સાને ચાંદ પર જવા જેટલી વિશાળ પ્રગતિ કરી છે, પણ અલ્લાહે રચેલી આ જબરદસ્ત સૃષ્ટિને ધ્યાનમાં લઈને વિચારીએ તો, આપણી પૃથ્વી પર જેટલા સમુદ્રો છે અને એના કિનારા પર જેટલી રેતી છે તે રેતીના એક કણ પરથી બીજા કણ પર એક કીડી જાય ને જેટલી પ્રગતિ કીડીએ કરી ગણાય એટલી જ પ્રગતિ ઈન્સાને ચાંદ ઉપર જઈને કરી ગણાય. જગતના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઇન પણ કહી ગયા છે કે - ‘અલ્લાહની ખલ્કત (સૃષ્ટિ)નું જે જ્ઞાન આજે દુનિયા પાસે છે તે જ્ઞાન જગતના સઘળા સમુદ્રના કિનારાની રેતીના એક કણ જેટલું જ છે.’ તદ્ઉપરાંત આ જબરદસ્ત આસમાન કે જેની ઈન્તેહા (સીમા) જેનો અંત પણ હજી ઈન્સાનને માલુમ પડી શકેલ નથી અને અલ્લાહે રચેલા કરોડો તારા વિશ્વો અને તે ઉપરાંતની બીજી રચનાઓ શું શું છે એ તો હજુ પામર મનુષ્ય જાણી તો શું કલ્પી પણ શકતો નથી.

અબજો તારાઓ ધરાવતા બીજા કરોડો વિશ્વો હોવા છતાં અલ્લાહે બનાવેલા આ અનંત આસમાનમાં મોટા ભાગની જગ્યા ખાલી છે. આ અલ્લાહની મહાનતા નથી તો બીજું શું છે?

માણસ કુદરત પાસેથી ઘણું શીખ્યો છે. તેના દરેક સર્જનની પ્રતિકૃતિ બનાવવાની કોશીશ કરે છે. છતાં માણસની બનાવેલી વસ્તુઓ, કુદરતી સર્જન કરતા અપૂર્ણ છે. પક્ષીઓ કેમ ઊડે છે, કેવી રીતે ઊડે છે તેનો અભ્યાસ કરીને માણસે વિમાન બનાવ્યું. ગુંજન પક્ષી હવામાં સ્થિર કઈ રીતે રહી શકે છે તેનો અભ્યાસ કરીને હેલિકૉપ્ટર બનાવ્યા. ગીધ, ગરુડ વગેરે પક્ષીઓનો અભ્યાસ કરીને ગ્લાઈડર એટલે કે એન્જિન વગરના ગ્લાઇડર વિમાન બનાવ્યા. પક્ષી જ્યારે પાંખો પ્રસારીન ઊડતું હોય ત્યારે ડાબેથી જમણે વળતા, ઊંચું નીચું થતું હોય ત્યારે પાંખને છેડે એકબીજાથી છૂટાં લાંબા પીછા હોય છે, જે વડે એ સમતુલન જાળવી રાખી શકે છે. વિમાની યુગના પ્રારંભમાં આ હકીકતની ઉપેક્ષા થઈ, જ્યારે કોઈ ભૂલ રહી જતી ત્યારે વિમાન અકસ્માતનો ભોગ બનતું. સુરખાબ, મોટા બગલા, સારસ વગેરે મોટા અને ભારે પંખી ઊડવા માટે પહેલા પાંખો પ્રસારીને દોડે છે જેથી હવા ઉપર આખું શરીર ઉપડી આવે. માણસે તે જોઈને પદાર્થપાઠ લીધો કે વિમાન પવન સામે દોડે તો પાંખોની નીચે હવાનું દબાણ ઉત્પન્ન થાય છે જેથી વિમાન ઊંચકાઈ આવે છે. જમીન પરથી સહેલાઇથી ઊડી શકે છે.

આ યોજનાપૂર્વક રચાયેલી સૃષ્ટિ અને એના પરના આસમાન વિગેરે પર શુદ્ધ બુદ્ધિથી વિચાર કરીએ તો છેવટે તો અલ્લાહ જ મહાન છે. આ તમામ જહાનનો સર્જનહાર સૃષ્ટિની દરેક પેદાયશને યોજનાપૂર્વક વ્યવસ્થિત રાખનાર અલ્લાહ જ મહાન છે. બાકી બધું તુચ્છ છે એની પ્રતિત થતા જ અલ્લાહની માઅરેફત વધતી જાય અને આપણી મગરૂરીઓ ઓગળી જાય અને તેથી જ અલ્લાહને અનુસરવા માટેની જે રીત ઈસ્લામે સૂચવી છે તેમાં ઈન્શાન મુખેથી અલ્લાહની શ્રેષ્ઠતા ઉચ્ચારતો પોતાનું મસ્તક જમીન પર ઢાળી દેતો હોય છે. સજદો કરતો હોય છે. નમાજ પઢતો હોય છે. આવી ઉત્તમ અને યોગ્ય રીતે અલ્લાહની ઈબાદત કરવાની શીખ ફક્ત ઈસ્લામ આપે છે.

આજથી ૧૩૦૦-૧૪૦૦ વર્ષ પહેલા પયગંબર સાહેબનું આસમાન પર મેઅરાજ થઈ જ ચૂકયું છે અને ખુદાતઆલાએ પણ એ વાતની યાદ અપાવતું વર્ણન કુરઆને મજીદમાં વિસ્તારથી ફરમાવ્યું છે કે ‘અમો રસૂલે ખુદાને મસ્જિદે હરમથી મસ્જિદે અકસામાં લાવ્યા અને ત્યાર પછી ‘બુરાક’ પર સવાર કરીને આપનું મેઅરાજ કીધું.

આ બધી વાતોનું તાત્પર્ય એટલું જ કે ધર્મ અને વિજ્ઞાનને છૂટા ન પાડી શકાય, જ્યાં સુધી માનવીની શ્રદ્ધા ધર્મમાં છે ત્યાં સુધી માનવી દરેક ક્ષેત્રે પ્રગતિ સાધી શકશે, પરંતુ જ્યારે માવી ધર્મમાંથી શ્રદ્ધા અને વિશ્વાસ ગુમાવી દેશે ત્યારે વિજ્ઞાન નકામું હથિયાર બની જશે એમાં શંકાને કોઈ જ સ્થાન નથી. જગતકર્તાના ભેદ એ પોતે જ જાણે છે.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

હઝરત અલી સાહેબ કહે છે કે,

*મનુષ્ય જીવતા જીવતો નિંદ્રાધિન છે, પણ મરશે ત્યારે જાગશે.

સૌથી વધુ દયા પાત્ર તે માનવી છે જે વિદ્વાન હોય અને તોય અજ્ઞાનીની આજ્ઞા હેઠળ રહેવું પડે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ‘સર’ સામે

તેણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચૂંટણી પંચના કોઇ પણ મુસદ્દાના સંબંધમાં દરેક અધિકારી મતદારોના અધિકારના રક્ષણ માટે પોતાના સૂચન આપી શકે છે. ચૂંટણી પંચના કમિશનર્સ દ્વારા કરાતા સંબંધિત સૂચન ચૂંટણી પ્રક્રિયા વધુ સારી બનાવવા માટે જ હોય છે. બે ચૂંટણી કમિશનર - સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશીએ મતદારયાદી સુધારણા પ્રકિયા દરમિયાન વિવિધ મતદારના યાદીમાંથી કાઢવામાં આવેલાં નામ સહિતના વિવિધ મુદ્દે વાંધો ઉઠાવ્યો હોવાના એક અખબારના અહેવાલને પગલે ચૂંટણી પંચે આ નિવેદન બહાર પાડ્યું હતું. (એજન્સી)■

### ‘સર’ ભસ્માસુર

અનેક મતદારના યાદીમાંથી કાઢવામાં આવેલા નામ સહિતના વિવિધ મુદ્દે વાંધો ઉઠાવ્યો હોવાના એક અખબારના અહેવાલના સંબંધમાં પ્રતિભાવ આપતા બે ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનરે આ નિવેદન કર્યા હતા.

સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશીએ એવો આક્ષેપ કર્યો હોવાનું કહેવાય છે કે સ્પેશલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) દરમિયાન મતદારની નોંધણી માટેના ફૉર્મ-૬ માંના ફેરફાર અને મતદારયાદીના ડેટાબૅઝ પરના કેન્દ્રીય અંકુશ સહિતના નિર્ણય અમારી જાણ બહાર લેવાયા હતા.

એક અખબારી અહેવાલ મુજબ બે ચૂંટણી કમિશનરે છેલ્લાં ૧૦ મહિના દરમિયાન (મતદારયાદી સુધારણા સહિતની પ્રક્રિયા સામે) ઓછામાં ઓછા ૧૪ વાંધા ઉઠાવ્યા હતા. દેશના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે ૨૦૧૮માં ફરજ બજાવનારા ઓ. પી. રાવતે જણાવ્યું હતું કે હાલની સંબંધિત પરિસ્થિતિ કમનસીબ ગણાય. ચૂંટણી પંચમાં આવું ભાગ્યે જ થાય છે. હું પણ દેશનો મુખ્ય ચૂંટણી કમિશનર હતો, પરંતુ અમે બધા નિર્ણય સર્વાનુમતે જ લેતા હતા. તેમણે જણાવ્યું હતું કે સર દ્વારા મતદારના મનમાં ‘ભસ્માસુર’ જેવા રાક્ષસે ફેલાવેલો ડર જોવા મળે છે. આ સારી બાબત ન ગણાય. (એજન્સી)■

### મહારાષ્ટ્ર, બંગાળ

હતી. બીજી તરફ, શાસક પક્ષ ભાજપે જણાવ્યું હતું કે સત્તાવાર ચર્ચાઓમાં ચૂંટણી કમિશનરો દ્વારા અલગ-અલગ મંતવ્યો રજૂ કરવાથી એ સાબિત થાય છે કે ચૂંટણી પંચ લોકશાહી પદ્ધતિથી કામ કરી રહ્યું છે અને તે વિપક્ષોના સરમુખત્યારશાહી હોવાના આરોપોને ખોટા સાબિત કરે છે.

એક રાષ્ટ્રીય દૈનિક્ના અહેવાલ મુજબ, બે ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ મતદાર યાદીના ‘સર’ અંતર્ગત મતદારોનાં નામ છેકવા સામે વાંધા ઉઠાવ્યા હતા અને છેલ્લા કેટલાક મહિનાઓમાં ૧૪ વખત નિર્ણય લેવાની પ્રક્રિયા સામે અસંમતિ દર્શાવી હતી.

શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે માગ કરી હતી કે સીઇસી જ્ઞાનેશ કુમારને જેલમાં મોકલવા જોઈએ અને તરત જ તેમના પદ પરથી હટાવવા જોઈએ. ટીએમસી (મમતા જૂથ)ના સાંસદ ડેરેક ઓ’બ્રાયને એવી માગણી કરી હતી કે, લોકશાહીને બચાવવા માટે સીઈસી સામે ઇમ્પીચમેન્ટની પ્રક્રિયા ચલાવો. ભાજપ મુખ્યાલય ખાતે પ્રેસ કોન્ફરન્સને સંબોધતા પાર્ટીના પ્રવક્તા સમ્બિત પાત્રાએ જણાવ્યું હતું કે, મીડિયા અહેવાલો કે જેમાં ચૂંટણી કમિશનરોએ સત્તાવાર ચર્ચાઓમાં અલગ-અલગ મંતવ્યો વ્યક્ત કર્યા હોવાનું જણાવ્યું છે, તે શુદ્ધ લોકશાહીનું પ્રતિબિંબ છે. ઉદ્ધવ ઠાકરેએ માગ કરી કે સીઇસી જ્ઞાનેશ કુમારને જેલમાં મોકલવામાં આવે અને મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં છેલ્લી ચૂંટણીઓ રદ કરીને બેલેટ પેપરનો ઉપયોગ કરીને આ રાજ્યોમાં ફરીથી ચૂંટણી યોજવામાં આવે. કેજરીવાલે પણ માગ કરી કે સમગ્ર ‘સર’ પ્રક્રિયા રદ કરવામાં આવે અને સીઇસી જ્ઞાનેશ કુમારની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે, કારણ કે તેઓ ચૂંટણી પંચ પોતાની રીતે ચલાવી રહ્યા હતા, જેના કારણે સમગ્ર દેશમાં હાથ ધરાયેલી ‘સર’ પ્રક્રિયા ‘ગેરકાયદે’ બની ગઈ છે.(એજન્સી)■

### કાયદાને પડકારતી

જોઇએ. આમ છતાં, સંબંધિત કાયદામાં આ સમિતિમાંથી દેશના મુખ્ય ન્યાયાધીશને બાકાત રાખવાની જોગવાઇ છે. કેન્દ્રે હાલમાં ચાલી રહેલા કેસના સંબંધમાં દલીલ કરી હતી કે આ અરજીઓમાં બંધારણીય દૃષ્ટિએ મહત્ત્વનો મુદ્દો ઉઠાવાયો હોવાથી તેને પાંચ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચ સમક્ષ મોકલવો જોઇએ. બે ન્યાયાધીશની બૅન્ચના વડા ન્યાયાધીશ દત્તાએ કેન્દ્રની આ દલીલનો અસ્વીકાર કર્યો હતો, જ્યારે બૅન્ચના અન્ય ન્યાયાધીશ સતીશચંદ્ર શર્મા ન્યાયાધીશ દત્તાના મંતવ્યની સાથે અસહમત હતા. (એજન્સી)■

### ભારતના મિડલ

રહ્યા છે. ભારતનો કોરિડોર ભારતના મુદ્રા બંદરને સંયુક્ત આરબ અમિરાતના ફુજૈરા બંદર સાથે સમુદ્રમાર્ગે જોડશે. ત્યાર બાદ તે પાઈપલાઈન વડે સઉદી અરેબિયા, જોર્ડન અને ઈઝરાયલને સૌર શક્તિથી ચાલતી રેલ નેટવર્ક વડે જોડશે. પછી તે હાઈફા બંદર વાટે યુરોપના નેપલ્સ (ઈટલી) અને માર્સેલ્સ (ફ્રાન્સ)ને જહાજો વડે જોડશે. આમાં સૌથી મહત્ત્વનું પાસું એ છે કે ભારતના કોરિડોરમાં હોર્મુઝ સામુદ્રધુની અને સુએઝ નહેરવાળા રાતા સમુદ્રના રૂટનો સમાવેશ થતો નથી. જોકે આની ચાવી સઉદી અરેબિયા પાસે છે. પ્રમુખ ટ્રમ્પે સઉદી અબ્રાહમ સંધીમાં સહી કરે તો એના બદલામાં રિયાધને નાગરિક અણુ કરાર અને ૨૪ અબજ અમેરિકન ડૉલરના એફ-૩૫ વેચવાની ઓફર આપી છે. ■

### ગૌતમ અદાણી

કેમિકલ્સના વિલીનીકરણ બાદ બાવન ટકા વધી જતાં તેમણે આ યાદીમાં દસમું સ્થાન મેળવ્યું હતું. ભારતમાં ઓછામાં ઓછી રૂપિયા ૧,૦૦૦ કરોડ કે તેનાથી વધુ મિલકત ધરાવતા લોકોની સંખ્યા વધીને ૧,૮૧૦ થઇ હતી. આ આંકડો ગયા વર્ષની સરખામણીમાં ૧૨૮ વધુ છે. તેઓની કુલ મિલકત ૧૨.૮ ટકા વધીને રૂપિયા ૧૮૭.૫ લાખ કરોડ એટલે કે અંદાજે ૧.૯૬ ટ્રિલ્યન ડૉલર થઇ હતી. (એજન્સી)■

### આ રવિવારે

સપ્ટેમ્બરના રોજ શનિવાર અને રવિવારની રજાઓને ધ્યાનમાં રાખીને સરકારે ગ્રાહકોને બૅંકિંગ સેવાઓ પૂરી પાડવા માટે આ સક્રિયા પગલું લીધું છે.

નિવેદનમાં જણાવાયું છે કે લોકોની બૅંકિંગ જરૂરિયાતો લાંબા સમય સુધી પ્રભાવિત ન થાય તેની ખાતરી કરવા માટે તમામ જાહેર ક્ષેત્રની બૅંકો અને પ્રાદેશિક ગ્રામીણ બૅંકો ૨૭ સપ્ટેમ્બરને રવિવારના રોજ સામાન્ય રીતે કાર્ય કરશે. ભારતીય રિઝર્વ બૅંકે તમામ બૅંક શાખાઓ, ઓફિસો, એટીએમ સાથે જોડાયેલી શાખાઓ અને કરન્સી ચેસ્ટને ૨૭ સપ્ટેમ્બરે સંપૂર્ણ રીતે કાર્યરત રાખવાની પરવાનગી આપી દીધી છે. નાણા મંત્રાલય હેઠળ આવતા નાણાકીય સેવા વિભાગે જણાવ્યું કે બૅંક ગ્રાહકોની સુવિધા અને કલ્યાણ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સરકાર અને બૅંક મેનેજમેન્ટે બૅંક કર્મચારી યુનિયનોને પ્રસ્તાવિત હડતાળ ટાળવાની અપીલ કરી છે. તેમજ જરૂરી બૅંકિંગ સેવાઓમાં ખલેલ ન પહોંચે તે માટે પગલાં લેવામાં આવ્યા છે. ■

### ઑઇલ કંપનીઓને

(પડતર કિંમત અને વેચાણ કિંમત વચ્ચેનો તફાવત) આશરે ૩૦૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર છે. આ સ્તરો પર તેલ માર્કેટિંગ કંપનીઓને દરરોજ ૫૩૦ કરોડ રૂપિયાનું નુકસાન થવાનો અંદાજ છે. પશ્ચિમ એશિયામાં વધતા ભૌગોલિક-રાજકીય તણાવ અને પુરવઠામાં અવરોધોને કારણે તાજેતરના અઠવાડિયામાં ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર વધારો થયો છે. આ વધારો અમેરિકા-ઇરાન વચ્ચેના સંઘર્ષ, સઉદી અરેબિયાની ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન બંધ થવા અને રેડ સીમાં હૂતી વિદ્રોહીઓની વધતી ગતિવિધિઓને કારણે થયો છે. ■


## તપસ્વીઓની અનુમોદના


અંજના ગાલા
(નવ ઉપવાસ)


ભાવિ
(દસ ઉપવાસ)


કુમાર વીર
(નવ ઉપવાસ)


કુમારી હિયા
(આઠ ઉપવાસ)


જિમીશ
(આઠ ઉપવાસ)


હેત્વી પ્રતીક શાહ
(આઠ ઉપવાસ)

# કોલાબામાં ઈમારતની ભીંત સાથે મોટરસાઈકલ ટકરાતાં બે ભાઈનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોલાબા વિસ્તારમાં ઇમારતની ભીંત સાથે મોટરસાઇકલ ટકરાતાં ૨૨ વર્ષના યુવક અને તેના પંદર વર્ષના ભાઇનાં મોત થયાં હતાં.

પોલીસના જણાવ્યા અનુસાર કોલાબામાં નાનુભાઇ મુસા માર્ગ પર બુધવારે વહેલી સવારે ૪.૪૫થી ૫.૦૦ વાગ્યા દરમિયાન આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા બંને ભાઇની ઓળખ સુમિત સતવાન વાલ્મીકિ (૨૨) અને સંજુ સતવાન વાલ્મીકિ (૧૫) તરીકે થઇ હતી. બંને જણ કફ પરેડ વિસ્તારમાં ગણેશમૂર્તિનગરમાં ગલી નંબર-૧૭ની રૂમ નંબર-૫૯૯માં રહેતા હતા અને ઉત્તર પ્રદેશના બદાયુ જિલ્લાના વતની હતા. સુમિત વાલ્મીકિ મોટરસાઇકલ હંકારી રહ્યો હતો અને તેનો ભાઇ સંજુ પાછળ બેઠો હતો. બંને જણ વહેલી સવારે નાનુભાઇ મુસા માર્ગ પરથી જઇ રહ્યા હતા ત્યારે સુમિતે અચાનક કાબૂ ગુમાવ્યો હતો અને મોટરસાઇકલ ગંગોત્રી ઇમારતની કમ્પાઉન્ડ વૉલ સાથે ટકરાઇ હતી, એમ પોલીસે અધિકારીએ જણાવ્યું હતું.


**જોખમ:** કોલાબામાં થયેલા એક ગંભીર ટુ-વ્હીલર અકસ્માતમાં બે લોકોના દુ:ખદ મોત થયા છે. આ અકસ્માતમાં બે સગા ભાઈઓનું મોત થયું છે. (અમય ખરાડે)

અકસ્માતમાં બંને ભાઇને માથામાં અને ચહેરા પર ગંભીર ઇજા પહોંચી હતી. બંનેને સારવાર માટે તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનાં મોત થયાં હતાં. દરમિયાન અકસ્માતની જાણ થતાં પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને તપાસ આદરી હતી. બાદમાં ફોરેન્સિક ટીમે પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને સેમ્પલ લીધા હતા. બંને ભાઇના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## થાણેમાં બિલ્ડિંગમાં લાગેલી આગમાં ૧૪ ઈલેક્ટ્રિક મીટર બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે શહેરમાં બુધવારે મધ્યરાત્રિ બાદ એક ત્રણ માળની રહેણાક ઈમારતના મીટર બોક્સ રૂમમાં આગ ફાટી નીકળી હતી, જેમાં ૧૪ મીટર બળીને ખાક થઈ ગયા હતા.કોપરી વિસ્તારમાં આવેલી ત્રણ માળની પત્રકાર સોસાયટીના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા મીટર બોક્સ રૂમમાં આગ લાગી હતી. આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હોવાનું ડિઝાસ્ટર કંટ્રોલે જણાવ્યું હતું.

આગની જાણ રાત્રે ૧૨:૨૦ વાગ્યે થઈ હતી, ત્યારબાદ ફાયર બ્રિગેડ, ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ અને વીજ પુરવઠા કંપનીના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આગમાં કુલ ૧૪ વીજ મીટર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા.ફાયર ફાઈટરોએ રાત્રે એક વાગ્યા સુધીમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો અને તેને ઉપરના રહેણાક માળ સુધી ફેલાતી અટકાવી હતી.

## હિંમત હારતી ચાર અબળાઓને સબળા બનાવતું નાટક એટલે 'વુ-Men'... લાલુભાઈ



Quest Foundation, મુંબઈના શ્રી અજયભાઈ શેઠના સૌજન્યથી બહુરંગી સેન્ટર ઓફ પરફોરમિંગ આર્ટ સંચાલિત MKES સાંસ્કૃતિક કેન્દ્ર મલાડ પ્રસ્તુત, માનસી શાહ, અમદાવાદની રજૂઆત, એલ. એલ. ડી. સી. નાટ્ય સ્પર્ધાનું વિજેતા નાટક 'વુ-Men' બન્ને એકબીજા વિના અધૂરા-

ઝૂંપડપટ્ટીમાં રહેતા ચાર મજૂરના અકસ્માત મૃત્યુ બાદ એની ચારેય પત્નીઓને અકસ્માત સામે મળનારી ૫૦ હજાર જેવી માતબર રકમ અપાવવા ઝઝૂમતી Bank Officer એ નારી શક્તિનું જવલંત ઉદાહરણ છે. આ નાટક 'વુ-Men' શનિવાર તા. ૨૬ Sep. સાંજના સાત કલાકે જગમોહનદાસ ગોકુળદાસ મેમોરિયલ હોલ, MKES મલાડ ખાતે ભજવાશે. આ નાટક જોવાનું ચૂકતા નહીં. વધુ વિગતો માટે કાજલ શાહ: 9870777441.


## તમારા ઘરઆંગણે પધારેલા લાડકા બાપ્પાની દિવ્ય છબી હવે શોભશે

'મુંબઈ સમાચાર'ના પાને... ચાલો, આ ગણેશોત્સવની ભક્તિ અને ઉલ્લાસ આખા મુંબઈ સાથે વહેંચીએ...


બાલ ગોપાલ ગણેશ મિત્ર મંડળ - સાત રસ્તા


મયુર નાર્વેકર
દીવા


નુરાની એપાર્ટમેન્ટ
સાર્વજનિક ગણેશોત્સવ
મંડળ - બાંદ્રા વેસ્ટ


સંગીતા સુધીર શાહ - સાયન

# ડીજે અને ફટાકડાના ઉપયોગ બાબતે મુંબઈ હાઈ કોર્ટના આદેશનું પાલન કરવામાં આવશે: મેયર

### ગણેશોત્સવ બાદ ફ્લાયઓવર, મોનોરેલના થાંભલા પર ગેરકાયદે લગાવેલા પોસ્ટરો, હૉર્ડિંગ્સ અને બેનરો સામે બીએમસીની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણેશવિસર્જન દરમ્યાન મુંબઈમાં ડીજે, લેઝર અને ફટાકડા ફોડવા બાબતે મુંબઈ હાઈ કોર્ટે આપેલા આદેશનું પાલન કરવા માટે પાલિકા પ્રશાસન પ્રતિબદ્ધ હોવાનું મુંબઈના મેયર રીતુ તાવડેએ કહ્યું હતું. ગણેશોત્સવનું સમાપાન ૨૫ સપ્ટેમ્બરના શુક્રવારે થશે, જ્યાં મુંબઈમાં મોટા પાયા પર ગણેશમૂર્તિનું વિસર્જન કરવામાં આવતું હોય છે. મુંબઈ હાઈ કોર્ટે ડીજે, ફટાકડા ફોડવા અને અને લેઝર લાઈટને લઈને જે આદેશ આપ્યા છે તેનું પાલન કરવાની મુંબઈના નાગરિકોની પણ એટલી જવાબદારી હોવાનું બુધવારે મુંબઈના મેયર રીતુ તાવડેએ એક પત્રકાર પરિષદ દરમ્યાન કહ્યું હતું. તેમ જ પાલિકા દ્વારા હાઈ કોર્ટના આદેશનું પાલન યોગ્ય રીતે થાય તેની કાળજી લેવામાં આવશે.

હાલ ગણેશોત્સવ ચાલી રહ્યો છે ત્યારે મુંબઈના સાર્વજનિક રસ્તાઓ, ચોક તો ઠીક મુંબઈના પુલ, ફ્લાયઓવર તથા મોનો, મેટ્રોરેલના થાંભલાઓ પણ હૉર્ડિંગ અને પોસ્ટરોથી મુક્ત રહ્યા નથી. તેથી બહુ જલદી મુંબઈ મહાનગરપાલિકા સમગ્ર મુંબઈમાં આવેલા બ્રિજ, ફ્લાયઓવર અને મોનોરેલના થાંભલાઓને કદરૂપું બનાવતા ગેરકાયદેસ પોસ્ટરો, બેનરો, હોર્ડિંગ્સ અને પ્રમોશનલ સ્ટીકરો સામે ઝુંબેશ શરૂ કરવા જઈ રહ્યું છે.

પાલિકા પ્રશાસને બુધવારે જાહેર કર્યું હતું કે ગણેશોત્સવ બાદ ૨૫ સપ્ટેમ્બરથી આ કાર્યવાહી શરૂ કરવામાં આવશે. મુંબઈના મેયર રીતુ તાવડેએ બુધવારે જણાવ્યું હતું કે તેઓ પાલિકા કમિશનરને પત્ર લખીને એવી વ્યક્તિઓ અને સંસ્થાઓ સામે કાયદેસરની કાર્યવાહી અને ભારે દંડની માગણી કરશે, જેમની તસવીરો અથવા પ્રમોશનલ સામગ્રી અનધિકૃત પ્રચાર સામગ્રી પર જોવા મળે છે.

ગેરકાયદે હોર્ડિંગ્સ અને બેનરો સામે બોમ્બે હાઈ કોર્ટના નિર્દેશો હોવા છતાં જાહેર માળખાગત સુવિધાઓને સતત કદરૂપા કરવામાં આવતી હોવાની ચિંતાઓ વચ્ચે આ મુદ્દો સામે આવ્યો છે. મેયરે બુધવારે કહ્યું હતું કે આ સમસ્યા માત્ર પરંપરાગત બેનરો અને પોસ્ટરો પૂરતી સીમિત નથી પણ મોનોરેલના થાંભલા અને ફ્લાયઓવરના પીલર પર પણ પ્રમોશનલ સ્ટીકરો પણ ચોંટાડવામાં આવે છે. આ સ્ટીકરોને દૂર કરવામાં ભારે મુશ્કેલી આવે છે. જાહેર માળખાઓ પરથી સ્ટીકરો દૂર કરવા મુશ્કેલ છે અને તે દૂર કર્યા પછી પણ નિશાન રહી જાય છે. આવા પ્રચારથી લાભ મેળવનારાઓને પણ જવાબદાર ઠેરવવા જોઈએ. મેયર કમિશનરને એવી જોગવાઈઓની તપાસ કરવાની વિનંતી કરવાની યોજના ધરાવે છે જેના હેઠળ ગેરકાયદેસર પ્રચાર સામગ્રી પર નામ કે તસવીરો હોય તેવા લોકો સામે કેસ નોંધી શકાય અને ભારે દંડ ફટકારી શકાય.

## તહેવારો દરમિયાન ધ્વનિ અને વાયુ પ્રદૂષણ બાબત હાઈ કોર્ટનું સખત વલણ

### રાજ્ય સરકારની ઝાટકણી કાઢી

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે તહેવારો દરમિયાન રસ્તાઓ પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુક્યો છે. કોર્ટે નોંધ્યું હતું કે અવાજના પ્રદૂષણ અંગેના નિયમોનો અમલ કરવામાં આવતો નથી, છતાં સરકાર બધું બરાબર છે નો રાગ આલાપી રહી છે. હાઈ કોર્ટે મોટેથી વાગતા સંગીત પર 'સંયમ' રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને તહેવારોની ઉજવણી માટે વધુ ગરિમાપૂર્ણ અને સુસંસ્કૃત રીત અપનાવવાનું આહ્વાન કર્યું હતું.

ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી અને નીલા ગોખલેની ખંડપીઠે અવલોકન કર્યું હતું કે, ધ્વનિ પ્રદૂષણના નિયમોના અમલીકરણમાં તંત્ર તરફથી 'બેદરકારી' દાખવવામાં આવી રહી છે.

અદાલતે નોંધ્યું કે ઘોંઘાટ તથા વાયુ પ્રદૂષણ ફેલાવ્યા વિના પણ તહેવારોની ઉજવણી કરી શકાય છે; સાથે જ, વર્તમાન સમયમાં આવા સરઘસો અને ઉજવણીઓ માટે વધુ ગરિમાપૂર્ણ અને સુસંસ્કૃત રીત અપનાવવી અત્યંત આવશ્યક છે તેમ પણ તેણે જણાવ્યું હતું. બુધવારે ઉપલબ્ધ કરાવવામાં આવેલા આદેશમાં અદાલતે કહ્યું કે, રાજ્ય સરકાર બધું ઠીકઠાક છે એમ દર્શાવીને જે ગુલાબી ચિત્ર રજૂ કરે છે તે અસ્વીકાર્ય છે.

ફટાકડા અને લાઉડસ્પીકર પરના પ્રતિબંધ ઉપરાંત, હાઈ કોર્ટે સત્તાવાળાઓને સરઘસો દરમિયાન અવાજની તીવ્રતા (ડેસિબલ સ્તર) નિયંત્રિત કરવા માટે તમામ પગલાં લેવા અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાર્યવાહી કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. તેમાં એવું પણ સૂચન કરવામાં આવ્યું હતું કે સરઘસો માટે પરવાનગી આપતી વખતે સરકાર મોટી રકમની સુરક્ષા થાપણ (સિક્યોરિટી ડિપોઝિટ)ની માગ કરી શકે છે. (પીટીઆઈ)

## અનધિકૃત બાંધકામો બચાવવા સત્તાધારી-વિપક્ષી નગરસેવકો એક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ૧૪ ફૂટથી વધુ ઊંચા ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં અનધિકૃત બાંધકામો સામે મુંબઈ મહાનગરપાલિકાએ પહેલી ઑક્ટોબરથી ડિસેમ્બર, ૨૬ સુધી કાર્યવાહી કરવાની જાહેરાત સામે સર્વપક્ષીય નગરસેવકોએ વિરોધ કર્યો છે. પાલિકા પ્રશાસન અનધિકૃત બાંધકામો સામે કાર્યવાહી કરવા માગે છે, ત્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાના રાજકીય મતભેદોને એકબાજુએ રાખીને પ્રશાસનની પ્રસ્તાવિત કાર્યવાહી પાછી ખેંચવાની માગ સાથે એક થઈ ગયા છે. બુધવારે પાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં ચર્ચા દરમ્મયાન નગરસેવકોએ આગ્રહ કર્યો હતો કે પ્રશાસન દ્વારા કોઈપણ પગલાંને અમલમાં મૂકવામાં આવે તે પહેલાં પ્રસ્તાવને ચર્ચા માટે જૂથ નેતાઓની બેઠક સમક્ષ મૂકવામાં આવે. સ્થાયી સમિતિના ચેરમેન પ્રભાકર શિંદેએ આગામી બેઠકમાં તેમનું વલણ સમજાવવા માટે પાલિકા પ્રશાસનને નિર્દેશ આપ્યો હતો.

શિવસેના (યુબીટી)ના નગરસેવક યશોધર ફણસેએ જણાવ્યું હતું કે વર્સોવાના ગાવઠણ વિસ્તારના રહેવાસીઓએ આ પગલા વિશે સાંભળ્યા પછી તેમનો સંપર્ક કર્યો હતો. એઆઈએમઆઈએમના નગરસેવક જમીર કુરેશીએ ચેતવણી આપી હતી કે નગરસેવકો મતદારોના આશીર્વાદથી ચૂંટાઈને આવ્યા છે અને જો તેઓ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, તો નગરસેવકો તેને સહન કરશે નહીં એવી પ્રશાસનને ચેતવણી આપવાની સાથે જ તેમણે ૨૪ ફૂટ સુધી ઝૂંપડપટ્ટી બાંધકામોને મંજૂરી આપવાની માગણી કરી હતી.

કૉંગ્રેસના જૂથ નેતા અશરફ આઝમીએ ભાજપ પર ૪૦ લાખ ઘરોના ચૂંટણી ઢંઢેરાના વચન પર પ્રહાર કરતા કહ્યું કે સત્તાધારીએ પોતાનું વચન પાળવું જોઈએ.

શિવસેના (શિંદે જૂથ) જૂથના નેતા અમેય ઘોલેએ સાવધાનીપૂર્વક ટિપ્પણી કરતા કહ્યું હતું કે પાલિકાએ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં મહત્તમ માન્ય બાંધકામ ઊંચાઈ અંગે સ્પષ્ટ એસઓપી બનાવવી જોઈએ. એ સાથે જ તેમણે મુંબઈના કેટલાક વિસ્તારોમાં બાંધકામો પહેલાથી જ ૨૪ ફૂટથી વધુ થઈ ગયા હોવા બાબતે પ્રશાસનનું ધ્યાન દોરતા કહ્યું હતું કે આવા બાંધકામોમાં બિનદસ્તાવેજીકૃત બાંગ્લાદેશી સ્થળાંતર કરનારાઓને આશ્રય આપવામાં આવે તેવી શક્યતાને નકારી શકાય નહીં અને વધુ બાંધકામને મંજૂરી આપતા પહેલા યોગ્ય ચકાસણી કરવાની પણ તેમણે માગણી કરી હતી.

## ૧૦૦ દેશોએ ભારતની ચૂંટણી પ્રક્રિયાની પ્રશંસા કરી હતી: ફડણવીસ

સોલાપુર: ચૂંટણી પંચમાં નિર્ણય લેવાની પ્રક્રિયા અંગે ચૂંટણી કમિશનરો દ્વારા વારંવાર ઉઠાવવામાં આવેલા વાંધાઓને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતીય ચૂંટણી પંચ નિષ્પક્ષ રીતે કામ કરી રહ્યું છે અને ૧૦૦ દેશોના પ્રતિનિધિઓએ ભારતની ચૂંટણી પ્રક્રિયાની પ્રશંસા કરી હતી.

ચૂંટણી પંચ નિષ્પક્ષ રીતે કામ કરી રહ્યું હોવા પર ભાર મૂકતા તેમણે કહ્યું કે વિરોધ પક્ષો ચૂંટણીમાં પોતાની હાર માટે ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાઓને દોષી ઠેરવી રહ્યા છે. એક પ્રશ્નના જવાબમાં ફડણવીસે આક્ષેપ કર્યો હતો કે વિરોધ પક્ષોએ અગાઉ પણ વાંધા ઉઠાવ્યા હતા, ફરિયાદો કરી હતી અને કોર્ટના દ્વાર પણ ખખડાવ્યા હતા, પરંતુ તેઓ દરેક જગ્યાએ હારી ગયા છે.

'ચૂંટણી પંચ નિષ્પક્ષ રીતે કામ કરી રહ્યું છે. ૧૦૦ દેશોના પ્રતિનિધિઓએ દેશની ચૂંટણી પ્રક્રિયાનું નિરીક્ષણ કરવા માટે ભારતની મુલાકાત લીધી હતી.


શ્રધ્ધાંજલી



શ્રી હરેન્દ્ર પરીખ
૦૨/૧૨/૧૯૪૭ - ૨૦/૯/૨૦૨૬
મથુરાદાસ ભક્તિદાસ પરીખ અને શાંતાગૌરી મથુરાદાસ પરીખના પુત્ર
કાંતિલાલ અને ભાનુમતી દેસાઈના જમાઈ
પત્ની : પ્રતિભા
ભાઈઓ : ગોપાલદાસભાઈ, કૃષ્ણકાંતભાઈ, ધર્મેન્દ્રભાઈ, કિરીટભાઈ
બહેનો : સુભદ્રાબેન, અરુણાબેન, ચારુબેન, દક્ષાબેન
પુત્રો અને પુત્રવધૂઓ : દેવાંગ અને કવિતા, કુણાલ અને એકતા
પૌત્રો : આયાન, આદિત, રેહાન
પ્રાર્થનાસભા તા. ૨૮/૯/૨૦૨૬
સોમવારે સાંજે ૫:૦૦ થી ૬:૩૦ કલાકે
સ્થળ: પી.એલ.ડી. ઓડિટોરિયમ, ૫મો માળ, રવીન્દ્ર નાટ્ય મંદિર ગેટ ૧, સિદ્ધિવિનાયક મંદિર પાસે, પ્રભાદેવી દાદર ખાતે રાખેલ છે.


## આદિવાસી પ્રોજેક્ટ ઓફિસમાં ૧૬.૩૭ કરોડની ઠગાઇ: ફરાર ક્લર્ક વિરુદ્ધ ગુનો

નાંદેડ: રાજ્યના નાંદેડ જિલ્લામાં આવેલી આદિવાસી ડેવલપમેન્ટ પ્રોજેક્ટની ઓફિસમાં સરકારી ભંડોળમાંથી ૧૬.૩૭ કરોડ રૂપિયાની ઉચાપતનો મામલો પ્રકાશમાં આવ્યા બાદ પોલીસે ક્લર્ક સામે ગુનો દાખલ કર્યો હતો, જે ફરાર હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે નાંદેડના કિનવટ સ્થિત એકાત્મિક આદિવાસી વિકાસ પ્રકલ્પ (ઇન્ટિગ્રેટેડ ટ્રાઇબલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ)ની ઓફિસમાંથી સરકારી નાણાં ખાનગી વ્યક્તિઓ, વ્યાવસાયિક આસ્થાપના તેમ જ અન્ય બિન-સરકારી સંસ્થામાં ટ્રાન્સફર કરવા માટે ૨૮૦ સરકારી ચેકનો કથિત રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો.(પીટીઆઇ)

**ટીઈટી પેપર લીક કેસ**

## બિહાર-બીડથી પકડાયેલા બન્ને આરોપી છ દિવસની પોલીસ કસ્ટડીમાં

થાણે: ટીચર એલિજિબિલિટી ટેસ્ટ (ટીઈટી) પેપર લીક કેસમાં સંડોવણી પ્રકરણે બિહાર અને બીડથી પકડાયેલા બન્ને ફરાર આરોપીને કોર્ટે ૨૯ સપ્ટેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. ભિવંડી પોલીસે ગયા અઠવાડિયે જ બિહાર અને બીડથી અશોક સાવ અને પ્રકાશ મિસળની ધરપકડ કરી હતી. બન્નેના પકડાવાથી આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓની સંખ્યા ૧૮ પર પહોંચી હતી. ભિવંડીની જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ મૅજિસ્ટ્રેટ કોર્ટે સાવ અને મિસળને છ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા. (પીટીઆઈ)

## બેસ્ટે ૩૯ કરોડ રૂપિયા વસૂલવાના બાકી

### ડિફોલ્ટરો પાસેથી પૈસા વસૂલ માટે એમનેસ્ટી સ્કીમની જાહેરાત

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં ૧૦લાખથી પણ વધુ વીજગ્રાહકો ધરાવતી બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) પ્રશાસનને વર્ષોથી અનેક ગ્રાહકોએ વીજળીના બિલ ચૂકવ્યા નથી. તેથી આવા ડિફોલ્ટરો પાસેથી બાકી રહેલી રકમ વસૂલ કરી શકાય તે માટે બેસ્ટ ઉપક્રમ 'એમનેસ્ટી સ્કીમ -૨૦૨૬' ફરી લાવવાની છે.

બેસ્ટ ઉપક્રમ દ્વારા બુધવારે બેસ્ટ સમિતિ સમક્ષ 'એમનેસ્ટી સ્કીમ -૨૦૨૬' નો પ્રસ્તાવ ફરીથી રજૂ કરવામાં આવ્યો હતો, જેથી જે બેસ્ટ ગ્રાહકોનો વીજપુરવઠો કાયમ માટે બંધ થઈ ગયો છે તેમના પાસેથી બાકી રહેલી બિલોની રકમ વસૂલ કરી શકાય, જેને ચર્ચા બાદ મંજૂરી આપવામાં આવી હતી.

આ દરમ્યાન ૨૦૦૯ થી ચાલી રહેલી અભય યોજના હેઠળ ૧૬ હજાર ગ્રાહકોએ બેસ્ટને લગભગ ૩૯ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે. તેમાંથી વહીવટીતંત્ર માત્ર ૧૦.૬૨ કરોડ રૂપિયા જ વસૂલ કરી શક્યું છે. બેસ્ટના વીજગ્રાહકોની અરજીઓની પ્રક્રિયામાં વહીવટી વિલંબ ટાળવા અને બિલની બાકી રહેલી રકમ વસૂલવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે, બેસ્ટ વહીવટીતંત્રે ૨૦૦૯, ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૧૩ અને ૨૦૨૪ માં અભય યોજનાઓ લાગુ કરી હતી, જેમાંથી ૨૦૧૮ માં સૌથી વધુ ૨,૪૧૫ કેસ પ્રકાશમાં આવ્યા હતા. આમાંથી ફક્ત ૪.૯૯ કરોડ રૂપિયા જ વસૂલ કરવામાં સફળતા મળી છે અને ૨૦૧૮ થી ૨૦૧૪ દરમિયાન ૩,૯૦૨ કેસોમાંથી ફક્ત ૧૦.૬૨ કરોડ રૂપિયા વસૂલવામાં આવ્યા હોવાની માહિતી બેસ્ટ સમિતિના સભ્યએ બેસ્ટ પ્રશાસન સમક્ષ રાખી હતી.

## ૧૧ કરોડથી વધુ ચૂંટણી સંબંધિત કામના ખર્ચાને ચર્ચા વગર સ્થાયી સમિતિની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના ઈલેકશન ડિપાર્ટમેન્ટે તાકીદ અને સમયના અભાવને ટાંકીને, ચૂંટણી સંબંધિત કામોની શ્રેણી માટે નિર્ધારિત ટેન્ડર પ્રક્રિયાને અનુસર્યા વિના કામો સોંપવા બદલ સ્થાયી સમિતિ પાસેથી 'પોસ્ટ-ફેક્ટો' (કામ થયા પછીની) મંજૂરી માગી હતી, જેને વગર કોઈ ચર્ચાએ મંજૂરી આપી દેવામાં આવી હતી.

બુધવારે સ્થાયી સમિતિ સમક્ષ ચાર પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસ્તાવોમાં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૮૮૮ની કલમ ૭૨(૩) હેઠળ ટેન્ડરના નિયમોમાં છૂટછાટની માગ કરવામાં આવી હતી. આ કામોમાં ચૂંટણી સામગ્રીની હેરફેર, ઈવીએમ વેરહાઉસનું સમારકામ અને ઈવીએમની તપાસ દરમિયાન માનવબળ તથા ભોજન પૂરું પાડવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

સૌથી મોટો પ્રસ્તાવ મુંબઈ શહેર અને ઉપનગરોમાં મતદાર યાદીની 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (એસઆઈઆર) માટે ડેટા એન્ટ્રી ઓપરેટરોની નિમણૂક પાછળ ખર્ચાયેલા ૧૦.૮૧ કરોડ રૂપિયાને લગતો હતો. એસઆઈઆરએ ભારતના ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવતી મતદાર યાદીની ચકાસણી અને અદ્યતન કરવાની એક સઘન પ્રક્રિયા છે.

## મીરા રોડમાં મેટ્રોના કામના સ્થળે લાકડાનું પાટિયું પડતાં યુવક ઘાયલ: ગુનો નોંધાયો

થાણે: મીરા રોડમાં નિર્માણાધીન મેટ્રો બ્રિજની સાઇટ પર લાકડાનું પાટિયું પડવાથી ૨૩ વર્ષના યુવકને માથામાં ઇજા થઇ હતી. આ ઘટના બાદ પોલીસે ખાનગી કોન્ટ્રેક્ટરના સ્ટોરકીપર સામે ગુનો નોંધ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.કાશીમીરા નાકા ઓવરબ્રિજ નજીક ૨૦ સપ્ટેમ્બરે આ ઘટના બની હતી, જ્યાં મેટ્રોનું કામ ચાલી રહ્યું છે, એમ પોલીસે કહ્યું હતું. શાદાબ મન્સુરી (૨૩) ઘટનાસ્થળેથી પસાર થઇ રહ્યો હતો ત્યારે એલિવેટેડ બ્રિજ સ્ટ્રક્ચરમાં રહેલી જગ્યામાંથી લાકડાનું પાટિયું સરકીને તેના માથા પર પડ્યું હતું. માથામાં ઇજા થવાથી શાદાબને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયો હતો.

## મતદાર યાદીમાં નામ નોંધવા અથવા સુધારો કરવા ૨૬ અને ૨૭ના સ્પેશિયલ શિબિર

મુંબઈ: 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (એસઆઈઆર) અંતર્ગત મતદાર યાદીના મુસદ્દા (ડ્રાફ્ટ રોલ) પર દાવા અને વાંધાઓ રજૂ કરવાની અંતિમ તારીખ નજીક આવી રહી છે, ત્યારે પાલિકા દ્વારા ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરના રોજ સમગ્ર મુંબઈમાં વિશેષ મતદાર નોંધણી શિબિરોનું આયોજન કરવામાં આવશે. આ શિબિરો મુંબઈ શહેર અને ઉપનગરોના તમામ ૩૬ વિધાનસભા મતવિસ્તારોમાં નિર્ધારિત સ્થળોએ યોજવામાં આવશે. પાલિકાએ બુધવારે જણાવ્યું હતું કે નવા મતદારો, પાત્ર મતદારો કે જેમનાં નામ ડ્રાફ્ટ યાદીમાં નથી અને જેઓ વિગતોમાં સુધારા કે નામ કઢાવવા માગે છે, તેઓ આ શિબિરોનો સંપર્ક કરી શકે છે.

# ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદેની નિર્દોષ મુક્તિ

## ૧૭ વર્ષ જુના દિવંગત નેતાના સીડી મામલામાં કોર્ટે આપ્યો ચુકાદો

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના દિવંગત નેતા વસંત ડાવખરે દ્વારા ૨૦૦૯માં દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસમાં કલ્યાણની કોર્ટે ૧૭ વર્ષ બાદ શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને આ કેસમાંથી નિર્દોષ મુક્ત કર્યા છે. કલ્યાણની કોર્ટે પૂરતા પુરાવાના અભાવે ઉદ્ધવ ઠાકરે, એકનાથ શિંદે ઉપરાંત ભૂતપૂર્વ સાંસદ આનંદ પરાંજપે અને દિવંગત ભૂતપૂર્વ નગરસેવક રાજેન્દ્ર દેવળેકરને નિર્દોષ જાહેર કર્યા છે. આ કેસ ૨૦૦૯ની લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન કથિત સીડી (વીડિયો) જાહેરમાં બતાવવાના મામલાને લઈને હતો. ૨૦૦૯માં કલ્યાણ લોકસભા બેઠક પરથી અવિભાજિત એનસીપી તરફથી વસંત ડાવખરે અને તે સમયની અવિભાજિત શિવસેના તરફથી આનંદ પરાંજપે ચૂંટણી મેદાનમાં હતા. ચૂંટણી પ્રચાર દરમિયાન એક સભામાં ડાવખરે સાથે સંબંધિત કથિત વીડિયો સીડી જાહેરમાં બતાવવામાં આવી હોવાનો આરોપ હતો. ત્યારબાદ ડાવખરેએ આ વીડિયોને પોતાની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડનારો ગણાવી માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. તે સમયે ઉદ્ધવ ઠાકરે અવિભાજિત શિવસેનાના કાર્યકારી અધ્યક્ષ હતા. આ કેસમાં એકનાથ શિંદે, આનંદ પરાંજપે અને સભાના આયોજક રાજેન્દ્ર દેવળેકરને પણ આરોપી બનાવવામાં આવ્યા હતા. આ ચૂંટણીમાં આનંદ પરાંજપે વિજેતા બન્યા હતા.

ડાવખરેનો આરોપ હતો કે તેમના સંબંધિત વીડિયો સીડીમાં કથિત રીતે એડિટિંગ અથવા ફેરફાર કરીને તેમની જાહેર છબીને નુકસાન પહોંચાડવા માટે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

લગભગ ૧૭ વર્ષ સુધી ચાલેલા આ કેસમાં ૨૦થી વધુ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા. તેમાં રાજકીય કાર્યકરો, પક્ષના હોદ્દેદારો, સભાસ્થળે તૈનાત પોલીસકર્મીઓ, આયોજકો અને તપાસ અધિકારીઓનો સમાવેશ થાય છે. ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદેનાં નિવેદનો પણ કોર્ટમાં નોંધવામાં આવ્યા હતા. ઉદ્ધવ ઠાકરેએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પોતાનું નિવેદન નોંધાવ્યું હતું અને તેમના પર લાગેલા આરોપોને નકારી કાઢ્યા હતા.

### બચાવ પક્ષે સીડીની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવ્યા

સુનાવણી દરમિયાન બચાવ પક્ષે કથિત સીડી, તેના રેકોર્ડિંગ, ફોરેન્સિક રિપોર્ટ તેમજ તપાસની પ્રક્રિયાને લઈને સવાલો ઉઠાવ્યા હતા. બચાવ પક્ષનો દાવો હતો કે આરોપીઓને કથિત સીડી સાથે જોડતો કોઈ નક્કર અને સીધો પુરાવો સામે આવ્યો નથી. કોર્ટે કેસમાં રજૂ થયેલા પુરાવા અને સાક્ષીઓના નિવેદનોની સમીક્ષા કર્યા બાદ જણાવ્યું કે આરોપ સાબિત કરવા માટે પૂરતા પુરાવા ઉપલબ્ધ નથી. ત્યારબાદ કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા

### શરદ પવારના નજીકના સાથી હતા વસંત ડાવખરે

વસંત ડાવખરે એનસીપીના દિગ્ગજ નેતા હતા અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના ઉપસભાપતિ તરીકે પણ સેવા આપી ચૂક્યા હતા. તેમને એનસીપીના વડા શરદ પવારના નજીકના અને વિશ્વાસુ સાથીદાર માનવામાં આવતા હતા. જાન્યુઆરી ૨૦૧૮માં મુંબઈની બોમ્બે હોસ્પિટલમાં ૬૮ વર્ષની વયે તેમનું નિધન થયું હતું. તેઓ કિડનીની બીમારીથી પીડાતા હતા. તેમના નિધન બાદ પણ આ કેસ કોર્ટમાં વિચારાધીન રહ્યો હતો. હવે ૧૭ વર્ષ બાદ આ કેસમાં ચુકાદો આવ્યો છે.■

છેલ્લા પાનાનું ચાલુ

### ગણપતિ વિસર્જન

સ્થળોએ બંદોબસ્ત માટે રેપિડ એક્શન ફોર્સ (આરએએફ), સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ)ની પ્લાટૂન, ફોર્સ વન અને ક્વિક રિસ્પોન્સ ટીમ (ક્યુઆરટી), રાયટ્સ કન્ટ્રોલ ફોર્સ, ડેલ્ટા, કોમ્બેટ, એન્ટિ ડ્રોન સ્કવોડ તથા હોમ ગાર્ડસની મદદ લેવામાં આવી છે. એ સિવાય બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ)ની ટીમ પણ રહેશે. વિસર્જનના સ્થળોએ લાઇફ ગાર્ડસને પણ રાખવામાં આવશે.

વિસર્જનના માર્ગો પર ટ્રાફિક પોલીસ કર્મચારીઓ તહેનાત રહેશે અને ટ્રાફિકની સરળ અવરજવર માટે અમુક માર્ગો પર ડાયવર્ઝન, જ્યારે અમુક માર્ગ બંધ રહેશે.

વિસર્જનને દિવસે ગિરદીના સ્થળે લોકોને સંયમ જાળવવા, પોલીસને સહકાર કરવા તથા કોઇ પણ નધણિયાતી કે વાંધાજનક વસ્તુ નજરે પડે તો તાત્કાલિક તેની માહિતી પોલીસને આપવા, જ્યારે મદદ માટે પોલીસ હેલ્પલાઇન નંબર ૧૦૦/૧૧૨ પર સંપર્ક સાધવાની મુંબઈ પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે. ■

### એટીએમ સેન્ટરમાં

પણ કાર્ડ મશીનમાંથી નીકળ્યું નહોતું. પછી એકાએક મશીન પાછળથી એક શખસનો અવાજ આવ્યો હતો, જેમાં તે કહેતો હતો કે 'હું એટીએમ કેમેરાથી તમને જોઈ શકું છું... જબરદસ્તી કાર્ડ ન ખેંચો... જે સમસ્યા હોય તે મને જણાવો.'

કાર્ડ અટકી ગયા બાબતે મહિલાએ કહેતાં ફરી મશીન પાછળથી અવાજ આવ્યો હતો, જેમાં શખસે ત્રણ વાર પિન નંબર નાખીને કૅન્સલ કર્યા પછી એન્ટર દબાવવાની સૂચના આપી હતી. ફરિયાદી સૂચનાને અનુસરી છતાં કાર્ડ બહાર આવ્યું નહોતું. આખરે મશીન પાછળથી ફરી અવાજ આવ્યો હતો, જેમાં શખસે કહ્યું કે 'તમારો મોબાઈલ નંબર લખીને મશીન પર મૂકી જાઓ... કાલે મશીન ઑપરેટર આવ્યા પછી કાર્ડ કાઢીને તમને કૉલ કરશે, પછી આવીને કાર્ડ લઈ જજો.'

મશીનની સૂચનાને અનુસરી મહિલા ઘરે ગઈ ત્યારે તેના મોબાઈલ ફોન પર એકાઉન્ટમાંથી ૯૦ હજાર રૂપિયા કઢાવી લેવામાં આવ્યા હોવાનો મેસેજ આવ્યો હતો. તરત જ મહિલાએ બોઈસર પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પાંચ દિવસમાં જ આરોપીને પકડી પાડ્યો હતો.

બોઈસર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર સુનીલ જાધવે જણાવ્યું હતું કે આરોપીએ વૉકીટૉકીનો ઉપયોગ કરી નવી પદ્ધતિથી એટીએમમાંથી નાણાં કઢાવવા આવેલા ગ્રાહકોને છેતરવાની યુક્તિ અજમાવી હતી. તેણે એક વૉકીટૉકી મશીન પાછળ સંતાડી રાખી હતી, જ્યારે બીજી પોતાની પાસે રાખી હતી. મહિલા રૂપિયા કઢાવવા આવી ત્યારે પાછળ ઊભા રહીને તેણે ચાલાકીથી કાર્ડનો પિન નંબર મેળવી લીધો હતો. તેણે પહેલેથી જ મશીન સાથે ચેડાં કર્યાં હતાં, જેને કારણે કાર્ડ અટકી જાય.

મહિલાનું કાર્ડ મશીનમાં અટકી ગયા પછી આરોપી થોડે દૂર જઈને પોતાની પાસેની વૉકીટૉકીમાંથી સૂચના આપતો હતો, જેનો અવાજ મશીન પાછળના વૉકીટૉકીમાંથી આવતો હતો. તે સમયે મહિલા મશીનની સૂચના હોવાનું માની તેને અનુસરી હતી. આરોપીએ આ રીતની તરકીબ અન્ય કયાં એટીએમ સેન્ટરોમાં અજમાવી હતી તેની પોલીસ તપાસ કરી રહી છે. ■

### ફડણવીસે

પરિસ્થિતિને ગંભીરતાથી લીધી છે અને કામગીરી શરૂ કરી દીધી છે. અમારી લોન માફી યોજના પણ ચાલુ છે તથા તે બંધ કરવામાં આવશે નહીં. અમે પાણીની ઉપલબ્ધતા અને પશુચારાની પણ વ્યવસ્થા કરી રહ્યા છીએ,' તેમ ફડણવીસે પત્રકારોને જણાવ્યું હતું.

વોટર ગ્રીડ પ્રોજેક્ટ અંગે ખેડૂતોની માગણીના પ્રશ્નોના જવાબમાં ફડણવીસે આક્ષેપ કર્યો હતો કે એમવીએ સરકારે સત્તામાં આવ્યા બાદ આ યોજનાને પડતી મૂકી હતી. ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે મરાઠવાડા વિસ્તારમાં પાણી પહોંચાડવું એ તેમની સરકારની પ્રાથમિકતા છે. તેમણે વરસાદની અછત અને પાકના નુકસાન અંગે ચિંતાઓ વ્યક્ત કરી હતી .તેમણે કહ્યું કે સરકારે પીવાના પાણીના સ્ત્રોતો અનામત રાખ્યા છે, જેથી આવતા જૂન સુધી પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાય. (પીટીઆઇ) ■

### અટકળો અને

પણ જણાવાયું છે. આ કેસની તપાસ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (એસીપી) રૅન્કના અધિકારીને સોંપવામાં આવી છે અને ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ તપાસ પર દેખરેખ રાખી રહ્યા છે, એવું ડીસીપીએ જણાવ્યું હતું.

વાકોડેનાં માતા-પિતાએ દાવો કર્યો છે કે તેમના દીકરાની જાતિને લઈ સતામણી કરવામાં આવતી હતી. તેમણે આઈઆઈટી બૉમ્બેના ડિરેક્ટર પ્રોફેસર શિરીષ કેદારે અને પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાની તુરંત ધરપકડ કરવાની માગણી પણ કરી છે. આત્મહત્યાને પગલે વિદ્યાર્થીઓ અને રાજકીય કાર્યકરો દ્વારા કરાયેલા દેખાવ બાદ પ્રોફેસર દુલ્લાને વહીવટી બાબતોના ડીન પદેથી હટાવી દેવાયા હતા. (પીટીઆઇ) ■

### જાહેર આરોગ્યને

આવતી જવાબદારીને સમજવી જોઈએ. ખાદ્ય પદાર્થોના પ્રચારમાં જાહેર સ્વાસ્થ્યની ઉપેક્ષા ન કરી શકાય અને મહારાષ્ટ્રમાં જનહિતમાં આવી જાહેરાતો કરનારા કલાકારોને નોટિસ પણ મોકલવામાં આવી છે.

મુંઢેએ સ્પષ્ટ કર્યું હતું કે કાયદો બધા માટે સરખો છે. તેમણે કહ્યું કે લોકપ્રિયતા એ સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડતી વસ્તુઓની જાહેરાત કરવાનું લાઈસન્સ ન બની શકે. લોકોના સ્વાસ્થ્ય કરતાં કોઈ પણ વ્યાપારી નફો કે ફાયદો મોટો હોઈ શકે નહીં. ■

### પ્રોફેસરનો જૂનો

વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવી હતી.

ઈમેલમાં પ્રોફેસર દુલાએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે કોઈ સહપાઠીને તેની જાતિ, જન્મ અથવા એડમિશન કેટેગરી, જેઈઈ (એડવાન્સ્ડ) રેન્ક અથવા ગેટ સ્કોર વિશે પૂછવું યોગ્ય નથી. તેમણે જણાવ્યું હતું કે આવા પ્રશ્નો ભલે માત્ર જિજ્ઞાસાવશ પૂછવામાં આવે, પરંતુ તેના કારણે સામેના વિદ્યાર્થીઓ પ્રત્યે પૂર્વગ્રહ અથવા ભેદભાવની સ્થિતિ ઊભી થઈ શકે છે.

ઈમેલમાં વિદ્યાર્થીઓને કેમ્પસમાં એકબીજા સાથે સન્માનપૂર્વક વર્તન કરવાની સલાહ આપવામાં આવી હતી. પ્રોફેસર દુલાએ ખાસ કરીને જાતિ, ધર્મ, લિંગ અને સામાજિક ઓળખ સાથે જોડાયેલા સંવેદનશીલ મુદ્દાઓ અંગે સાવચેતી રાખવા જણાવ્યું હતું. પ્રોફેસર દુલાએ વિદ્યાર્થીઓને જાતિવાદી, ધાર્મિક, સેક્સિસ્ટ અથવા કોઈ વ્યક્તિની સેક્સ્યુઅલ ઓરિએન્ટેશનને લઈને વાંધાજનક જોક્સ, મેસેજ અથવા અન્ય સામગ્રી શેર કે ફોરવર્ડ નહીં કરવાની પણ સૂચના આપી હતી. ઈમેલમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે આવી સામગ્રી કેમ્પસના વાતાવરણને અસર કરી શકે છે અને આવા કિસ્સાઓમાં સંસ્થા તરફથી ગંભીર કાર્યવાહી થઈ શકે છે. આ જૂનો ઈમેલ એવા સમયે સામે આવ્યો છે જ્યારે આઇઆઇટી બોમ્બે સાથે જોડાયેલા વર્તમાન મામલામાં પ્રોફેસર સૂર્યનારાયણ દુલા પર ગંભીર આરોપો લગાવવામાં આવી રહ્યા છે. આ કારણે ૨૦૨૪માં વિદ્યાર્થીઓને મોકલવામાં આવેલો તેમનો ઈમેલ ફરી ચર્ચામાં આવ્યો છે. જોકે, જૂના ઈમેલમાં આપવામાં આવેલી સલાહ અને વર્તમાન મામલામાં લગાવવામાં આવેલા આરોપો વચ્ચે કોઈ સીધો સંબંધ હોવાનું આ ઈમેલના આધારે કહી શકાય નહીં. ઈમેલ પરથી એટલું સ્પષ્ટ થાય છે કે તે સમયે ડીન ઓફ સ્ટુડન્ટ અફેર તરીકે ડૂલાએ વિદ્યાર્થીઓને કેમ્પસમાં જાતિ, ધર્મ, સામાજિક પૃષ્ઠભૂમિ અને વ્યક્તિગત ઓળખના આધારે ભેદભાવથી દૂર રહેવા તથા એકબીજા સાથે સંવેદનશીલ અને સન્માનપૂર્ણ વ્યવહાર કરવાની સલાહ આપી હતી. ■

### રાજકારણ કરવાને

નુકસાન થઈ રહ્યું છે એવા લાતુર અને ધારાશિવના ગામડાઓની મુલાકાત લીધી હતી અને સોલાપુર જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોની પણ મુલાકાત લેવાના છે. સુળેએ નવી દિલ્હીમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે 'દુષ્કાળ દરમિયાન રાજકારણ વચ્ચે લાવ્યા વિના અને રાજકીય પક્ષોએ સંયમ રાખી આપણે મહારાષ્ટ્રમાં મુશ્કેલીઓનો સામનો કરી રહેલા ખેડૂતોની પડખે ઊભા રહેવું જોઈએ.'

બારામતીનાં સંસદસભ્યના કહેવા અનુસાર એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે આ મુદ્દે સીએમને પત્ર લખી જણાવ્યું હતું કે શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે ઉપરાંત રોહિત પવાર, જયંત પાટીલ અને અનિલ દેશમુખ સહિતના તેમના પક્ષના નેતાઓએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. સુળેએ સરકારને ખેડૂતોને રાહત આપવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી હતી. ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર કેન્દ્રીય સહાયની રાહ જોયા વિના વર્તમાન દુષ્કાળ જેવી પરિસ્થિતિથી પ્રભાવિત ખેડૂતોને તાત્કાલિક સહાય પૂરી પાડશે. (પીટીઆઇ) ■

### 'મુઝસે ગલતી

વાત કરી હોવાનું જાણવા મળ્યું હતું. આ યુવતી વાકોડેની ગર્લફ્રેન્ડ હોવાનું માનવામાં આવે છે. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે એક્ઝામ હૉલમાંથી વાકોડે બપોરે દોઢ વાગ્યાની આસપાસ સીધો પોતાની હોસ્ટેલ રૂમમાં ગયો હતો. પછી તે રૂમ બહાર આવ્યો હોવાના કોઈ અણસાર મળ્યા નહોતા. તેણે અઢી વાગ્યે ગર્લફ્રેન્ડ સાથે વાત કરી હતી. 'મુઝસે ગલતી હો ગયી હૈ,' એવું વાતચીત દરમિયાન તેણે કહ્યું હતું. સામે ગર્લફ્રેન્ડે તેને ધરપત આપતાં શાંત રહીને ધીરજ ધરવાનું કહ્યું હતું અને આગામી પરીક્ષાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની શિખામણ આપી હતી. જોકે આ વાતચીત દરમિયાન તેણે જાતિ સંબંધી સતામણીનો કોઈ ઉલ્લેખ કર્યો ન હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું. ■

### ધર્મા પ્રોડક્શન

તેના વિતરણની પદ્ધતિ તેના વર્ગીકરણને નક્કી કરી શકતી નથી; કોર્ટે વધુમાં ઉમેર્યું કે ડિજિટલ સામગ્રીને સોફ્ટવેર ગણવા માટે કોઈ કાયદાકીય આધાર નથી. આ વિવાદ ફિલ્મોના કોપીરાઈટ લાઇસન્સિંગના વર્ગીકરણને લગતો હતો. સત્તાવાળાઓએ આ વ્યવહારોને 'સર્વિસીસ એકાઉન્ટિંગ કોડ' હેઠળ આઇટી સોફ્ટવેરના લાઇસન્સિંગ તરીકે ગણ્યા હતા, જેના પર ૧૮ ટકા 'ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ' (જીએસટી) લાગુ પડે છે. રાજ્યના કર વિભાગે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૨૦-૨૧ વચ્ચેના સમયગાળા માટે રૂ. ૭૯.૭ કરોડની કરની માંગણી કરી હતી; વિભાગનો દાવો હતો કે ડિજિટલ લિંક્સ અથવા હાર્ડ ડિસ્ક દ્વારા ફિલ્મ કન્ટેન્ટ પૂરું પાડવાથી આ વ્યવહાર 'આઈટી સોફ્ટવેર સેવાઓ'ના દાયરામાં આવે છે. ત્યારબાદ, ધર્મા પ્રોડક્શન્સ અને ધર્માટિક એન્ટરટેઈનમેન્ટે આ માગને પડકારતી અરજી હાઈકોર્ટમાં દાખલ કરી હતી. (પીટીઆઇ) ■

### સત્તા ભૂખ્યા

અનુસાર ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (આઈઆઈટી) બોમ્બેમાં બીજા વર્ષના બી. ટેક.ના વિદ્યાર્થી સાહિલ વાકોડે (૨૨) ૧૮ સપ્ટેમ્બરે સાંજે હોસ્ટેલ રૂમમાં મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર સેમેસ્ટર પરીક્ષા દરમિયાન ચેટજીપીટીનો ફાયદો લેવા તેણે મોબાઇલ ફોનનો ઉપયોગ કરતા એ ઝડપાઇ ગયો એના થોડા કલાકો પછી ૧૮ સપ્ટેમ્બરની સાંજે જ તેના હોસ્ટેલ રૂમમાં લટકતો મળી આવ્યો હતો. વિદ્યાર્થીના માતા-પિતાએ દાવો કર્યો છે કે તેણે જાતિ આધારિત અપમાન વિશે તેમને જણાવ્યું હતું.

સાહિલ વાકોડેના મૃત્યુને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ ગણાવી રાજ ઠાકરેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં રજૂઆત કરી હતી કે વિદ્યાર્થી શું કામ આત્મહત્યા કરવા પ્રેરાયો એની ચર્ચા કોઈ નથી કરતું. વાકોડેનું મૃત્યુ શિક્ષણ પ્રણાલીમાં રહેલી ખામીઓને કારણે થયું હતું. આ મુદ્દાઓનો ઉકેલ વાકોડે અને તણાવ સહન ન કરી શકતા આત્મહત્યા કરનારા તેના જેવા અનેક માટે યોગ્ય શ્રદ્ધાંજલિ હશે.'

વિદ્યાર્થીઓએ સત્તાના રાજકારણમાં અટવાઈ જવાને બદલે વિદ્યાર્થીઓએ આવા રાજકારણીઓને તેમનું સાચું સ્થાન દેખાડી દેવું જોઈએ એવી સલાહ આપી ઠાકરેએ ઉમેર્યું હતું કે 'એવું લાગે છે કે જાતિ અને ધર્મના હથિયારનો ઉપયોગ તમને ફસાવવા અને મુખ્ય મુદ્દાઓ પરથી તમારું ધ્યાન હટાવવા માટે અને ખાસ કરીને કોઈને પણ આપણા સરકારી તંત્રમાં રહેલી ખામીઓ સામે બોલતા કે વિરોધ કરતા અટકાવવા માટે કરવામાં આવી રહ્યો છે. આઈઆઈટી હોય કે અન્ય કોઈ કેમ્પસ આ મુદ્દાઓથી વિદ્યાર્થીઓમાં મતભેદ કે વિભાજન પેદા ન થવું જોઈએ.'

આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થીઓએ યોગ્ય કાઉન્સેલિંગ સિસ્ટમ, મનોચિકિત્સકની ચોવીસ કલાક ઉપલબ્ધતા, ફરિયાદોના વાસ્તવિક નિરાકરણ અંગે પારદર્શિતા અને શિસ્ત પ્રક્રિયાની માગ કરી છે જેથી નિયમ ઉલ્લંઘન માટે કાર્યવાહી કરતી વખતે વિદ્યાર્થી માનસિક રીતે ભાંગી ન પડે. આંદોલને ખરેખર આ દિશામાં આગળ વધવું જોઈએ. (પીટીઆઇ) ■

### ડ્યૂટી-ફ્રી દુકાનોને

લાદવામાં આવેલા પ્રતિબંધને પડકારતી મુંબઈ ટ્રાવેલ રિટેલ લિમિટેડ અને ફ્લેમિંગો ડ્યૂટીફ્રી શોપ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ આદેશ પસાર કરવામાં આવ્યો હતો. સત્તાવાળાઓએ 'ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ' હેઠળ જરૂરી પરવાનાના અભાવે આ ઉત્પાદનના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. જો કોઈ વસ્તુ હાલમાં અમલમાં રહેલા કોઈપણ કાયદા હેઠળ નિયંત્રિત અથવા પ્રતિબંધિત હોય, તો તેને 'પ્રતિબંધિત માલ' ગણવામાં આવશે. અદાલતે જણાવ્યું હતું કે, ભારતીય પ્રાદેશિક અધિકારક્ષેત્ર હેઠળની ડ્યૂટી-ફ્રી દુકાનોમાં લાવવામાં આવતા આવા માલસામાન પર સ્થાનિક નિયમનકારી વ્યવસ્થા સંપૂર્ણપણે લાગુ થશે. જોકે, બેન્ચે ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટ હેઠળ તમાકુ-મુક્ત નિકોટિન પાઉચ 'દવાઓ' છે કે કેમ તે નક્કી કરવાનું ટાળ્યું અને આ મુદ્દાનો નિર્ણય સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશન દ્વારા લેવાનો નિર્દેશ આપ્યો હતો.

### વાકોડેનો આઈફોન

વાકોડે પકડાયો હતો એ આક્ષેપ સહિત અન્ય મહત્ત્વની બાબતો તેના મોબાઈલ ફોનની તપાસમાં સામે આવી શકશે. જોકે તેનો આઈફોન લૉક હોવાથી હાલ તપાસમાં અવરોધ આવ્યો છે. ટેક્નિકલ મદદ મેળવી ફોન અનલૉક કરાયા પછી પોલીસ વધુ તપાસ કરી શકશે. ■

### નિષ્પક્ષ તપાસ

જાતિગત ભેદભાવના આરોપસર કેસ નોંધવામાં આવ્યો છે. વાકોડેની માતાએ મંગળવારે દાવો કર્યો હતો કે વાંકોડેએ તેમને જણાવ્યું હતું કે તેની જાતિને કારણે તેને ત્રાસ આપવામાં આવતો હતો, અપશબ્દો કહેવામાં આવતા હતા અને અપમાનિત કરવામાં આવતો હતો. તેમના માતા-પિતાએ આઈઆઈટી બોમ્બેના ડિરેક્ટર પ્રોફેસર શિરીષ કેદારે અને પ્રોફેસર ડુલ્લાની તાત્કાલિક ધરપકડની માંગ કરી છે. (પીટીઆઇ) ■

### ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ

છે. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સંસ્થા અત્યંત મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે અને તેના વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા કર્મચારીઓ ન્યાયપૂર્ણ, સર્વસમાવેશક અને સુરક્ષિત તથા કલ્યાણકારી વાતાવરણના હકદાર છે. ''અમે આ દુઃખદ ઘટનાની નિષ્પક્ષ, પારદર્શક અને ઝડપી તપાસને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ અને આગ્રહ કરીએ છીએ કે તમામ પ્રક્રિયાઓ સંપૂર્ણ નિષ્પક્ષતા અને પૂર્વગ્રહ વિના હાથ ધરવામાં આવે. અમે ઓનલાઇન અટકળો, મીડિયા ટ્રાયલ અથવા કોઈપણ વ્યક્તિ વિશે કાઢવામાં આવતા અપમાનજનક તારણો સામે સખત વિરોધ વ્યક્ત કરીએ છીએ,'' તેમ તેમાં જણાવાયું છે. ''માનસિક સ્વાસ્થ્યને મજબૂત કરવા, કેમ્પસમાં સુખાકારી જાળવવા અને આપણા લોકોમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા અમે સંસ્થા સાથે સહયોગ કરવા તૈયાર છીએ,'' તેમ નિવેદનમાં ઉમેરવામાં આવ્યું હતું. (પીટીઆઇ) ■

## પારસી મરણ

અદી ફ્રામરોઝ કુપર તે જરુના ધણી. તે મરહુમો જરબાનું ફ્રામરોઝ કુપરના દીકરા. તે હતૌક્શી ને રેનુકાના પપ્પા. તે જમશેદ ને પ્રવીણના સસરા. તે ફ્રેની ને મરહુમ હીલ્લાના ભાઈ. તે દરાયસ, નોઝર, અસ્પી ને હોમિયારના મામા. તે મરહુમો પીરોજા ધનજીશા કાસદના જમાઈ. (ઉ.વ. ૮૬). રહેવાનું ઠેકાણું: કુપર બિલ્ડીંગ, બીજે માળે, ૨૨૯ પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયા તા. ૨૫-૯-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ભાભા નં.-૧માં ડુંગરવાડી પર.

## જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદીવલી મધુકાંત વાડીલાલ શાહ (ઉં. વ. ૮૭), વસુમતીબેનના સહધર્મચારી. જયેશ, દીપક, આરતીના પિતાશ્રી. જલપા, હેતલ, અમીતભાઈના સસરા, રીયા મીતકુમાર દેસાઈ તથા રીકેનના દાદા. સ્વ. હરેન્દ્રભાઈ, ઉર્મિલાબેન તથા સરલાબેનના ભાઈ. ધ્રાંગધ્રા નિવાસી લવજીભાઈ ફુલચંદ શાહના જમાઈ. તા. ૨૩-૯-૨૦૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્ય. બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર વિમલકાંત અમૃતલાલ શાહ (ઉં. વ. ૯૩), હંસાબેનના પતિ. વિપુલ, સોનલના પિતાશ્રી. અમિતા, ધર્મેનના સસરાજી. અવિશા, રોનકના દાદાજી. નીલ, અનુજના નાનાજી તા. ૨૩-૯-૨૦૨૬ના રોજ અરિહંતશરણ થયેલ છે.લૌકિક વ્ય. બંધ છે.

ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન

ધંધુકા નિવાસી હાલ સાયન તારાબેન દલીચંદભાઈ દોશીના પુત્ર અરવિંદભાઈ (ઉં.વ. ૭૨) તે માયાબેનના પતિ. પ્રાચી હિતેનકુમાર શેઠ, સાર્થકના પિતાશ્રી. ભાવનાબેન દિપકકુમાર બગડીયા, પારૂલ હેમાંશકુમાર શાહ, નીપા નીતિનકુમાર વોરાના ભાઈ. બોટાદ નિવાસી ચંદુલાલ ઝવેરચંદ કોઠારીના જમાઈ. કીર્તિભાઈ, બકુલભાઈ, અતુલભાઈ, જીગ્નાબેન સંજયકુમાર ગોપાણીના બનેવી મંગળવાર, તા. ૨૨-૯-૨૬ના દિને અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના સરોજ ભુપેન્દ્ર માલદે (ઉં.વ. ૬૨) ૨૨-૯-૨૬નાં અરિહંતશરણ થયેલ છે. ગં.સ્વ. ખેતબાઇ લાલજી વીરજીના પુત્રવધૂ. ભુપેન્દ્રના પત્ની. પુજા, ચિંતનના માતુશ્રી. બિદડાના લક્ષ્મીબેન પ્રેમજીના સુપુત્રી. રેવંતી, સ્વ. કેતના, સ્વ. રાજેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભુપેન્દ્ર માલદે, એ-૬૦૧, નવનીત નગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇ.).

ગઢશીશાના પ્રેમજી ભાણજી ખીંયશી ગડા (ઉં.વ. ૭૧) ૨૨-૯-૨૬નાં અવસાન પામ્યા છે. મીનાના પતિ. પાનબાઇ ભાણજીના પુત્ર. કાજલના પિતા. રાઘવજી, નવિન, ગુણવંતી, જ્યોતિ, રમેશ, કલ્પનાના ભાઇ. નાના રતડીયા કેસરબેન ઠાકરશી ડાહ્યાભાઇ ગાલાના જમાઇ. પ્રા. શુભ મંગલ હોલ, ૨જે માળે, એવરેસ્ટ શોપીંગ સેન્ટર, ડોંબીવલી (ઇસ્ટ) ૨.૩૦ થી ૪. ચક્ષુદાન કરેલ છે. નિ. પ્રેમજી ગડા, ૧-સાઇધામ, કોપર ક્રોસ રોડ, ડોંબીવલી (વેસ્ટ).

રામાણીયાના વિભાબેન વિનોદ સાવલા (ઉં.વ. ૭૨) તા. ૨૧/૯ના અરિહંતશરણ પામ્યા છે. મેઘબાઈ ખીમજી નથુના પુત્રવધૂ. વિનોદના પત્ની. પૂર્વી, પલ્લવીના મમ્મી. દિવ્યાબેન મુલચંદના સુપુત્રી. નયન, ચેતના નિતીન, હિના રાજ, રીટા રાજેશના બેન. ભાવ ભક્તિનું સ્થળ : ઈમ્પીરીયલ હોલ, ધ પેલેસ બેંક્વેટ (બીજે માળે), વિકાસ સેન્ટર, એન.એસ. રોડ/એસ.એલ. રોડ જંકશન, મુલુંડ-વે., ટા. ૨.૩૦ થી ૪.૩૦. નિ. વિનોદ સાવલા : બી-૭૦૪, સ્વપ્ન મહલ, સ્વપ્ન નગરી, મુલુંડ-વે.

કોટડી મહા.ના માતુશ્રી કસ્તુરબેન છેડા (ઉં.વ. ૮૦) તા. ૨૨-૯-૨૬ના અવસાન પામેલ છે. જેતબાઇ આશુભાઇના પુત્રવધૂ. બુદ્ધીચંદભાઇના પત્ની. મનોજ, કમલેશ, જાગૃતિ, ઉર્મિલા, સુનીતાના માતુશ્રી. સાભરાઇ પાનબાઇ નેણશી ગોસરના સુપુત્રી. લક્ષ્મીચંદ, મણીબેન, વિમલા, નિર્મલાના બેન. ત્વચાદાન અને ચક્ષુદાન કરેલ છે. પ્રા. : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા.સં.સં કરસન લધુ નિસર હોલ, દાદર (વે), ટા. : ૨ થી ૩.૩૦. નિ. : કમલેશ છેડા, ૧૩૦૩, આનંદી હાઈટ્સ, ગણેશ ગાવડે રોડ, મુલુંડ (વે.).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ દહિસર, હિંમતલાલ ન્યાલચંદ શાહના ધર્મપત્ની ગુણવંતીબેન (ઉં.વ. ૮૯) તે મંગળવાર, તા. ૨૨/૯/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભરત-સુરેખા, સમીર-ભાવિની, અમિત-પરિતા તથા શીલા દિપકકુમારના માતુશ્રી. સ્વ. હીરાભાઈ, સ્વ. અનંતરાય, સ્વ. શાંતિભાઈ, સ્વ. ચંદુભાઈ, સ્વ. પરસનબેન તથા સ્વ. ખીમીબેનના ભાઈના પત્ની. પિયર પક્ષે સ્વ. બાબુલાલ અમૃતલાલ ત્રિભોવન શાહના દીકરી. માનસી પિયુષકુમાર, દર્શિત કિંજલ, ધ્રુવી ઋષભકુમાર, ધીર, ધ્વનિ, શાલીન, વિધિ જીગરકુમાર, મનન, રિદ્ધિ, કાયરાના બા. તેમની માતૃવંદના ૨૭/૯/૨૬ રવિવારના સવારે ૧૦ થી ૧૨ ક. ફ્રેન્ડ્સ બેન્કવેટ, હેપ્પી હોમ સોસાયટીની બાજુમાં, જયવંત સાવંત માર્ગ, દહિસર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### બોલિવૂડ કલાકારોના

મુંઢેની પ્રામાણિક કામગીરીની પ્રશંસા કરી હતી.

મુંઢેએ જણાવ્યું કે માત્ર 'ટીમ તુકારામ મુંઢે'નું ટી-શર્ટ પહેરવું કે નામ બતાવવું પૂરતું નથી, પરંતુ વાસ્તવિક કામ કરવું અને સાચો અભિગમ અપનાવવો જરૂરી છે. તેમણે ઉમેર્યું કે ખોરાકની સુરક્ષાના મુદ્દાઓ સામે લડવા માટે દરેક ક્ષેત્રના સારા લોકોએ સાથે આવવું પડશે.

કલાકારોનો આભાર માનતા મુંઢેએ જણાવ્યું કે, તેઓ પોતાની જવાબદારી નિભાવી રહ્યા છે, પરંતુ ખોરાકની સુરક્ષા એ માત્ર એક વ્યક્તિનું કામ નથી પણ ટીમ પ્રયાસ છે. ■

## હિન્દુ મરણ

**વિસાનાગર વણિક**

વડનગર નિવાસી હાલ મુંબઈ નરેનભાઈ વલ્લભદાસ શેઠ તે કમળાબેન વલ્લભદાસ શેઠના પુત્ર. દર્શનાબેનના પતિ. પાયલ, સ્મિત (ગોપાલ)ના પિતાશ્રી. રાજવીના સસરા. કેશવીના દાદા. રંજનબેન - સ્વ. દિનેશચંદ્ર ઈશ્વરલાલ શેઠના જમાઈ તા. ૨૧-૯-૨૬ના સોમવારે ગોલોક પામ્યા છે. પ્રાર્થનાસભા ૨૪-૯-૨૬ને ગુરુવારે સાંજે ૫ થી ૭ માતૃ મંદિર, ૨૭૮ તાડદેવ રોડ, નાના ચોક, ગ્રાન્ટ રોડ (વેસ્ટ) (લેન્ડ માર્ક - ભાટિયા હોસ્પિટલની સામે). પિયર પક્ષની પ્રાર્થનાસભા સાથે જ રાખેલ છે.

**પાવરાઈ ભાટિયા**

ગામ દેવીસર હાલ ઘાટકોપર (વે) પરાગ ચંદુલાલ ભાટિયા (ઉં. વ. ૫૩) સ્વ. ધનલક્ષ્મી ચંદુલાલ ભાટિયાના સુપુત્ર. સ્વ. દામજી રામજી, તારાબેનના પૌત્ર. હંસરાજ લાલજી બાલાઈના દોહિત્ર. મનીષ અને હેમાલીના મોટાભાઈ બુધવાર, તા. ૨૩-૯-૨૦૨૬ના શ્રીજી ચરણ પામ્યા છે. લૌકિક વ્ય. બંધ છે.

**હાલાઈ ભાટિયા**

હંસરાજ કરણસિંહ સંપટ (ઉં. વ. ૭૯) મંગળવાર, તા. ૨૨-૯-૨૦૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઉષા હંસરાજના પતિ. ચિ. ચિરણ, અ.સૌ. અવંતિકાના પિતા. અ.સૌ. જીજ્ઞાના સસરા. સ્વ. લલિતા રણજીત, સ્વ. વિરમતી કરસનદાસ, ગં.સ્વ. કાન્તા હરિદાસ, ગં.સ્વ. જયા અનિલકુમાર, ગં.સ્વ. ચંદ્રા મહેન્દ્ર, ગં.સ્વ. વીણા અજીત, સ્વ. ધૈર્યબાળા પ્રવિણ તથા અ.સૌ. કાલિન્દી કિશોરકુમારના ભાઈ. તનિશી, કશિશના દાદા અને જશના નાના. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૬-૯-૨૦૨૬ના સાંજે ૪.૩૦ થી ૬ જુની હાલાઈ ભાટિયા મહાજનવાડી (કાલબાદેવી રોડ, મુંબઈ-૨).

**કપોળ**

ડુંગરવાળા સ્વ. સવિતાબેન જેઠાલાલ વ્રજલાલ સંઘવીના પુત્ર જયેશ (ઉં.વ. ૬૯) સોમવાર, તા. ૨૧-૯-૨૬ના અમરેલી મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે ઉષાબેનના પતિ. જીગર તથા જયના પિતા. ભાવિ તથા કૃતિના સસરા. સુધીરભાઈ, સ્વ. પ્રવિણાબેન ભરતકુમાર પારેખ, કલ્પનાબેન પ્રદીપકુમાર વ્યાસના ભાઈ. મોતીલાલભાઈ, મહેન્દ્રભાઈ, ભાસ્કરભાઈ ગોકળદાસ મહેતાના ભાણેજ. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. હીરજી માવજી દાવડા કચ્છ ગામ કોટડા જડોધરના પુત્ર કેતન (ઉં.વ. ૫૪) તે ગં. સ્વ. જયાલક્ષ્મી હીરજી દાવડાના પુત્ર. મેઘનાબેનના પતિ. જયોતિબેન વસંત સચદેના જમાઈ. યશના પિતાશ્રી. ભરત, સ્વ. વિલેશના મોટા ભાઈ તા. ૨૨-૯-૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૪-૯-૨૬ના સાંજે ૫ થી ૭ ગોપૂરમ હોલ, પુરુષોત્તમ ખેરાજ ઈન્ડસ્ટ્રિઅલ એસ્ટેટ, આર. પી. રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની પાસે, મુલુન્ડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ મોટા જાદરાવાળા હાલ બોરીવલી હર્ષદભાઈ પરષોત્તમભાઈ રાઠોડ (ઉં.વ. ૭૭) તા. ૨૧-૯-૨૬, સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પરષોત્તમભાઈ રામજીભાઈના પુત્ર. શારદાબેનના પતિ. હેમરાજભાઈ અંબાભાઈ મકવાણાના જમાઈ. સ્વ. વજુભાઈ, રમેશભાઈ, સ્વ. ગુણવંતભાઈ, જયેશભાઈના ભાઈ. ભાવેશ, શૈલેષ, રાજેશ, સમીર, પ્રફુલ્લા હિતેન પરમારના પિતાશ્રી. દર્શના, નિશા, આશિતા, રચનાના સસરા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૪-૯-૨૬ના સાંજે ૫ થી ૭. સ્થળ: લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, અંબાજી મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**દશા મોઢ માંડલિયા**

જેતપુર નિવાસી સ્વ. કમળાબેન અમૃતલાલ કપૂરચંદ મારડિયાના સુપુત્ર સ્વ. જિતેન્દ્ર (ઉં.વ. ૮૩) તા. ૨૩-૯-૨૬, બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સર્મિષ્ઠાબેનના પતિ. ભાવિનભાઈના પિતાશ્રી અને સોનાલીબેનના સસરા. ચિ. ધૈર્યના દાદા. સ્વ. પ્રફુલભાઈ, સ્વ. પ્રવિણભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ તથા દિલીપભાઈના ભાઈ. સ્વ. સુશીલાબેન પ્રવિણચંદ્ર શાહ, અ.સૌ. ગીતાબેન જેસુખલાલ શાહ, અ.સૌ. પન્નાબેન બિપિનચંદ્ર વોરાના ભાઈ. અ.સૌ. નિલમ અતુલ ઝવેરી, અ.સૌ. મનિષા મિતેશ મહેતા, અ.સૌ. નિલાક્ષી કેતન શાહના પિતાશ્રી. સ્વ. હરખલાલ પ્રભુદાસ શાહ (કોડિનાર)ના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક સમાજ**

સરંભડા નિવાસી, સ્વ. રુક્ષ્મણી ગોવિંદજી કાઢીના પુત્રવધૂ, હાલ ઘાટકોપર, અ.સૌ. શ્રીમતી સોનાલીબેન (ઉં.વ. ૬૦) બાલકૃષ્ણ ગોવિંદજી સંઘાણીનાં ધર્મપત્ની. વિવેકનાં માતુશ્રી. સાન્વીનાં સાસુમા તથા રિત્વિકનાં દાદીમા. સ્વ. શોભાબેન રમેશચંદ્ર શાહ, તરુબેન વસંતલાલ શેઠ, પ્રફુલ્લાબેન હસમુખરાય ધ્રુવ, નયનાબેન દિનેશકુમાર માલવિયા, છાયાબેન કૃષ્ણકાન્ત ભુપતાની, પારુબેન ભરતકુમાર સેલારકાનાં ભાભી. સ્વ. મંગળાબેન ભીખાલાલ સેલારકાની દીકરી. સ્વ. કમલેશભાઈ, સ્વ. વિમલભાઈ યોગેશનાં બહેન. તા. ૨૨-૯-૨૬ના શ્રીજીનાં ચરણોમાં લીન થયેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી (વાગડ) લોહાણા**

ગામ ભદ્રેશ્વરના હાલે થાણે સ્વ. સૌ. ભારતીબેન(કંકુબેન) કાંતિલાલ આડઠક્કર (ઉં.વ. ૬૪) તે સ્વ. ગૌરીબેન જમનાદાસ વલ્લભજી આડઠક્કરના પુત્રવધૂ. કાંતિલાલના ધર્મપત્ની. હેતલ સત્રા તથા કપિલના માતુશ્રી. સ્વ. નિર્મળાબેન દયાળજી ઝવેર પોપટ (પનવેલ)ના પુત્રી. પંકજ હંસરાજ સત્રાના સાસુ. હર્ષના નાની. રમેશભાઈના ભાભી. ૨૧/૯/૨૬ના સોમવારે રામશરણ થયેલ છે તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૪/૯/૨૬ના ગુરુવાર સાંજે ૪.૩૦ થી ૬.૦૦. શ્રી મુલુંડ કચ્છી લોહાણા મહાજન વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, મુલુંડ વેસ્ટ. લૌકીક વ્યવહાર સદંતર બંધ છે.

**હાલાઇ લોહાણા**

સ્વ. કલ્યાણદાસ મોરઝરિયા તથા સ્વ. વ્રજકુંવરબેનના પુત્ર. ગાંધી તથા ખાખરીયા પરિવારના જમાઈ ચંદ્રકાંત મોરઝરિયા (ઉં.વ. ૮૭) જે સ્વ. દુર્ગાદાસભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. સુભાષભાઈ, સ્વ. ભાનુબેન વિજયભાઈ વસાણી તથા ચંદ્રિકાબેન દેવીદાસભાઇ કાપડીયાના ભાઈ. ગં.સ્વ. મીનાક્ષીબેન (માનોરમા બેન)ના પતિ. હિતેનભાઈ, જીતેનભાઇના પિતા. મનિષાબેન, તેજલબેનના સસરા. તે જય તથા વ્રજના દાદા. ૨૧-૯-૨૬ સોમવારના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ


feedback@bombaysamachar.com
મેલ મેટર્સ
અંકિત દેસાઈ

## જો પુરુષોને પણ પિરિયડ્સ આવતા હોત તો...?

હમણાં જાણીતી અભિનેત્રી શ્રુતિ હાસને એક પૉડકાસ્ટ દરમિયાન એક ગંભીર છતાં રમૂજી નિવેદન આપ્યું કે તેમણે હજારો વાર એવી પ્રાર્થના કરી છે કે પુરુષોને પણ પિરિયડ્સ આવવા જોઈએ. તેમનો તર્ક એવો હતો કે જો પુરુષોને માસિક ધર્મ આવતો હોત તો કદાચ કૉર્પોરેટ જગતમાં 'પિરિયડ લીવ' કે રજાઓ આપવાના નિયમો વધુ સહજ, સંવેદનશીલ અને ઝડપી બની ગયા હોત, કારણ કે પુરુષકેન્દ્રી સમાજમાં જે પીડા દેખાય છે તેની જ ગંભીરતાથી નોંધ લેવાય છે.

આ નિવેદન સાંભળીને પ્રથમ દૃષ્ટિએ કોઈ પણ પુરુષને નારાજગી થઈ શકે અથવા તો આ વાતને માત્ર એક ભ્રમ કે કટાક્ષ ગણીને નકારી દેવાનું મન થાય, પરંતુ જ્યારે આપણે આ વિષયને આવેગ કે પક્ષપાત વગર, કેવળ તર્ક અને માનવ સહજ વાસ્તવિકતાના ચશ્માંમાંથી જોઈએ છીએ ત્યારે આ નિવેદન પાછળ છુપાયેલી સામાજિક કડવાશ અને જૈવિક સત્ય વચ્ચેનો તફાવત સ્પષ્ટ થવા લાગે છે.

સૌપ્રથમ તો જૈવિક અને વૈજ્ઞાનિક વાસ્તવિકતા એ છે કે પ્રકૃતિએ સ્ત્રી અને પુરુષના શારીરિક બંધારણ, હૉર્મોનલ ચક્ર અને પ્રજનન ક્ષમતાની વહેંચણી ચોક્કસ હેતુથી કરી છે. પ્રકૃતિનો આ નિયમ કાલ્પનિક ઇચ્છાઓથી બદલાવાનો નથી. તેથી 'જો પુરુષોને પિરિયડ્સ આવે તો શું થાય' એ પ્રશ્ન વૈજ્ઞાનિક રીતે અર્થહીન છે, પણ સામાજિક અને માનસિક રીતે તે અત્યંત વિચારણીય છે. પ્રશ્ન એ નથી કે પુરુષે શારીરિક રીતે એ લોહી અને અસહ્ય ખેંચાણની પીડા ભોગવવી પડે, પરંતુ પ્રશ્ન એ છે કે શું કોઈ પીડાને સમજવા માટે એ પીડામાંથી પોતે પસાર થવું ફરજિયાત છે? જો એવું જ હોય તો કૅન્સરના દર્દીની સારવાર કરતો ડૉક્ટર કે સરહદ પર ઘવાયેલા સૈનિકની સારવાર કરતો માનવી ક્યારેય એમની તકલીફ સમજી જ ન શકે. પુરુષત્વની ખરી કસોટી પીડા અનુભવવામાં નહીં, પરંતુ સ્વજનની પીડાને આત્મસાત કરીને તેની સપોર્ટ સિસ્ટમ બનવામાં છે.




આપણા સમાજમાં દાયકાઓથી પિરિયડ્સને એક એવો ગુપ્ત વિષય બનાવી દેવામાં આવ્યો છે. જેના વિશે ઘરમાં પણ ધ્રૂજતા અવાજે કે ઇશારામાં વાત થાય છે. બાળપણથી જ છોકરાઓને બહેન કે માતાના આ દિવસોથી દૂર રાખવામાં આવે છે, પિરિયડ્સના પૅડ કાળા ઝબલાં-પ્લાસ્ટિકને થેલી કે છાપામાં વીંટાળીને લાવવામાં આવે છે અને આ પ્રક્રિયાને માત્ર 'સ્ત્રીઓની ખાનગી વાત' કહીને પુરુષોની સમજણનો દરવાજો જ બંધ કરી દેવામાં આવે છે. પરિણામે મોટાભાગના પુરુષો પિરિયડ્સ પ્રત્યે કઠોર કે સંવેદનહીન નથી હોતા, પણ તે આને લઈને કેવળ અજ્ઞાની હોય છે. તેમને એ વાતનો ખ્યાલ જ નથી હોતો કે આ માત્ર લોહી વહેવાની સામાન્ય પ્રક્રિયા નથી, પરંતુ તેની સાથે ડિપ્રેશન, હૉર્મોનલ ફેરફારો, અસહ્ય કમર અને પેટનો દુખાવો, પીસીઓએસ અને મૂડ સ્વિંગ્સ જેવી જટિલ શારીરિક-માનસિક સ્થિતિઓ જોડાયેલી હોય છે. પુરુષ જ્યારે આ પ્રક્રિયાના વિજ્ઞાનથી વંચિત રહે છે ત્યારે તે વર્કપ્લેસ પર કે ઘરમાં તેને 'નાટક' કે 'મૂડ સ્વિંગ્સ' ગણી લેવાની ભૂલ કરી બેસે છે.

શ્રુતિ હાસનના નિવેદનમાં વર્કપ્લેસ કલ્ચરને લઈને જે આક્ષેપ છે તેનો એક તાર્કિક પક્ષ એ પણ છે કે પુરુષસત્તાક કે કૉર્પોરેટ માનસિકતામાં 'દેખાતી ઈજા'ને તરત જ સ્વીકારવામાં આવે છે, જ્યારે 'અદૃશ્ય પીડા'ને નકારવામાં આવે છે. જો કોઈ પુરુષ કર્મચારીને અકસ્માત થાય, ફ્રૅક્ચર થાય કે સર્જરી કરાવવી પડે તો કંપનીઓ તેને મહિનાઓની મેડિકલ લીવ સહજતાથી આપે છે, પરંતુ જે પીડા શરીરમાં અંદરથી થઈ રહી છે અને જેનું કોઈ બાહ્ય પટ્ટી કે પ્લાસ્ટર દેખાતું નથી તેને ઘણીવાર ગંભીરતાથી લેવામાં આવતી નથી. જોકે આ માનસિકતા માત્ર સ્ત્રીઓ પૂરતી સીમિત નથી. પુરુષો પણ આ જ ટાસ્ક-ઓરિએન્ટેડ અને કઠોર વર્ક કલ્ચરના ભોગ બને છે. પુરુષો જ્યારે માનસિક તણાવ, બર્નઆઉટ કે ડિપ્રેશનમાંથી પસાર થાય છે ત્યારે તેમને પણ 'પુરુષ થઈને રડે છે?' કે 'આટલામાં થાકી ગયો?' કહીને તેમની અદૃશ્ય પીડાને નકારી દેવાય છે એટલે કે વર્કપ્લેસ પર અદૃશ્ય પીડા પ્રત્યેની સંવેદનહીનતા એ માત્ર સ્ત્રી-પુરુષનો ભેદભાવ નથી, પણ સમગ્ર કૉર્પોરેટ માનસિકતાની ખામી છે.

આ સ્થિતિમાં જો પુરુષ પોતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કરે તો તેણે એ સમજવું પડે કે સ્ત્રી જ્યારે આવી આકરી માગણીઓ કે આક્રોશ વ્યક્ત કરે છે ત્યારે તેની પાછળ વર્ષોની અણસમજ અને તિરસ્કારનો અનુભવ હોય છે. જ્યારે કોઈ મહિલા ઑફિસમાં પીડાથી તરફડતી હોય અને તેને એમ કહેવામાં આવે કે 'આ તો દર મહિનાનું છે... એમાં આટલો ડ્રામા કરવાની શું જરૂર છે?' ત્યારે જ એ સ્ત્રીના મનમાં એવો વિચાર જન્મે છે કે જો આ પુરુષને પણ આ પીડા થતી હોત તો કદાચ એ આ શબ્દો ન બોલ્યો હોત. તેથી પુરુષોએ આવી ટિપ્પણીઓથી નારાજ થવાને બદલે એ વિચારવાની જરૂર છે કે આપણે એક સમાજ તરીકે ક્યાં ઊણા ઊતર્યા છીએ.

વાસ્તવિક અને લૉજિકલ ઉકેલ એ નથી કે પુરુષો પ્રકૃતિ સામે લડીને પિરિયડ્સની રાહ જુએ. સાચો ઉકેલ એ છે કે પુરુષ પોતાના પુરુષત્વને વધુ પરિપક્વ અને સંવેદનશીલ બનાવે. એક પિતા તરીકે પોતાના પુત્રને નાનપણથી જ પિરિયડ્સનું સાચું વિજ્ઞાન સમજાવવું, એક પતિ તરીકે ઘરમાં પિરિયડ્સના દિવસોમાં પત્નીને શારીરિક કામમાંથી મુક્તિ આપીને હૉટ વૉટર બૅગ કે દવા આપવાની સહજતા કેળવવી અને એક બૉસ કે કો-વર્કર તરીકે ઑફિસમાં કામ કરતી મહિલા સહકર્મીની તકલીફને સમજીને તેને જરૂરી સ્પેસ આપવી એ જ ખરી મૅચ્યોરિટી છે.

આખરે કુદરતે સ્ત્રી અને પુરુષને એકબીજાનાં પૂરક બનાવ્યાં છે, હરીફ નહીં. સ્ત્રીની જૈવિક પીડાને પુરુષ અનુભવી શકતો નથી, પણ એ પીડાને સમજીને તેની પડખે ઊભા રહેવાની ક્ષમતા તો ઈશ્વરે પુરુષને આપી જ છે. શ્રુતિ હાસનના નિવેદનનો સકારાત્મક સાર એ જ હોવો જોઈએ કે પુરુષોને પિરિયડ્સ આવવાની કોઈ જ જરૂર નથી, બસ પુરુષોમાં પિરિયડ્સ અને સ્ત્રી સહજ પીડા પ્રત્યે માનસિક મૅચ્યોરિટી અને સંવેદના આવવી અત્યંત જરૂરી છે. જો આ સંવેદના આવી જશે તો કોઈ પણ કાયદા કે 'પિરિયડ લીવ'ના નિયમો વગર પણ સમાજ અને વર્કપ્લેસ વધુ માનવીય અને સુંદર બની જશે. ■



# ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## તને કદી એકલા ફરવા જવાનું મન થાય?

*ડિયર હની,*

*એક સવાલ પૂછું? તને કદી એકલા ફરવા જવાનું મન થાય ખરું? ક્યારેય આવી ઇચ્છા થઈ હતી અને થઈ હોય તો તું ક્યારેય એકલી ફરવા ગઈ હતી ખરી? તને થશે કે આ પ્રશ્ન મને થયો કેમ? કેમ ના થાય? યુવકો એકલા ફરવા જાય છે એના અનેક દાખલા પણ છે, પણ યુવતીઓમાં આવા દાખલા કેટલા?*

*યુવતીએ એકલા જવું હોય તો ઘરેથી પરમિશન લેવી પડે છે, જે સરળતાથી મળતી નથી, જ્યારે યુવકોને મળી જાય છે.*

*ફરી અહીં વાત લિંગ અસમાનતાની આવી જાય છે, પણ આ આપણા સમાજની વાસ્તવિકતા છે. હજુય છોકરીઓને ક્યાંય એકલા ફરવા જવું હોય તો મા-બાપ સરળતાથી મંજૂરી આપતાં નથી. અપરિણીત હોય કે પરિણીત... યુવતીઓ માટે આવી મંજૂરી મળવી આસાન નથી. આમ છતાં કેટલાકે આ બંધનો તોડ્યાં છે, જે જાણવા માટે ઇતિહાસમાં જવું પડે. ઇતિહાસમાં એવી ઘણી સાહસિક મહિલાઓ થઈ છે જેમણે રૂઢિચુસ્ત સમાજ અને જોખમો સામે લડીને દુનિયામાં એકલા ફરવાની શરૂઆત કરી હતી અને માર્ગ બનાવ્યો હતો.*

*અઈદા પફેઇફિર... ઑસ્ટ્રિયાની આ મહિલાને વિશ્વની પ્રથમ સોલો મહિલા ટ્રાવેલર અને ટ્રાવેલ રાઇટર માનવામાં આવે છે, જ્યારે સ્ત્રીઓ ઘરની ચાર દીવાલોમાં કેદ હતી ત્યારે તેમણે ૪૦ વર્ષની ઉંમર પછી એકલાં જ મધ્ય પૂર્વ, ભારત, ઇન્ડોનેશિયા અને ઉત્તર ધ્રુવ પ્રદેશોની સફર ખેડી હતી અને પોતાના પ્રવાસો વિશે પુસ્તકો પણ લખ્યાં હતાં. અઇદાનું બાળપણથી જ દુનિયા જોવાનું અને મુસાફરી કરવાનું સ્વપ્ન હતું, પરંતુ લગ્ન એક સરકારી અધિકારી સાથે થયાં અને બે સંતાનોની માતા બન્યાં. જ્યાં સુધી બાળકો મોટાં ન થયાં અને પતિનું અવસાન ન થયું ત્યાં સુધી તેમણે પોતાની જવાબદારીઓ નિભાવી. ૪૨ વર્ષનાં થયાં (એટલે કે ૧૮૪૨માં), ત્યારે તેમણે પોતાના બાળપણના સપનાને પૂરું કરવાનું નક્કી કર્યું અને સોલો ટ્રાવેલિંગની શરૂઆત કરી.*

*પહેલી મોટી સફર ૧૮૪૨માં પેલેસ્ટાઈન, ઇજિપ્ત અને મિડલ ઈસ્ટના દેશોની કરી. આ પ્રવાસ દરમિયાન તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, ચોરો-લૂંટારાઓનો ભય હતો, છતાં તે હિંમત ન હાર્યાં. આ પ્રવાસ પરથી તેમણે પોતાનું પહેલું પુસ્તક લખ્યું, જે ખૂબ લોકપ્રિય થયું અને તેમને આર્થિક રીતે પણ મદદ મળી.*

*અઈદાએ બે વાર દુનિયાભરનાં ચક્કર લગાવ્યાં હતાં. ૧૮૪૬થી ૧૮૪૮ દરમિયાન પ્રથમ વર્લ્ડ ટૂર કરી. આ પ્રવાસમાં તેમણે બ્રાઝિલનાં ગાઢ જંગલો, ચીલી, પક્ષીઓની ટાપુઓ, ભારત (મુંબઈ, કલકત્તા વગેરે), ઇરાક, પર્શિયા અને મિડલ ઈસ્ટની મુસાફરી કરી. જહાજમાં મુસાફરી કરતી વખતે તોફાનો અને ચાંચિયાઓ (pirates) સામે પણ લડ્યાં હતાં.*

*બીજી વર્લ્ડ ટૂર ૧૮૫૧-૧૮૫૫ દરમિયાન કરી. આ સફરમાં તેમણે દક્ષિણ આફ્રિકા, ઑસ્ટ્રેલિયા, અમેરિકા અને મલેશિયા તથા ઇન્ડોનેશિયા (બોરિનિયો અને સુમાત્રા)ના અજાણ્યા આદિવાસી વિસ્તારોની મુલાકાત લીધી. આ દરમિયાન તેમણે નરભક્ષક જાતિઓ વચ્ચે પણ સમય વિતાવ્યો હતો.*

*આવી જ એક બીજી મહિલા છે નેલી બ્લાઈ. એ પત્રકાર હતી. ૧૮૮૯માં માત્ર ૭૨ દિવસમાં ટ્રેન અને અન્ય વાહન દ્વારા એકલા જ આખી દુનિયાનું ચક્કર લગાવીને ઇતિહાસ રચ્યો હતો. તેમના આ સાહસે દુનિયાભરની સ્ત્રીઓને પ્રવાસ માટે પ્રેરિત કરી હતી.*

*એ જ રીતે બ્રિટિશ સંશોધક ફ્રેયા સ્ટાર્કે ૧૯મી સદીના અંતમાં એકલા હાથે મિડલ ઇસ્ટ (ઈરાન, ઇરાક, યમન, વગેરે)ના અજાણ્યા અને જોખમી વિસ્તારોની મુસાફરી કરી હતી. તેમણે સોલો ટ્રાવેલ વિશે કહ્યું હતું : 'અજાણ્યા શહેરમાં એકલા જાવું એ દુનિયાની સૌથી સુંદર અનુભૂતિ છે.!'*

*ભારતમાં પણ આવી મહિલાઓ છે. શિવ્યા નાથ ભારતીય સોલો વુમન ટ્રાવેલર્સમાં ખૂબ જ જાણીતું નામ છે. તેણે ૨૩ વર્ષની નાની વયે કૉર્પોરેટ નોકરી છોડીને કાયમી ધોરણે સોલો ટ્રાવેલ કરવાનું શરૂ કર્યું અને 'ધી શૂટિંગ સ્ટાર' નામે બ્લૉગ દ્વારા ભારતમાં સોલો ટ્રાવેલ કલ્ચરને લોકપ્રિય બનાવવામાં મોટો ફાળો આપ્યો છે.*

*કેરળની સાહસિક મહિલા નજી નૌશીએ તો પોતાની થાર ગાડીમાં એકલાં જ ૨૧ દેશોનો પ્રવાસ ખેડીને અદ્ભુત સાહસ દાખવ્યું છે, જેમાં તાલિબાન શાસિત અફઘાનિસ્તાન જેવા જોખમી પ્રદેશોનો પણ સમાવેશ થાય છે તો મુંબઈની રુતવી મહેતાએ જેસલમેરથી શિલોંગ સુધી ૩,૦૦૦ કિલોમીટર લાંબી ઑટો-રિક્ષા સોલો રાઇડ કરીને તથા ન્યૂઝી લૅન્ડથી લઈને યુરોપ સુધી બૅકપૅકિંગ કરીને ભારતીય મહિલાઓની ક્ષમતા સાબિત કરી છે.*

*હવે તો આવા દાખલાનું પ્રમાણ વધ્યું છે. પ્રવાસ કરવો અને એમાંય એકલા પ્રવાસ કરવો એના અનુભવ અને અનુભૂતિ સાવ અલગ હોય છે. જાણીતી ગુજરાતી લેખિકા કાજલ ઓઝા વૈદ્ય પણ આવી સફર કરી છે અને એના વિશે લખ્યું છે : 'આવી સફર કરવી જોઈએ. હું મહિલા છું એટલે ઘણી બધી જવાબદારી છે કે સલામતીનું શું? એવા પ્રશ્નો મનમાં જરૂર ઊઠે પણ એને અતિક્રમી સોલો ટ્રાવેલ કરવું જોઈએ. એકલા ફરવા જવું એ જાત સાથે પનારો પાડવા જેવું પણ છે. એનો અનુભવ એક મહિલા-યુવતીએ જરૂર લેવો જોઈએ અને હા, એ વિશે લખવું પણ જોઈએ.'*

*ગુજરાતી ભાષામાં પ્રવાસ પુસ્તક લખનાર પ્રથમ મહિલા મહારાણી નંદકુંવરબા હતાં. એમણે ૧૯૦૨માં 'ગોમંડળ પરિક્રમા' પુસ્તક લખ્યું. જેમાં તેમણે પોતાના વિશ્વભ્રમણ અને પ્રવાસના અનુભવોનું અદ્ભુત આલેખન કર્યું હતું.*

*તું પણ આવો કૈક વિચાર કર ને...*

**તારો બન્ની**

# સંધ્યા છાયા


feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## તમે ધનનો સદ્ઉપયોગ કઈ રીતે કરો છો?

લક્ષ્મી તો ઘણાને વરેલી હોય છે, પણ કેટલાકના હાથમાંથી પૈસા છૂટતા જ નથી. ન તો પોતાની માટે વાપરી શકે છે કે ન કોઈ સદ્કાર્યમાં વાપરી શકે છે. જ્યારે કેટલાક લોકો એવા હોય છે જે પોતાનું ધન સ્વઅર્થે જ ખર્ચે છે. બીજાની માટે પાંચ પૈસા પણ વાપરવા તૈયાર નથી હોતા. કોઈ સદ્કાર્ય માટે પણ મદદનો હાથ લંબાવતા નથી. જ્યારે કેટલાક એવા લોકો હોય છે જે હંમેશાં મદદનો હાથ લંબાવવા તૈયાર હોય છે. હંમેશાં સદ્કાર્ય માટે રેડી હોય છે. જરૂરિયાતમંદને સહાય કરવામાં ક્યારેય પાછી પાની નથી કરતા. જે લોકો લક્ષ્મીનો ઉપયોગ સદ્કાર્યમાં કરે છે તેમની લક્ષ્મી મહાલક્ષ્મી બની જાય છે.

આજે એવી જ એક વ્યક્તિ વિશે વાત કરવી છે. આપણે એમને પ્રીતિબહેન કહીશું, પ્રીતિબહેનની ઉંમર હશે ૬૫થી ૭૦ વચ્ચેની. પ્રીતિબહેન હંમેશાં અપ-ટુ-ડેટ હોય. તેમનું ડ્રેસિંગ-સેન્સ ગજબનું છે. વ્યવસ્થિત રહેણીકરણીને લીધે તમે તેમની ઉંમરનું અનુમાન લગાવી શકો નહીં. તેથી જ ૬૫થી ૭૦ વચ્ચેની તેમની વય હશે તેમ લખ્યું છે.

ગુજરાતના ગામમાં જ પ્રીતિબહેનનો ઉછેર અને ભણતર થયાં. જોકે થોડા સમય પછી તે ગુજરાતના શહેરમાં વસી ગયાં હતાં તેથી કૉલેજનું શિક્ષણ પણ ગુજરાતના શહેરમાં થયું. પ્રીતિબહેનને ભણવાનો, અધ્યયનનો, નવું શીખવાનો બહુ જ શોખ. તેમને નાનપણથી જ્યોતિષવિદ્યાનો શોખ હતો. જોકે તે શીખી ન શક્યાં. લગ્ન પછી મુંબઈ સ્થાયી થયાં. પતિની કમાણી ઠીકઠાક હતી, પણ મુંબઈના ખર્ચા જાલીમ એટલે 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' એ કહેવત પ્રીતિબહેનના જીવનમાં પણ યથાર્થ જ ઠરી. કાંઈ બચત હાથમાં રહેતી ન હતી.




પ્રીતિબહેને વિચાર્યું કે એકલો પતિ બિચારો કેટલું કરે? મારે પણ કાંઈક કરવું જોઈએ. આમ પણ પ્રીતીબહેન નાનપણથી જ ઉધમી. સમય જતાં દીકરાનો જન્મ થયો. ખર્ચ વધ્યો. હવે તો કાંઈક કરવું જ પડશે એવા નિશ્ચય સાથે પ્રીતિબહેને ઘેર બેસીને જ સાડીઓ વેચવાનું કામ શરૂ કર્યું. કામ સારું ચાલ્યું. દીકરો મોટો થયો હતો. બાઈ પાસે રાખીને બહાર નીકળી શકાય એમ હતું. એવામાં એક દિવસ પ્રીતિબહેનની નજર અખબારમાં પ્રકાશિત થયેલી એક જાહેરખબર હતી. વળી શીખવવાની કોઈ ફી પણ આપવાની ન હતી. નિઃશુલ્ક જ્યોતિષ વિદ્યા શીખવવાનાં હતાં. નાનપણમાં જ્યોતિષ વિદ્યા શીખી શક્યાં ન હતાં તે આ જાહેરખબર જોઈને શીખી લેવા માટે કટિબદ્ધ થયાં.

સાડીનો બિઝનેસ સંભાળે, દીકરાને સંભાળે અને અઠવાડિયામાં ૩ દિવસ ક્લાસમાં જાય. ક્લાસમાં વધુ ધ્યાન દઈને સાંભળે, સમજે પણ જ્યોતિષ બહુ જ ગહન અને વિસ્તૃત વિષય છે, ક્લાસમાં જે શીખવ્યું હોય તેય ઘેર આવીને ફરી વાંચે નહીં, તેનું અધ્યયન કરે નહીં તો ભૂલી જવાય.

પ્રીતિબહેનનું મગજ તો પહેલેથી જ શાર્પ. ઘરે રાતે મોડે સુધી જાગીને પોતાનો અભ્યાસ કરી લે. આમ શીખતાં શીખતાં પ્રીતિબહેન તો જ્યોતિષાચાર્ય બની ગયાં. એવામાં પતિ ગંભીર માંદગીમાં પટકાયા. તેમની સેવા-સુશ્રુષા, સાડીનો વ્યવસાય અને દીકરાની સાર-સંભાળમાં જ્યોતિષ ભુલાઇ ગયું. કાળને કરવું ને એમના પતિ ગંભીર બીમારીમાંથી બચ્યા નહીં. હવે દીકરો પણ કૉલેજમાં જતો હતો. પતિ રહ્યા નહીં, હવે પ્રીતિબહેન પાસે સારો એવો સમય હતો. માળિયા પર ચઢાવી દીધેલાં જ્યોતિષનાં પુસ્તકો ઉતાર્યાં. ફરી અધ્યયન શરૂ કર્યું. જ્યાં અટકે ત્યાં ગુરુઓની સલાહ લે. આમ જ્યોતિષ વિદ્યામાં તે પારંગત થઈ ગયાં. તેમણે જ્યોતિષ જોવાનું ચાલુ કર્યું.

શરૂઆતમાં ઓળખીતા-પાળખીતાના હાથ અને કુંડળી જોતા. તેમનો વર્તારો સાચો પડવા લાગ્યો. તેમણે આ વિદ્યાને વ્યવસાય તરીકે સ્વીકારી. પછી તો નામ થઈ ગયું. કેટલીયે નામાંકિત વ્યક્તિઓએ કોઈ કામ કરવા પહેલાં કે બીજી કોઈ મૂંઝવણ હોય ત્યારે તેમની સલાહ લેવા માંડી. સારું કમાવા લાગ્યાં, પણ કમાઈને તિજોરીમાં ભેગું કરવાના મતના નથી પ્રીતિબહેન. તે માને છે કે હું સમાજ પાસેથી ઘણું પામી છું. તો સમાજને પરત કરવાની પણ મારી ફરજ છે.

સમાજે ધન સાથે માન-સન્માન આપ્યું. આજે પ્રીતિબહેન સામાજિક સંસ્થાઓમાં મેડિકલ માટે, શિક્ષણ માટે પોતાનાથી બનતી મદદ કરે છે. કેટલીક સંસ્થાઓ જે મહિલાઓ અને સિનિયર સિટિઝનના મનોરંજન અર્થે સ્થપાઈ હોય તેવી સંસ્થાઓમાં પણ પોતાનું યોગદાન આપતાં રહે છે. નવા કલાકારોને પ્રોત્સાહન પણ આપતાં રહે. સારું વાંચન હોવાથી લખે પણ છે. તેમણે જ્યોતિષના વ્યવસાય સાથે સમાજસેવા પણ સ્વીકારી લીધી છે. આખો દિવસ વ્યસ્ત રહે છતાં હસતાં ને હસતાં જ હોય.

પ્રીતિબહેનને જોઈને થાય કે દરેક વૃદ્ધ વ્યક્તિએ આવું જીવન જીવવું જોઈએ ખાસ કરીને સ્ત્રીઓએ પતિના અવસાન બાદ પોતાની જાતને કોચલામાં પૂરી દઈને કે પછી સંતાનોના ઓશિયાળા થઈને જીવવાને બદલે માથું ઊંચું રાખીને આત્મવિશ્વાસથી, આત્મ-સમ્માન જાળવીને જીવવાની પરિસ્થિતિ શ્રેષ્ઠ પરિસ્થિતિ ગણાય ખરુંને? ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/fDo5iVn1RgQ
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈ સમાચાર લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## એ જે રીતે અન્ય સ્ત્રીમાં રસ લેતો હતો એ જોતાં મને લાગ્યું કે...

(ભાગ: ૪)

**નામ: એન બોલેઈન**
સમય: જાન્યુઆરી, ૧૫૫૯
સ્થળ: વેસ્ટમિનિસ્ટર એબે, લંડન
ઉંમર: ૫૮ વર્ષ (જો જીવિત હોત તો)

હવે, હું ઇંગ્લૅન્ડની રાણી છું. હેન્રી ૮મો, ઇંગ્લૅન્ડનો પ્રભાવશાળી રાજા મારો પતિ છે... પરંતુ એનાથી મને સુખ કે સંતોષ મળ્યાં નહીં. ઇંગ્લૅન્ડની પ્રજાએ મને કદી સ્વીકારી નહીં. મારા રાજ્યાભિષેક દરમિયાન ‘લૉંગ લિવ ધ ક્વિન’ના નારા લગાવવાને બદલે લોકોએ ‘વ્હિચ વ્હિચ’ (ડાકણ ડાકણ)ની બૂમો પાડી. સહુને લાગતું હતું કે મેં કાળો જાદુ કરીને હેન્રીને મારા વશમાં કરી લીધો હતો. હેન્રી મારા વશમાં હતો, પણ બહુ થોડા સમય માટે. સાત વર્ષ એણે મારી પ્રતીક્ષા કરી, મારી સાથે લગ્ન કરવા માટે આસમાન-જમીન એક કરી નાખ્યાં એ દરમિયાન હેન્રી મને એક દિવસ પણ ન જુએ તો બેચેન થઈ જતો. ઇંગ્લૅન્ડના રાજકારણમાં, દરબારમાં અને હેન્રીના અંગત નિર્ણયોમાં પણ એ મારો અભિપ્રાય ચોક્કસ પૂછતો. મેં આ પરિસ્થિતિનો સારો એવો લાભ ઉઠાવ્યો. એ સાત વર્ષ દરમિયાન મેં થોમસ વોલ્સીને ઇંગ્લૅન્ડના રાજાથી દૂર કરવાનું કામ કર્યું. અનેક લોકો જેમણે મારા અને હેન્રીનાં લગ્નમાં વિઘ્ન નાખ્યાં હતાં, હેન્રીને મારા વિરુદ્ધ ચઢાવવાનું કામ કરતા હતા એવા સૌને મેં ધીરે ધીરે હેન્રીથી દૂર કર્યા. ઇંગ્લૅન્ડના રાજદરબાર પર હેન્રી નહીં, પણ એન બોલેઈનનું રાજ હતું એવી ગુસપુસ ચાલતી. મને તો એનાથી આનંદ જ થતો... લગ્ન કર્યા પછી આ પરિસ્થિતિ બદલાઈ ગઈ.

ઇંગ્લૅન્ડનો રાજા હેન્રી ૮મો, મારો પતિ તો બન્યો, પણ અમારાં લગ્નના થોડાક જ સમયમાં હેન્રી મારી બધ્ધિ, તેજસ્વિતા, હાજર જવાબીપણા અને રાજકારણની ઊંડી સમજથી અકળાવા લાગ્યો. એનો અહંકાર ચરમસીમાએ હતો, કોઈ સ્ત્રી એના નિર્ણયો પર સવાલ કરે કે એની ભૂલ કાઢે એ હેન્રીને કોઈ સંજોગોમાં મંજૂર નહોતું. હું ક્યારેક એવું કરી બેસતી. મને એવું લાગતું હતું કે એવું કરીને હું મારા પતિની મદદ કરું છું. એને વધુ સારો રાજા બનવામાં, લોકપ્રિય બનવામાં મારી આવી સલાહ એને કામ લાગશે, પરંતુ હેન્રી માટે આવી કોઈ પણ સલાહ કે પ્રશ્નોત્તરી એના રાજા હોવા પર, એના પુરુષ હોવા પર એની સત્તા અને અહંકાર પર સીધો ઘા હતો. હેન્રી એના પ્રકૃતિ મુજબ કોઈ એક સ્ત્રી સાથે લાંબો સમય બંધાઈને રહી શકે એમ હતો જ નહીં. કેથરિન પછી મેરી અને મેરી પછી મારો બન્યો તો ખરો, પણ હવે એને અન્ય સ્ત્રીઓમાં રસ પડવા લાગ્યો હતો. જે હું સહન કરી શકું એમ નહોતું. એથી આગળ વધીને એક નવો પ્રશ્ન એવો સર્જાયો કે મેં પણ દીકરીને જન્મ આપ્યો. હેન્રી માટે રાજગાદીનો વારસ મેળવવો એ અનિવાર્ય જરૂરિયાત બનવા લાગી હતી. માત્ર સ્ત્રી પરત્વેના રસને કારણે નહીં, પરંતુ રાજગાદીના વારસ માટે પણ હવે એની નજરો ભટકવા લાગી.



એન બોલેઇન

જે લગ્ન માટે ઇંગ્લૅન્ડના રાજાએ પોપ સાથે સંઘર્ષ કર્યો, પોતાનાં લગ્ન રદ કરાવવા માટે ચર્ચ ઑફ ઇંગ્લૅન્ડની સ્થાપના કરી અને પોતે એનો વડો બન્યો એ હવે જાણે કે મારાથી કંટાળી ગયો હોય એવું વર્તવા માંડ્યો. એ જ ગાળામાં મારા ભાઈ જ્યૉર્જ બોલેઈનનાં લગ્ન થયાં. એ એની પત્ની સાથે સુખી હતો, પરંતુ હું એકદમ અસલામત અને ચિંતિત રહેવા લાગી. હેન્રી જે રીતે અન્ય સ્ત્રીઓમાં રસ લેતો હતો એ જોતાં મને લાગ્યું કે એ મને કાઢી મૂકશે. મારી નજર સામે જ એણે કેથરિન ઑફ એરોગોન સાથેનાં લગ્નને અવૈધ ગણાવીને એને કાઢી મૂકી હતી. જે કામ કરવાનો રસ્તો મેં જ એને બતાવ્યો, હવે એ જ ઉપાય મારા પર અજમાવશે એવો ભય મને સતત લાગતો હતો. મારી દીકરી એલિઝાબેથના જન્મ પછી હેન્રીને બાંધી રાખવાના મારા તમામ પ્રયત્નો નકામા નીવડ્યા. હેન્રી પુત્ર માટે ધમપછાડા કરી રહ્યો હતો અને હું ફરીથી ગર્ભવતી થવાના પ્રયત્નોમાં હેન્રીને પામવા માટે મારાથી થઈ શકે તે બધું કરવા લાગી.

મેરીનું શું થયું? એ હંમેશાં શાંત અને સંતુષ્ટ હતી. થોડોક વખત માટે એને હેન્રીની અવગણનાનું દુઃખ થયું, પરંતુ એની સરળતા અને સ્નેહપૂર્ણ સ્વભાવે ફરી પાછો એક પુરુષ એના પ્રેમમાં પાગલ થયો. એ હતો વિલિયમ કેરી. ઇંગ્લૅન્ડના રાજદરબારમાં થોડી નીચી પાયરીનો એક દરબારી. મેરીનાં આ બધાં જ વર્ષો દરમિયાન એણે મેરીની કાળજી કરી હતી. એના સારા-ખરાબ સમયમાં એનું ધ્યાન રાખ્યું હતું. મેરી ધીરે ધીરે વિલિયમ કેરીની નજીક આવી, વિલિયમે લગ્ન કરવાની પ્રપોઝલ મૂકી. મેરીએ શર્ત કરી કે એ લોકો લંડન છોડી દેશે અને વિલિયમ કેરીની નાનકડી જાગીર પર જઈને લંડનના રાજકારણ મહાલય અને ખટપટથી દૂર એક સુખી, શાંત, સ્નેહપૂર્ણ જીવન વિતાવશે. વિલિયમે તરત જ મેરીની શરત માની લીધી. મેરી અને વિલિયમ લંડન છોડીને ચાલી ગયાં. એક રીતે મારા માટે નિરાંત થઈ, પણ બીજી રીતે મારા માટે આ બહુ ઇચ્છનીય પરિસ્થિતિ નહોતી. મેરી મારો સપોર્ટ હતી. મોટી બહેન તરીકે એણે હંમેશાં મારું ધ્યાન રાખ્યું અને સારા-ખરાબ સમયમાં મારો સાથ આપ્યો. મેં એની સાથે જે કર્યું હોય તે, પણ મેરીએ કોઈ દિવસ મને નુકસાન નથી કર્યું એ વાત મારે સ્વીકારવી જોઈએ. હું જ શું કામ, ઇંગ્લૅન્ડનો રાજા પણ આ વાત સ્વીકારતો. મારી સાથે લગ્ન કરવા માટે ભલે એણે મેરીને તરછોડી, પણ મેરી માટેનો એનો આદર, વિશ્વાસ અને સ્નેહ ક્યારેય ઘટ્યાં નહીં...

મારી દીકરી એલિઝાબેથના જન્મ પછી રાજા જેઈન સેમોર સાથેના સંબંધમાં હતા. જેઈન સેમોર સાથે લગ્ન કરવા માટે મારી સાથેનાં લગ્ન તૂટે એ જરૂરી હતું. ૧૫૩૬માં જ્યારે મારા સંબંધમાંથી કેવી રીતે છૂટવું એ વિશે વિચાર શરૂ થયો ત્યારે જ જ્યારે હેન્રી પર્સી સાથેના મારા સંબંધોની વાત વોલ્સીએ ઇંગ્લૅન્ડના રાજાના કાને નાખી ત્યારે રાજાને મારી સાથે લગ્ન તોડવાનું કારણ મળી ગયું. જ્યારે હેન્રી મારા પ્રેમમાં હતો ત્યારે વોલ્સી અને બીજા દરબારીઓને દૂર કરવા માટે મેં જે રાજરમત કરી હતી એ જ રમત એ લોકો મારી સાથે રમ્યા. વોલ્સીએ હેન્રી પર્સી સાથેના મારા સંબંધોની વાત રાજાને કહી એટલું જ નહીં, એમણે રાજાના મગજમાં નાખ્યું કે હું લગ્ન પહેલાં કુમારી અથવા વર્જિન નહોતી! પર્સી સાથે મેં સંભોગ કર્યો હતો, એટલે રાજા સાથે લગ્ન કરવા માટે જ્યારે હું એમને મારાથી દૂર રાખતી હતી ત્યારે એ ફક્ત નાટક હતું... હેન્રી માટે આ માની લેવું અઘરું નહોતું કારણ કે, જેઈન સેમોર એના જીવનમાં પ્રવેશી ચૂકી હતી! વ્યભિચાર અને દેશદ્રોહના આરોપ સાથે મને દરબારમાં રજૂ કરવામાં આવી. ૧૫૩૬માં જ્યારે આ આરોપો મારી સામે મૂકવામાં આવ્યા ત્યારે મારા મામા, મારા પિતા કે મારો ભાઈ, કોઈ મારી સાથે ઊભું રહ્યું નહીં. સત્તા વધારવા માટે જે પિતાએ બંને દીકરીઓનો ઉપયોગ કર્યો એ પિતા દીકરીને શિરચ્છેદની સજા કરવામાં આવી ત્યારે એને બચાવવા માટે એક અક્ષર પણ બોલ્યા નહીં! ટાવર ઑફ ઇંગ્લૅન્ડના છેક ઉપરના માળે ફ્રાંસથી આવેલા એક ગિલોટીનના એક્સપર્ટ દ્વારા મારો શિરચ્છેદ થશે એવી જાહેરાત કરવામાં આવી. ઇંગ્લૅન્ડના લોકો આમેય મને ધિક્કારતા હતા. ૧૯ મે, ૧૫૩૬ દિવસે ટાવર ઑફ ઇંગ્લૅન્ડની આસપાસ હજારો લોકો ભેગા થયા હતા. ફ્રાંસના કુશળ તલવારબાજને કડક સૂચના હતી કે એક જ ઝટકે મારું માથું ધડથી અલગ થઈ જવું જોઈએ જેથી મને ઓછી પીડા થાય! રાજા સામે ગોઠવાયા. એમણે એમના લાલ રૂમાલથી સંમતિ દર્શાવી... ને એક જ ઝટકે મારું માથું કપાઈ ગયું ત્યારે હું ૩૫ વર્ષની હતી. માથું કાપતાં પહેલાં મને પૂછવામાં આવ્યું કે ‘તમારે કંઈ કહેવું છે.’ ત્યારે મેં કહ્યું હતું, ‘હું રાજા વિરુદ્ધ કંઈ કહેવા નથી માગતી. તેઓ મારા માટે સારા સ્વામી રહ્યા છે.’ મેં આવું કહ્યું, કારણ કે મારી દીકરી એલિઝાબેથનું ભવિષ્ય સુરક્ષિત રહી શકે. જોકે એનો ઉછેર મેરીએ કર્યો. એલિઝાબેથ સાથે હેન્રીનો વ્યવહાર ક્યારેય કઠોર તો ક્યારેક સ્નેહભર્યો રહ્યો. એણે પોતાની દીકરીને ઉત્તમ શિક્ષણ અપાવ્યું, કારણ કે એને સમજાયું કે મારી દીકરી અસાધારણ બુદ્ધિશાળી છે, મારી જેમ જ! થર્ડ સક્સેશન ઍક્ટ દ્વારા રાજગાદીના વારસદાર તરીકે એમણે એલિઝાબેથને સ્વીકારી. હેન્રીનું મૃત્યુ ૧૫૪૭માં થયું ત્યારે એલિઝાબેથ ૧૩ વર્ષની હતી. એડવર્ડ ૬ઠ્ઠો, (૧૫૪૭-૫૩) જે જેઈન સેમોરનો દીકરો હતો, એનો રાજ્યાભિષેક કર્યો, પરંતુ એ જીવી શક્યો નહીં. એ પછી મેરી (૧૫૫૩-૫૮)માં ગુજરી ગઈ. એ પછી એલિઝાબેથ ગાદીએ આવી... આજે વેસ્ટમિનિસ્ટર એબેમાં એલિઝાબેથનો રાજ્યાભિષેક છે. હું જાણું છું કે એ એના યુગની શ્રેષ્ઠ રાણી બનશે. મારી દીકરીએ લગ ન નથી કર્યાં, કારણ કે એણે એક જાહેર નિવેદનમાં કહ્યું હતું, ‘મારાં લગ્ન થઈ ચૂક્યાં છે. ઇંગ્લૅન્ડના સિંહાસન સાથે.’

(સમાપ્ત) ■

---

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## ટપાલ ટિકિટમાં અનોખી નારી

## મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિનાં સ્થાપકઃ મારિયા મોન્ટેસરી

નામઃ મારિયા મોન્ટેસરી
ઓળખઃ શિક્ષણ
ટપાલ ટિકિટ બહાર પાડ્યાની તારીખ : ૩૧.૮.૧૯૭૦
ટિકિટનું મૂલ્ય : ૨૦ પૈસા

બાલકેળવણી ક્ષેત્રે નવી પદ્ધતિ આપનાર પ્રસિદ્ધ કેળવણીકાર, ઇટાલીમાં મેડિકલ સ્કૂલમાં ભણનાર પ્રથમ મહિલાઓમાંની એક, રોમની યુનિવર્સિટીમાંથી ડૉક્ટરની ઉપાધિ પ્રાપ્ત કરનાર મહિલા ડૉક્ટર... નામ એમનું મારિયા મોન્ટેસરી. બાળકોની સર્જનાત્મક ક્ષમતા, શીખવાની તેમની ઇચ્છા અને દરેક બાળકના વ્યક્તિગત રીતે વર્તવાના અધિકારમાં વિશ્વાસ પર આધારિત મોન્ટેસરી શિક્ષણ પ્રણાલીનાં સંસ્થાપક હતાં મારિયા મોન્ટેસરી. ૩૧ ઑગસ્ટ ૧૯૭૦ના ભારત સરકારે તેમના માનમાં ૨૦ પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડેલી.




મારિયા મોન્ટેસરી... જન્મ ૩૧ ઑગસ્ટ, ૧૮૭૦, ચિઆરાવલે, એન્કોના, ઇટાલી નજીક. મૃત્યુ ૬ મે, ૧૯૫૨, નૂર્ડવિજક આન ઝી, નેધરલૅન્ડ્સ. રોમ યુનિવર્સિટીના મનોચિકિત્સક ક્લિનિકમાં મદદનીશ ફિઝિશિયન તરીકે કામ કરતાં મારિયાને શિક્ષણમાં રસ ઉત્પન્ન થયો. માનસશાસ્ત્ર સાથે શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ૧૮૯૯-૧૯૦૧ દરમિયાન તેઓ મંદબુદ્ધિ તથા અપંગ બાળકો માટેની શાળાનાં સ્થાપક આચાર્યા રહ્યાં. તેમાં તેમણે વિકસાવેલી પદ્ધતિઓ સામાન્ય બાળકોને પણ લાગુ પાડવા પ્રયોગો કર્યા. એડ્વર્ડ સેગ્વિનના વિચારોને અનુસરીને તેમણે તેમની પોતાની આગવી શિક્ષણપદ્ધતિ જે મોન્ટેસરી પદ્ધતિ તરીકે પ્રખ્યાત થઈ તે વિકસાવી. ૧૯૦૦થી ૧૯૦૪ દરમિયાન તેમણે શિક્ષણશાસ્ત્રના અધ્યાપક તરીકે તથા ૧૯૦૪થી ૧૯૦૮ દરમિયાન નૃવંશશાસ્ત્રનાં પ્રાધ્યાપક તરીકે રોમની યુનિવર્સિટીમાં સેવાઓ આપી.

રોમના પછાત વિસ્તારોમાં તેમણે ૧૯૦૭માં બાળકો માટેની મોન્ટેસરી શાળા સ્થાપી. તેમની પદ્ધતિમાં બાળકોને ઇન્દ્રિયોના વિકાસ તથા સ્નાયુઓનો ઉપયોગ કરવાનું શીખવવામાં આવે છે. ૧૯૧૭માં સ્પેનના બાર્સિલોના શહેરમાં મોન્ટેસરી ઇન્સ્ટિટ્યૂટમાં ડિરેક્ટરપદે કામ કર્યું. ૧૯૧૯માં લંડનમાં તાલીમી કાર્યક્રમો માટે શિક્ષણકાર્ય કર્યું. ૧૯૨૨થી ૧૯૩૪ દરમિયાન ઇટાલીમાં શાળાઓનાં સરકારી ઇન્સ્પેક્ટર તરીકે રહ્યાં. ૧૯૩૮માં નેધરલૅન્ડ્સમાં લારેન શહેરમાં મોન્ટેસરી તાલીમ કેન્દ્રની તેમણે સ્થાપના કરી. ૧૯૧૪માં તેમણે યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં પ્રવાસ કરી પોતાની શિક્ષણપદ્ધતિ વિશે પ્રવચનો કર્યાં.

મારિયા મોન્ટસરીની શિક્ષણપદ્ધતિ ખાસ કરીને પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે છે. તેમાં બાળકને અમુક ચોક્કસ સાધનોનો ઉપયોગ કરી મુક્ત રીતે પોતાની જાતે શીખવાનું ગોઠવવામાં આવે છે. મોન્ટેસરીની માન્યતા પ્રમાણે બાળકને પ્રથમ તેની જ્ઞાનેન્દ્રિયોના ઉપયોગ વડે જ્ઞાન આપવાની શરૂઆત કરવી જોઈએ. તેમાં પણ સ્પર્શની ઇન્દ્રિયથી શરૂઆત કરવી જોઈએ. ખરબચડા અને લીસા પદાર્થો વચ્ચે તફાવત જાણવાની શરૂઆત કરવા બાળકને લીસાં લાકડાં તથા કાચ પાયેલા ખરબચડા કાગળ આપવામાં આવે છે. લીસી અને ખરબચડી વસ્તુઓનો સ્પર્શ કરી તેમની વચ્ચેનો તફાવત શોધવાનું બાળકે શીખવાનું હોય છે. વળી ચોરસ, લંબચોરસ, વર્તુળ વગેરે આકારો ઓળખવા તેમને ચોક્કસ પ્રકારનાં લાકડાંનાં સાધનો આપવામાં આવે છે. આકાર પ્રમાણે લાકડાના ટુકડાઓને તેમનાં યોગ્ય ખાનાંમાં બંધ બેસતા ગોઠવવાનું તેમને શીખવવામાં આવે છે. વિવિધ રંગો ઓળખવા માટે તેમને રંગીન કાગળ, લાકડાના રંગીન ટુકડા, રંગીન ચોક વગેરે સાથે રમવા દેવામાં આવે છે. તેમના હાથ-પગનો ઉપયોગ થાય તે માટે તેમને ટેબલ-ખુરશી ખસેડવાનું, તેમને કકડા વડે સાફ કરવાનું વગેરે કામ પણ આપવામાં આવે છે.

ભાષા શીખવા માટે ઉચ્ચાર પ્રમાણે સાદા અક્ષરોથી શરૂ કરી, બોલવા તથા અક્ષરો ઓળખવા વચ્ચેનો સંબંધ સ્થાપિત કરવામાં આવે છે. એ પછી અક્ષરોનાં જોડાણોથી શબ્દો અને શબ્દોનાં જોડાણોથી વાક્યો બનાવતાં બાળક શીખે છે. ભારતની ભાષાઓ જેવી જ ઇટાલિયન ભાષા ઉચ્ચાર પ્રમાણે લખાતી હોવાથી મોન્ટેસરી પદ્ધતિ દ્વારા ભાષાના ઉચ્ચાર તથા લખાણનું કામ બાળક સહેલાઈથી શીખે છે. આ સર્વ કાર્યમાં શિક્ષકે માત્ર જરૂર પડ્યે માર્ગદર્શન કરવાનું હોય છે. બાકી બધું બાળક મોન્ટેસરી સાધનો દ્વારા પોતે શીખે છે. દરેક બાળક પોતાની શક્તિ પ્રમાણે વત્તીઓછી ઝડપથી શીખે છે. બાળકોના તેમની ઉંમર પ્રમાણે વર્ગો ન બનાવતાં તેમની શીખવાની ઝડપ પ્રમાણે તેમનાં જૂથ બનાવવામાં આવે છે. મોન્ટેસરી શિક્ષણ પ્રણાલીનો ભારતમાં પણ પ્રચાર પ્રસાર થયો. એક ભારતીય વિદ્યાર્થીએ ૧૯૧૩માં રોમમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય અભ્યાસક્રમમાં હાજરી આપેલી, ત્યારથી ભારતમાં મોન્ટેસરીને રસ હતો. ૧૯૨૬માં મોન્ટેસરી સોસાયટી ઑફ ઇન્ડિયાની રચના થયેલી. ૧૯૨૯ સુધીમાં, રવીન્દ્રનાથ ટાગોરે ભારતમાં ઘણી ટાગોર-મોન્ટેસરી શાળાઓની સ્થાપના કરેલી. મારિયા ૧૯૩૯માં ભારતના મદ્રાસ શહેરમાં ત્રણસો શિક્ષકોના એક તાલીમી વર્ગમાં વ્યાખ્યાન આપવા આવ્યાં હતાં; પરંતુ તે દરમિયાન દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થઈ જતાં તથા તેઓ ઇટાલીનાં નાગરિક હતાં એટલે અંગ્રેજ સરકારે તેમને ભારત છોડવા ઉપર પ્રતિબંધ લાદ્યો, પરંતુ ભારતમાં તેમનું કાર્ય ચાલુ રાખવા પરવાનગી આપી. આથી દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન તેમણે ભારતમાં અમદાવાદ, કોડાઇકેનાલ, અડ્યાર અને શ્રીનગરમાં તથા શ્રીલંકામાં તાલીમી વર્ગો ચલાવ્યા. આ ઉપરાંત તેમણે મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ અને રવીન્દ્રનાથ ટાગોર જેવા મહાનુભાવોની મુલાકાત લીધી. બીજું વિશ્વયુદ્ધ સમાપ્ત થતાં તેઓ યુરોપ પાછાં ફર્યાં. ૧૯૪૮માં ૭૮વર્ષની ઉંમરે તેઓ ભારત ફરીથી આવ્યાં અને પુણે, મુંબઈ, અડ્યાર તથા ગ્વાલિયરમાં તેમણે વ્યાખ્યાન આપ્યાં. ૧૯૪૯માં તેઓ પાકિસ્તાન ગયાં અને કરાચીમાં એક તાલીમવર્ગ ચલાવતાં હતાં ત્યારે એક આંતરરાષ્ટ્રીય સંમેલનમાં પ્રમુખ તરીકે ફરજ બજાવવા એકાએક યુરોપ ચાલ્યાં જવું પડ્યું, પરંતુ તેમના એક મદદનીશને વર્ગ ચાલુ રાખવા મૂકી ગયાં. ૧૯૪૯માં પેરિસમાં તેમણે યુનેસ્કોની એક સભામાં વ્યાખ્યાન આપ્યું.

ભારતમાં તેમનાં વર્ષો દરમિયાન, મોન્ટેસરી અને તેમના પુત્ર મારિયોએ તેમની શૈક્ષણિક પદ્ધતિ વિકસાવવાનું ચાલુ રાખ્યું. કૉસ્મિક એજ્યુકેશન શબ્દ છથી બાર વર્ષનાં બાળકો માટે એક અભિગમનું વર્ણન કરવા માટે રજૂ કરવામાં આવ્યો હતો જે કુદરતી વિશ્વનાં તમામ તત્ત્વોના પરસ્પર નિર્ભરતા પર ભાર મૂકે છે. બાળકો તેમના કુદરતી વાતાવરણમાં છોડ અને પ્રાણીઓ સાથે સીધા કામ કરતાં હતાં. મોન્ટેસરીએ પ્રાથમિક વયનાં બાળકો સાથે ઉપયોગ માટે પાઠ, ચિત્રો, ચાર્ટ અને મૉડેલો વિકસાવ્યાં હતાં. વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર અને ભૂગોળ માટે સામગ્રી બનાવવામાં આવેલી. ૧૯૪૨અને ૧૯૪૪ની વચ્ચે આ તત્ત્વોને છથી બાર વર્ષનાં બાળકો સાથે કામ કરવા માટે એક અદ્યતન અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં હતાં. આ કાર્યથી બે પુસ્તકો પ્રકાશિત થયાંઃ એજ્યુકેશન ફોર અ ન્યૂ વર્લ્ડ અને ટુ એજ્યુકેટ ધ હ્યુમન પોટેન્શિયલ, ભારતમાં હતા ત્યારે, મોન્ટેસરીએ તમામ ઉંમરનાં બાળકો અને કિશોરોનું અવલોકન કર્યું અને બાળપણના અભ્યાસ તરફ વળ્યાં. ૧૯૪૪માં તેમણે જીવનના પ્રથમ ત્રણ વર્ષો પર ૩૦ વ્યાખ્યાનોની શ્રેણી આપી. શ્રીલંકામાં સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત તાલીમ અભ્યાસક્રમ આપ્યો. આ વ્યાખ્યાનો ૧૯૪૯માં ‘તમારે શું જાણવું જોઈએ તમારા બાળક વિશે’ પુસ્તકમાં એકત્રિત કરવામાં આવેલા. ૧૯૪૪માં મોન્ટેસરીને થોડી સ્વતંત્રતા આપવામાં આવી. તેઓ શ્રીલંકા ગયાં. ૧૯૪૫માં મોન્ટેસરીએ જયપુરમાં પ્રથમ ઑલ ઇન્ડિયા મોન્ટેસરી કૉન્ફરન્સમાં હાજરી આપી. ૧૯૪૬માં યુદ્ધ સમાપ્ત થતાં મારિયા સપરિવાર યુરોપ પરત ફર્યાં.

ભારતથી પાછાં ફર્યા બાદ તેમણે નેધરલૅન્ડ્સના આમ્સ્ટર્ડામ શહેરમાં મુખ્ય મથક સ્થાપ્યું. નૉર્વે, સ્વીડન સહિત ફ્રાન્સ, જર્મની, સ્પેન, ઇંગ્લૅન્ડ, ઑસ્ટ્રિયામાં કામ કર્યું. ૮ વર્ષની વયે નેધરલૅન્ડ્સના નૂરવિક-ઑન-સી શહેરમાં અચાનક તેમણે છેલ્લા શ્વાસ લીધા. મારિયાનું તો મૃત્યુ થયું, પણ મોન્ટેસરી પદ્ધતિ આજે પણ જીવંત છે! ■

---

ઉડાન
મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## સાચો વારસો કયો... પૈસા કે પ્રેમભરી યાદ?

સોળ વર્ષની તારા માટે નાનીનું ઘર માત્ર એક ઘર નહોતું. એનું બાળપણ હતું, એની ગુપ્ત વાતોનું સ્થળ હતું અને કદાચ એ એકમાત્ર જગ્યા હતી જ્યાં એને કોઈ પ્રશ્ન પૂછવામાં આવતો નહોતો એટલે જ્યારે શાળાના પ્રિન્સિપાલે એને પોતાના રૂમમાં બોલાવીને કહ્યું કે ‘નાની અવસાન પામ્યાં છે’ ત્યારે તારાને પહેલાં તો કંઈ સમજાયું જ નહીં. પ્રિન્સિપાલ બોલતાં રહ્યાં : ’બેટા, તું હિંમત રાખજે.’ તારાએ માથું હલાવ્યું અને ‘ઓકે, મેમ.’ એટલું કહીને એ રૂમની બહાર નીકળી ગઈ.

હોસ્ટેલના રૂમમાં પાછી આવી ત્યારે રૂમમેટ્સ એને ઘેરી વળી.

‘તારા, અમને બહુ દુઃખ થયું.’ તારાએ એમની સામે જોયું. બંન્નેના ચહેરા પર સહાનુભૂતિ હતી, પણ એ સામે કોઈ પ્રતિસાદ આપી શકી નહી. એ બૅગ લઈને સીધી લાઇબ્રેરીમાં જતી રહી. પુસ્તક ખોલ્યું. એક પાનું. બીજું, ત્રીજું એમ એક પછી એક પાનાં ફરતાં રહ્યાં. આંખો શબ્દો વાંચતી રહી, પણ મનમાં માત્ર એક જ વાક્ય ઘુમેડાય રહેલું. ‘નાની નથી.’

બીજા દિવસે પપ્પા એને લેવા આવ્યા. ‘તારા, શાંતાબેન ઊંઘમાં જતાં રહ્યાં. બહુ તકલીફ થઈ નથી.’

તારા બારી બહાર જોતી રહી. શાંતાબહેનની ઉંમર બોંતેર વર્ષ હતી, પરંતુ તારાને ક્યારેય લાગ્યું નહોતું કે નાની વૃદ્ધ છે. નાની એટલે સવારની ચા. નાની એટલે રવિવારના આલુ-પરાઠા. નાની એટલે આંબાનું અથાણું. નાની એટલે એની દરેક વાત સાંભળનાર વ્યક્તિ. સાંજે ઘેર પહોંચેલી તારા સામે નાનીનું ઘર એ જ હતું. સફેદ બારીઓ. લાલ છત. આંગણામાં તુલસી અને પાછળ વિશાળ આંબાનું ઝાડ. તારા ગાડીમાંથી ઊતરી ત્યારે થોડા સમય માટે એને ખરેખર લાગ્યું કે હમણાં દરવાજો ખૂલશે અને નાની હાથમાં ચાનો કપ લઈને બહાર આવશે, પણ દરવાજો ખૂલ્યો ત્યારે સામે એનો નાનો ભાઈ વિહાન હતો. પાછળ મમ્મી ઊભેલી.

એ પહેલી વાર હતું જ્યારે ઘરમાં પ્રવેશતાં તારાનું મન ખુશ નહોતું થયું. આગળના થોડા દિવસો સગાં-વ્હાલાં આવતાં રહ્યાં. દીવાલ પર નાનીનો મોટો ફોટો મૂકવામાં આવ્યો હતો. તારાને ફોટો જોઈને ગુસ્સો આવ્યો. આ એની નાની નહોતી. એની નાની તો હસતી વખતે આંખો ઝીણી કરી દેતી હતી. એ આંખોમાં ચમક હતી. એની નાની ફોટામાં બંધ થઈ શકે નહીં. તારા ઘરની પાછળ ગઈ. આંબાના ઝાડ નીચે બેસી ગઈ. આ ઝાડ નાનીએ જ વાવ્યું હતું. તારાને યાદ આવ્યું કે નાની કહેતાં, ’આ ઝાડ મારાથી પણ જૂનું લાગશે એક દિવસ.’ તારા હસતી. ’એવું કેવી રીતે બને?’ નાની કહેતાં, ‘લોકો જતા રહે છે, વૃક્ષો વાર્તાઓ સાચવી રાખે છે.’

આ વખતે ઝાડ ખરેખર ત્યાં હતું. નાની નહોતી.

થોડા દિવસ પછી પપ્પાએ તારાને કહ્યું કે નાનીએ ઘર એના નામે કર્યું છે. ‘આ ઘર હવે તારું છે.’ તારા ચોંકી ગઈ. ‘મારું?’ ‘હા. શાંતાબેને લખ્યું છે કે આ ઘર એમની દીકરીની દીકરીને મળે.’

તારાને એક જ વાત સમજાતી નહોતી. નાનીએ આવું કેમ કર્યું? એની મમ્મી નિશા ખૂબ સફળ સ્ત્રી હતી. પોતાની કંપની ચલાવતી. એ હંમેશાં તારાને કહેતી, ‘તારે જીવનમાં કંઈક મોટું કરવું છે. સારી કારકિર્દી, સારી યુનિવર્સિટી, વિદેશમાં ભણતર.., તું જે ઇચ્છે તે બની શકે છે.’ પણ તારાને ખબર નહોતી કે એને શું બનવું હતું. એ નાનીને ઘણી વાર કહેતી, ‘મમ્મી અને હું બહુ અલગ છીએ. એમને મારી વાત સમજાતી જ નથી.’



નાની હસીને કહેતાં, ‘લોકો અલગ હોઈ શકે, પણ પ્રેમની ભાષા એક જ હોય છે.’

એક અઠવાડિયા પછી મમ્મીએ કહ્યું, ‘આ ઘર વેચી દઈએ. પૈસા તારા ભણતર માટે કામ આવશે. તું વિદેશ જઈ શકીશ.’

તારા ચૂપ રહી. એ કહેવા માગતી હતી કે પૈસા નહીં એને આ ઘર જોઈએ. આંગણું જોઈએ. નાનીની સુગંધવાળું રસોડું જોઈએ, પણ એણે કંઈ કહ્યું નહીં. એની પાસે શબ્દો નહોતા. ઘર વેચાઈ જવાનું હતું. છેલ્લા રવિવારે સવારે તારા ઊઠી ત્યારે રસોડામાંથી આલુ પરાઠાની સુગંધ આવી. એ આશ્ચર્યથી રસોડામાં ગઈ. મમ્મી તવા પાસે ઊભી હતી. માથા પર પરસેવો હતો. હાથમાં લોટ લાગેલો હતો. તારા દરવાજા પાસે જ ઊભી રહી ગઈ.

‘મમ્મી, તમે આલુ પરાઠા બનાવો છો?’ નિશા હસી. ‘હા. કેમ? પહેલાં તારી નાની બનાવતાં હતાં. હવે હું બનાવી રહી છું.’

થોડી વાર પછી મમ્મીએ ટેબલ પર કાચની બરણી મૂકી. આંબાનું અથાણું. તારાનું હૃદય એક ક્ષણ માટે ધબકવાનું ભૂલી ગયું. નાનીના હાથનું છેલ્લું અથાણું. એણે થોડું અથાણું પરાઠા સાથે લીધું. એક ટુકડો મોઢામાં મૂક્યો. આંખો તરત ભીની થઈ ગઈ. એ જ સ્વાદ. એ જ સુગંધ. એ જ ખટાશ. એ જ મીઠાશ.

તારાએ માથું ઊંચું કર્યું. મમ્મી એને જોઈ રહી હતી.ત્યારે પહેલી વાર તારાને મમ્મીના ચહેરામાં કંઈક ઓળખાયું. એ જ હળવી આંખો. હસતી વખતે આંખોની આસપાસ પડતી આછી કરચલી. નાનીની આંખો. મમ્મીની આંખો અને પોતાની આંખો.

તારાને અચાનક સમજાયું. નાની ગઈ નહોતી. માત્ર એમનું શરીર નહોતું, અવાજ નહોતો, પરંતુ એ મમ્મીમાં હતાં. મમ્મીની આંખોમાં. તારાના સ્વભાવમાં. એમના બનાવેલા અથાણાના સ્વાદમાં. આંગણાના આંબાના ઝાડમાં. અને એ બંન્ને વચ્ચેના એવા સંબંધમાં, જેને સમજવામાં પોતે નિષ્ફળ જતી હતી.

તારા ધીમેથી નિશા પાસે જઈને એમને ભેટી પડી. નિશા કંઈ બોલી નહીં. દીકરીને હૂંફમાં લઈ લીધી. બંન્નેમાંથી કોઈએ માફી માગી નહીં. કોઈએ જૂની ફરિયાદોની વાત કરી નહીં. ક્યારેક સંબંધોને સુધારવા માટે શબ્દોની જરૂર નથી પડતી. એક યાદ પૂરતી હોય છે. એક સુગંધ. એક સ્વાદ. અથવા આંબાના ઝાડ નીચે બેઠેલી કોઈ જૂની બપોર. તારાએ બારીની બહાર જોયું. એને નાનીનો અવાજ સંભળાયો :

‘લોકો જતા રહે છે, વૃક્ષો વાર્તાઓ સાચવી રાખે છે,.. ’

તારા હસીને મનમાં બોલી, ‘નાની, તમારી વાર્તા હવે હું સાચવીશ.’ વારસો એટલે માત્ર ઘર કે પૈસા નહીં, પ્રેમભરી યાદો પણ એક અમૂલ્ય વારસો જ હોય છે. ■

# સપનાંઓનું લિસ્ટ બનાવી તો જુઓ...

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

અમે ખૂબ ખુશ હતાં, કારણ કે અમે નિવૃત્ત થયા પછી કયા કયા પ્રકારના આનંદ લૂંટવા, ક્યાં ક્યાં ફરવા જવું, અનેકવિધ ગ્રુપોમાં મેમ્બરશિપ લઈને જીવનભર જોયેલાં બધાં જ સ્વપ્નાં પૂરાં કરવાં એનું લિસ્ટ બનાવીને એક કૉપી અમારા બેડરૂમમાં લગાવી હતી. એક ઝેરોક્ષ પતિદેવને અને એક ઝેરોક્ષ ઘરના સભ્યોને પણ આપી હતી.

આ લિસ્ટ વાંચીને કોઈએ કોઈ પણ પ્રકારનાં મંતવ્યો આપ્યાં નહીં. અમને થયું, ક્યાં તો બધાને જલન થાય છે, ક્યાં તો બધા ખુશ થાય છે કે 'હાશ... આખો દિવસ એક પછી એક ક્લબમાં જતાં રહેશે એટલે અમારે પણ નિરાંત!'

અમારો વિદાય સમારોહ શાળામાં રાખવામાં આવ્યો હતો, પણ ત્યારે અમે અનુભવ્યું કે શાળાનાં શિક્ષકો અને બાળકો કોઈ અગમ્ય કારણોસર મૌન ધારણ કરીને સભામાં બેઠાં હતાં. પછી વિચાર્યું, હવે તો આપણે નિવૃત્ત થયાં. બસ, હવે આપણે છીએ અને આપણાં સપનાં!




અમારી નિવૃત્તિ બાદ બંને વહુ-દીકરા વારાફરતી આવીને પૂછી જતાં, 'મમ્મી, તમે પેલી મહિલા પરિષદની મેમ્બરશિપ લેવાનાં હતાં અને અંધજન શાળામાં બાળકોને વાર્તા કરવા જવાનાં હતાં. એનું કંઈ થયું કે નહીં? આ તો પેલાં મીતાબહેન નિવૃત્તિ પછી ઘરમાં બેઠાં બેઠાં કેટલા બધા રોગોના ભોગ બન્યાં! હાથ-પગ સુધ્ધાં કામ નથી કરતા અને બેઠાં બેઠાં ખાધેલું પણ પચતું નથી. સુગર અને બી.પી. બંને એકસાથે આવી ગયાં છે.'

અમારે અકારાં થવું નહોતું, એટલે અમે જવાબ આપતાં કહ્યું, 'વહુબેટા, શિક્ષકના હાથ-પગથી લઈને બધી જ ઇન્દ્રિયો જીવનભર સતેજ રહે છે. એટલે મારા હાથ-પગ કે તન-મનને કંઈ થવાનું નથી.'

નિવૃત્તિ પછી મજા કરવાનું લિસ્ટ અમારે તો ફૉલો કરવું હતું, પણ નિવૃત્ત પતિદેવને એ મંજૂર નહોતું, કારણ કે એમનું દઢપણે માનવું હતું કે ગાડી પાર્કિંગમાંથી બને એટલી ઓછી બહાર કાઢવી, જેથી ગાડી ટનાટન જ રહે!

અમારું લિસ્ટ એમણે બાજુ પર મૂકી દીધું અને એક નવું લિસ્ટ બનાવી આપ્યું. એમણે દરરોજ ચાર ટાઇમ શું શું ખાવાનું બનાવવું એનું લિસ્ટ-પૂરા એક મહિનાનું-ટાઇપ કરીને આપી દીધું.

આજ સુધી અમે સ્કૂલે સમયસર પહોંચવું પડશે એવાં બહાનાં હેઠળ ભલભલા રસિક માણસને પણ વૈરાગ્ય લેવાનું મન થાય એવી રસોઈ જ બનાવી હતી. એટલે નિવૃત્ત થયા બાદ અમે રસોઈમાં વેઠ ઉતારીએ તો રોજ મહાભારત થવાની સંભાવના પૂરેપૂરી રહે!

ભીંત ઉપરથી સ્વપ્નોનું લિસ્ટ ભારે હૃદયે ઉતારી, તરડાતા અવાજે ગાઈ નાખ્યું, 'જિંદગી કા સફર, હૈ યે કૈસા સફર, કોઈ જાના નહીં, કોઈ સમઝા નહીં...'

અમારી પાછળ દરવાજે આવીને ઊભેલા અમારા પતિદેવ કદાચ અમારા તૂટતા સ્વપ્નની કચ્ચરઘાણ સમેટતા હોય એમ દિલાસો આપતાં ગાવાનું શરૂ કરે છે, 'દુનિયા મેં હમ આયે હૈં તો જીના હી પડેગા, જીવન હૈ અગર ઝહર તો પીના હી પડેગા...'

જોકે આખરે અમે કંઈ જીવનથી હારી જનારાં થોડાં છીએ!

અમે સ્વપ્નનું લિસ્ટ ઉતારીને નીચે લખ્યું, 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા. પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈં.'

અને તરત એક મોટા કોરા કાગળ ઉપર પતિદેવે આપેલું લિસ્ટ ચોંટાડી તેની નીચે લખ્યું:

'બંને વહુઓએ ઉપરોક્ત વાનગીઓ જે ઘરના મોભીએ લખી છે, એ મુજબ વારાફરતી સમય-સંજોગો જોઈને બનાવતાં રહેવું. રસોઈની ખાદ્ય સામગ્રીઓનું લિસ્ટ ઘરના મોભીને આપવું. એટલે તેઓશ્રી પોતાની ફરમાઈશ મુજબની ઉત્તમ સામગ્રી બંને વહુઓને બજારમાંથી લાવી આપશે. ઘરના તમામ ભાઈઓ સવાર-સાંજ વારાફરતી રસોઈ ચાખીને તેમાં વધઘટ કે મસાલો નાખવા કહેશે. કોઈ નવી વાનગી બનાવતાં ન આવડતી હોય તો યુ-ટ્યૂબ પર એ વાનગીનું નામ લખશો, એટલે ઢગલાબંધ શિક્ષકો (રસોઇયાઓ) તમને વાનગી કેવી રીતે બનાવવી તેની હજારો રીતો શીખવશે. ઘરનું ગાડું મેં એકલે હાથે આજ સુધી ખેંચ્યું છે. હવે એને ખેંચવાની જવાબદારી બંને વહુઓને વારસામાં આપું છું. ઑલ ધ બેસ્ટ ફોર યૉર ફ્યુચર લાઇફ!'

એમ પણ અમને ખબર હતી કે સાચો શિક્ષક એને જ કહેવાય કે જે કરે નહીં, પણ કરાવી જાણે અને અમને જીવનભરનો જે મહાવરો હતો એનો અમે ઉપયોગ કર્યો અને ઘરના દરેકને કામે લગાડી દીધા. બે વહુ સવાર-સાંજની રસોઈ કરે, એમના જ પતિ પરમશ્વરો એ ચાખે અને ભૂલચૂક હોય તો સુધરાવે અને અમારા પતિ ઘર આખાની વિવિધ સામગ્રી લેવા જાય. એટલે એમને પણ કેટલા વીસે સો થાય એ ખબર પડે. આપણી કિંમત પણ એ લોકોને ક્યારે ખબર પડવાની? એ તો એ લોકો જાતે બધાં કામ કરે તો જ ખબર પડે ને? વહુઓએ સસુરજીને બજારના એટલા આંટા મરાવ્યા કે એક દિવસ આવીને એમણે મને કહ્યું, 'હું મારું ચાર ટાઇમ સરસ ખાવાનું લિસ્ટ પાછું ખેંચી લઉં છું. હવે તું તારું સપનાનું લિસ્ટ ફૉલો કરી શકે છે '

જોયું? અમે વાંકી આંગળીએ ઘી કાઢી બતાવ્યું ને?

# એક હેવી દુપટ્ટો આખો લુક બદલી શકે...

ફેશન
ખૂશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

એક દુપટ્ટો આખા ડ્રેસનો લુક ચેન્જ કરી શકે છે. પ્રિંટેડ ડ્રેસ હોય કે પછી પ્લેન ડ્રેસ હોય દુપટ્ટાથી આખા ડ્રેસનો લુક ચેન્જ કરી શકાય છે. હેવી દુપટ્ટામાં ઘણી વેરાઇટી આવે છે. અમુક હેવી દુપટ્ટા તો ક્લાસી હોય છે જે ક્યારેય પણ આઉટ ઑફ ફૅશન થતા નથી. જેમકે બનારસી, બાંધણી, કલમકારી, ટિસ્યુ , ટાઈ ઍન્ડ ડાઈ વગેરે. દુપટ્ટાનું સિલેક્શન તમારા ડ્રેસને અનુસાર તેમજ પ્રસંગને અનુરૂપ હોવું જોઈએ. તો ચાલો જાણીએ એક દુપટ્ટાથી તમારો ઓવર ઑલ લુક કઈ રીતે બદલી શકાય.



બનારસી દુપટ્ટા - જે મહિલાઓને ફૅબ્રિકનું જ્ઞાન હોય છે તેમની પાસે બનારસી દુપટ્ટા હોય જ છે, કારણ કે બનારસી દુપટ્ટા ક્યારેય પણ આઉટ ઑફ ફૅશન થતા નથી અને પહેર્યા પછી રૉયલ લુક આપે છે. બનારસી દુપટ્ટાના કલર્સ પણ એટલા સુંદર હોય છે કે કોઈ પણ ડ્રેસ સાથે મિક્સ ઍન્ડ મૅચ કરી શકાય. જેમકે જો તમારી પાસે રેડ કલરનો બનારસી દુપટ્ટો હોય તો ઑફ વાઇટ ડ્રેસ સાથે પહેરી શકાય. જો રાની કલરનો દુપટ્ટો હોય તો યલ્લો કલર સાથે પહેરી શકો. જો તમારે બનારસી દુપટ્ટો પહેરવો હોય તો તમારો ડ્રેસ પ્લેન હોવો જોઈએ તેથી કરીને દુપટ્ટાને લીધે ઓવર ઑલ લુક હેવી લાગે. દુપટ્ટાની પહેરવાની સ્ટાઇલ થોડી બદલી નાખવી જેથી ડ્રેસી લાગે. બનારસી દુપટ્ટાની વિડ્થ ઘણી હોય છે તેથી કોઈ સ્ટાઇલિંગ કરવી હોય તો સારું લાગે. બનારસી દુપટ્ટો તમે ઘાઘરા સાથે પણ પહેરી શકો. આ દુપટ્ટા સાથે હેવી જ્વેલરીની જરૂર નથી. માત્ર હેવી ઈયર રિંગ પણ સારા લાગશે. હેરમાં તમે ઓપન હેર રાખી શકો અને મેસી બન પણ સારો લાગશે.

બાંધણી - બાંધણીના દુપટ્ટામાં ઘણી વેરાઇટી આવે છે જેમકે કૉટન, જૉર્જેટ, સિલ્ક વગેરે . જો તમારે હેવી લુક જોઈતો હોય તો સિલ્કનો દુપટ્ટો પહેરવો પડે. એમાં પણ લગડી પટ્ટાવાળો દુપટ્ટો વધારે હેવી લુક આપશે. બાંધણીનો દુપટ્ટો તમે કોઈ પણ પ્લેન ડ્રેસ સાથે પહેરી શકો. દુપટ્ટા પહેરવાની સ્ટાઇલ તમે તમારી ચૉઇસ મુજબ તેમજ પ્રસંગ અનુસાર કરી શકો. ઘાઘરા પર અને ડ્રેસ સાથે દુપટ્ટો ખોલીને પહેરવાનો વધારે સારો લાગશે. અને plazo સાથે પિન અપ કરીને પહેરી શકાય. બાંધણીનો દુપટ્ટો એક અલગ પણ ટ્રેડિશનલ લુક આપે છે. બાંધણીનો દુપટ્ટો ક્યારેય પણ આઉટ ઑફ ફૅશન થતો નથી.

કલમકારી દુપટ્ટો - કલમકારી આંધ્ર પ્રદેશની હાથે પેઇન્ટેડ કે બ્લૉક-પ્રિન્ટેડ કલા છે. કુદરતી રંગો અને કલમ અથવા લાકડાના બ્લૉકની મદદથી પૌરાણિક, ફૂલ કે મોરની જટિલ આકૃતિઓ બનાવવામાં આવે છે. ભારે કલમકારી દુપટ્ટા જાડા કૉટન, રેશમ કે તુસ્સર પર બનાવાય છે અને ગાઢ ડિઝાઇનને કારણે વજનદાર લાગે છે.

લુક કેવી રીતે બદલે છે. કલમકારી દુપટ્ટો આખા અંગરખાને કલાત્મક અને વાર્તાત્મક બનાવી દે છે. જટિલ હાથેથી બનાવેલી આકૃતિઓ લુકમાં ઊંડાણ અને વિશિષ્ટતા ઉમેરે છે. સાદા કુર્તા કે સાડીને આ દુપટ્ટો સ્ટેટમેન્ટ લુક આપે છે. પહેરનારને બુદ્ધિમાન, સર્જનાત્મક અને સુંદર રીતે પરંપરાગત દેખાડે છે. કલા કાર્યક્રમો કે ફૉર્મલ ઇવેન્ટ્સ માટે ખૂબ જ યોગ્ય લાગે છે. કલમકારી દુપટ્ટો બધાની પસંદ નથી, પરંતુ જે મહિલાઓને ફૅશનનું જ્ઞાન હોય છે અને જે મહિલાઓને કંઈક હટકે પહેરવું હોય અને ક્રાઉડમાં જુદા તરી આવવું હોય તે મહિલા કલમકારી દુપટ્ટો પહેરવાનું પસંદ કરે છે.

ઉંમર અને શરીરના પ્રકાર મુજબ પણ ભારે દુપટ્ટો અલગ અસર કરે છે. યુવતીઓ માટે તે આકર્ષણ અને આત્મવિશ્વાસ વધારે છે, જ્યારે મધ્યમ વયની મહિલાઓ માટે તે ગૌરવ અને પરિપક્વતા ઉમેરે છે. જેમની ઊંચાઈ ઓછી હોય તેમણે લાંબો અને ભારે દુપટ્ટો પહેરવાથી ઊંચાઈ વધેલી જેવી લાગે છે. જ્યારે મોટા શરીરવાળી મહિલાઓ માટે તે શરીરની રચનાને સંતુલિત કરીને વધુ સુંદર બનાવે છે. જોકે હેવી દુપટ્ટો પહેરતી વખતે કેટલીક સાવચેતી રાખવી જરૂરી છે. ખૂબ જ હેવી અને જાડો દુપટ્ટો લાંબા સમય સુધી પહેરવાથી અગવડતા થઈ શકે છે, તેથી પ્રસંગ અને સમય મુજબ પસંદગી કરવી જોઈએ. ઉનાળામાં હલકા કપડાના હેવી કઢાઈવાળા દુપટ્ટા પસંદ કરવા જોઈએ, જ્યારે શિયાળામાં ઊની કે જાડા કપડાના દુપટ્ટા વધુ અનુકૂળ રહે છે.

આજની યુવતીઓ પરંપરાગત અને આધુનિકનું મિશ્રણ કરીને હેવી દુપટ્ટાને નવા રૂપમાં પહેરી રહી છે. કેટલીક વાર તેને જીન્સ અને ટૉપ સાથે પણ સ્ટાઇલ કરવામાં આવે છે, જેનાથી એક અનોખો ફ્યુઝન લુક તૈયાર થાય છે. આ રીતે હેવી દુપટ્ટો માત્ર પરંપરાનું પ્રતીક નથી, પરંતુ આધુનિક ફૅશનનું પણ મહત્ત્વનું અંગ બની ગયો છે.

સારાંશમાં કહીએ તો હેવી દુપટ્ટો એક એવી વસ્તુ છે જે તમારા સાદા અંગરખાને વૈભવી, તમારા સામાન્ય લુકને વિશેષ અને તમારા વ્યક્તિત્વને વધુ આકર્ષક બનાવી શકે છે. યોગ્ય રંગ, ડિઝાઇન અને સ્ટાઇલ સાથે પહેરેલો હેવી દુપટ્ટો તમને ભીડમાં અલગ બનાવી દે છે. તેથી આગલી વાર જ્યારે તમે તમારા લુકને નવું રૂપ આપવા માગતા હો ત્યારે એક સુંદર હેવી દુપટ્ટો અજમાવી જુઓ. તમને જાતે જ અનુભવ થશે કે એક નાની વસ્તુ કેટલી મોટી અસર કરી શકે છે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| खाली | જમણી |
| वरती | વચ્ચે |
| मधली | નીચે |
| उजवी | ડાબી |
| डावी | ઉપર |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | | ■ | ૯ | | | ■ | ૧૦ | | |
| | ■ | ■ | | ■ | ■ | ૧૧ | ■ | | ■ |
| ૧૨ | ૧૩ | ■ | | ■ | ■ | ૧૪ | | | ૧૫ |
| ■ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | | ■ | ■ | |
| ૧૯ | ■ | ■ | ૨૦ | | | ■ | ૨૧ | ૨૨ | ■ |
| ૨૩ | ૨૪ | | | ■ | ■ | ૨૫ | ■ | ૨૬ | ૨૭ |
| ■ | | ■ | | ■ | ■ | | ■ | ■ | |
| ૨૮ | | ૨૯ | ■ | ૩૦ | | | ■ | ૩૧ | |
| ૩૨ | | | | ■ | ■ | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. રાત દિવસ (૪)
૪. સંતોષ, ધીરજ (૪)
૮. સોનું (૨)
૯. વ્યવસ્થા, ગોઠવણ (૩)
૧૦. છલાંગ (૩)
૧૨. નવું (૨)
૧૪. સામર્થ્ય, શક્તિ (૪)
૧૬. પ્રાર્થના (૨)
૧૭. દબદબો, ભપકો (૩)
૨૦. યુવાની (૩)
૨૧. પૃથ્વી (૨)
૨૩. રાત્રિ (૪)
૨૬. સીમા, મર્યાદા (૨)
૨૮. ઝરૂખો (૩)
૩૦. ગપ, ઊડતી વાત (૩)
૩૧. ઢોર કે કૂતરા પર બેસતી એક જાતની માખી (૨)
૩૨. રામના પિતા (૪)
૩૩. સમારંભ (૪)

**ઊભી ચાવી**

૧. ઉપકાર, આભાર (૪)
૨. હવન, યજ્ઞ (૨)
૩. તેરશ (૪)
૫. આસક્ત, લીન (૨)
૬. હાર (૪)
૭. તપસ્યા (૨)
૧૧. કૃપા, મહેરબાની (૩)
૧૩. ચીજ (૨)
૧૫. છાશ (૨)
૧૭. ઔષધ (૨)
૧૮. ગર્વિષ્ઠ, અહંકારી (૨)
૧૯. નસીબ, ભવિષ્ય (૨)
૨૦. લગાર, થોડું (૩)
૨૨. વાટ, રસ્તો (૨)
૨૪. લાગણીનો ઉમળકો (૪)
૨૫. જંગલમાં વસવું તે (૪)
૨૭. પીરની કબરની જગા (૪)
૨૮. બાતલ કરેલું, નકામું (૨)
૨૯. ધનુષ, બાણ (૨)
૩૧. તોર, મગરૂરી (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | પ | ૨ જી | ૩ વી | ■ | ૪ પ | રિ | ૫ પા | લ | ૬ ન |
| મં | ■ | ૭ વ | લ | ૮ ખા | ટ | ■ | રો | ■ | ક |
| ૯ ગ | ૧૦ મ | તું | ■ | ૧૧ ન | ફુ | ચો | ■ | ૧૨ ક | લિ |
| ■ | મં | ■ | ૧૩ ત | ■ | ળ | ■ | ૧૪ બાં | ■ | ધો |
| ■ | ■ | ૧૫ મ | નુ | ષ્ય | ■ | ૧૬ સા | ધ | ક | ■ |
| ■ | ૧૭ ની | ર | જ | ■ | ૧૮ ની | ર | વ | ■ | ■ |
| ૧૯ ગ | ■ | જી | ■ | ૨૦ મ | ■ | થિ | ■ | ૨૧ લં | ■ |
| ૨૨ જા | ત | ■ | ૨૩ મા | હિ | ૨૪ તી | ■ | ૨૫ તા | કા | ૨૬ ત |
| ન | ■ | ૨૭ શિ | ■ | ૨૮ પ | ર | ૨૯ ગ | જુ | ■ | લ્લા |
| ૩૦ ન | ગ | ર | પ | તિ | ■ | ૩૧ મ | બ | લ | ક |

### જાણવા જેવું

નાસા અમેરિકાની સરકારી અવકાશ સંશોધન એજન્સી છે. એનું પૂરું નામ નેશનલ ઍરોનોટિક્સ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન છે. આ સંસ્થા યુનાઇટેડ સ્ટેટ્સના જાહેર અવકાશ કાર્યક્રમો, ઍરોનોટિક્સ અને સ્પેસ રિસર્ચ માટે સંપૂર્ણ જવાબદાર છે. એની સ્થાપના ૨૯ જુલાઈ, ૧૯૫૮ના દિવસે કરવામાં આવી હતી. નાસાનો મુદ્રાલેખ સર્વજન હિતાય છે.

### ઓળખાણ પડી?




૫૧ પ્રતિસ્પર્ધીની ફાઈનલમાં 'મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૬'નું ટાઇટલ મેળવનારી કાઝિયા લિઝ મેજો કયા રાજ્યની છે એ જણાવો,

અ) મેઘાલય  બ) મહારાષ્ટ્ર  ક) કેરળ  ડ) રાજસ્થાન

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | ૭ | | | | |
| ૫ | | ૨ | | | | | | |
| ૯ | ૮ | ૪ | ૫ | | | | | ૧ |
| | | | | ૬ | | ૪ | | ૮ |
| ૮ | | ૭ | ૩ | | ૧ | ૨ | | ૫ |
| ૩ | | ૬ | | ૮ | | | | |
| ૪ | | | | | ૭ | ૩ | ૮ | ૨ |
| | | | | | | ૯ | | ૭ |
| | | | | ૯ | | | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

**સુડોકુ-ગઈકાલનો જવાબ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૧ | ૮ | ૬ | ૨ | ૪ | ૭ | ૯ |
| ૨ | ૮ | ૪ | ૭ | ૩ | ૯ | ૬ | ૫ | ૧ |
| ૬ | ૭ | ૯ | ૫ | ૧ | ૪ | ૩ | ૮ | ૨ |
| ૮ | ૪ | ૨ | ૬ | ૭ | ૫ | ૯ | ૧ | ૩ |
| ૩ | ૯ | ૭ | ૪ | ૨ | ૧ | ૫ | ૬ | ૮ |
| ૧ | ૫ | ૬ | ૯ | ૮ | ૩ | ૨ | ૪ | ૭ |
| ૭ | ૬ | ૫ | ૨ | ૯ | ૮ | ૧ | ૩ | ૪ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૫ | ૭ | ૮ | ૯ | ૬ |
| ૯ | ૧ | ૮ | ૩ | ૪ | ૬ | ૭ | ૨ | ૫ |

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ओली | ભીની |
| फळी | પાટિયું |
| खेळी | રમત |
| खंत | દિલગીરી |
| गोड | ગળ્યું |

ગુજરાત મોરી મોરી રે: દીકરો

ઓળખાણ પડી? શક્તિ શર્મા

માઈન્ડ ગેમ : સલીમા ટેટે

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : ખેદ

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીની એકમાત્ર સગી નણંદના પિતાના એકમાત્ર વેવાઈના એકમાત્ર પુત્રની સાળી સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) માસી  બ) બહેન
ક) ભત્રીજી  ડ) કાકી

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં જંગલનો રાજા લપાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.
થોડી વાર પછી માસા વજનદાર થેલા સાથે પધાર્યા

### નોંધી રાખો

ગાડરિયા પ્રવાહ જેવી ઠેરઠેર જોવા મળતી ચિત્તવૃત્તિથી આઝાદ થઈ પોતાની રાહ પોતે કંડારનારને બિરદાવવો જોઈએ.

### માઈન્ડ ગેમ

સાઈકલિંગ સ્પર્ધામાં દરજ્જો ધરાવતી 'ટુર દ ફ્રાન્સ' ચેમ્પિયનશિપમાં સહભાગી થયેલી પ્રથમ ભારતીય સન્નારીનું નામ કહી શકશો?
અ) સોનાલી પુરંદરે ૨) મહિતા મોહન
૩) હર્ષિતા જાખડ ૪) દિવ્યા સિંહ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) પુષ્પા પટેલ (૨) તાહેર ઔરંગાબાદવાલા (૩) શીરીન ઔરંગાબાદવાલા (૪) મહેશ દોશી (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભરત કજરીયા (૮) ભારતી બુચ (૯) ડો. પ્રકાશ કટકીયા (૧૦) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૧૧) ધીરેન્દ્ર મુલરાજ (૧૨) પ્રતીમા પમાણી (૧૩) ભામીની સંપટ (૧૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૫) રસિક જૂઠાણી (ટોરન્ટો-કેનેડા) (૧૬) શ્રદ્ધા આશર (૧૭) ખુશરૂ કાપડીયા (૧૮) કમલ મટાલીયા (૧૯) લજીતા ખોના (૨૦) મીનળ કાપડીયા (૨૧) મહેશ એન. સંઘવી (૨૨) નેહુલ એમ. સંઘવી (૨૩) જ્યોતી ખાંડવાલા (૨૪) નિખિલ બંગાળી (૨૫) ભાવના કર્વે (૨૬) અમીશી બંગાળી (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) નંદીલાલ એ. ગોઠી (૨૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૩૦) વીણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) અરવિંદ કામદાર (૩૩) અંજુ ટોલીયા (૩૪) મુલરાજ કપૂર (૩૫) ડાયના સંતોકે (૩૬) નિતીન જયંતીલાલ બજરિયા (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) જયવંત પદમશી ચિખલ (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) અલકા વાણી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) હીનાબેન દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) અબ્દુલ્લા એફ. મુનીમ

# વાદળો વિખેરાયાં અને અમદાવાદ ફરી તપ્યું ૩૫ ડિગ્રીએ, ભુજમાં ૩૮ ડિગ્રી તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં લાંબા સમય બાદ નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. સિઝનનો ૧૦૦ ટકા વરસાદ શહેરમાં વરસી ગયો છે. વરસાદ વરસ્યો ત્યારે શહેર પાણી પાણી થઈ ગયું હતું અને એકાદ બે દિવસ માટે લોકોને ગરમીથી રાહત મળી હતી. ત્યારબાદ વાદળછાયું વાતાવરણ રહેતા તાપમાનનો પારો સહ્ય રહેતો હતો, પરંતુ છેલ્લા બે દિવસથી શહેરમાં ફરી આકરો તાપ શરૂ ગયો છે. જોકે માત્ર અમદાવાદમાં જ નહીં રાજ્યના મોટાભાગના શહેરોમાં ગરમી અનુભવાઈ રહી છે. રાજ્યભરમાં સૌથી વધારે મહત્તમ તાપમાન ૩૮.૬ ડિગ્રી નોંધાયું હતું અને સુરેન્દ્રનગરમાં ૩૬.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજકોટમાં ૩૫.૯, અમદાવાદમાં ૩૫.૮, વડોદરામાં ૩૫.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત મોટાભાગના જિલ્લા-તાલુકાઓમાં ૩૨થી ૩૫ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું હતું. રાજ્યભરમાં બુધવારે વરસાદનું જોર સાવ ઘટ્યું હતું. મંગળવારે સૌરાષ્ટ્રના અમુક ભાગોમાં વરસાદ નોંધાયો હતો. ગીર-સોમનાથ, પોરબંદર અને અમરેલી જિલ્લામાં એકથી બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં સંતોષકારક વરસાદ થયો છે, જ્યારે કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વરસાદની સારી એવી ઘટ જણાઈ રહી છે. ■

# ગુજરાત યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિએ ૧૪ કરોડ પાછા આપી રાજીનામું આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ ડૉ. નીરજા ગુપ્તાએ કરેલા કરોડોના કૌભાંડ મુદ્દે ચોંકાવનારો વળાંક આવ્યો હતો. કુલપતિ નીરજા ગુપ્તાએ ૧૪ કરોડ પાછા આપ્યા હતા. તેમજ પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ (પીએમજીવીકે) પ્રોજેક્ટ પર પોતાના પ્રિન્સિપાલ ઈન્વેન્સિગેટર તરીકેના હોદ્દા પરથી રજીનામું આપ્યું હતું. ૧૬ કરોડથી વધુની રકમ પોતાના જ નામથી ખાતું ખોલાવ્યું હતું તેમાં જમા થઈ હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

જોકે તેમણે રાજીનામું આપ્યું હોવા છતાં આઈડીએસઆરના 'બ્રેન મેપિંગ લેબ' અને 'બહુરત્ન વસુંધરા' પ્રોજેક્ટમાં પ્રિન્સિપાલ ઈન્વેન્સિગેટર છે, જ્યારે યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પીયૂષ પટેલ કો-પ્રિન્સિપાલ ઈન્વેન્સિગેટર તરીકે કાર્યરત છે. પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ પ્રોજેક્ટની જેમ આ બંને પ્રોજેક્ટ્સમાં પણ નીરજા ગુપ્તાએ પોતાની જાતે જ નિમણૂક કરી હોવાનો ઘટસ્ફોટ થયો છે. બ્રેન મેપિંગ લેબ પ્રોજેક્ટમાંથી ડૉ. નીરજા ગુપ્તાએ રૂ. ૨૪.૯૮ લાખ અને પીયૂષ પટેલે રૂ. ૩.૨૦ લાખ મેળવ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટીમાં પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ નામથી ઓળખાતા પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ માટે રૂ. ૪૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટના પ્રથમ હપ્તા પેટે રૂ. ૧૬ કરોડથી વધુની રકમ મળી હતી, જે તત્કાલીન પ્રિન્સિપાલ ઈન્વેન્સિગેટરના ખાતામાં જમા થઈ હતી.

ડૉ. નીરજા ગુપ્તાએ ૧૧ ઓગસ્ટના રોજ રજિસ્ટ્રારને ઈ-મેઇલ કરીને માત્ર આ પ્રોજેક્ટના પ્રિન્સિપાલ ઈન્વેન્સિગેટર પદેથી રાજીનામું મોકલી આપ્યું હતું. સાથે જ, બાકી રહેતી રૂ. ૧૪ કરોડથી વધુની રકમ ડિમાન્ડ ડ્રાફ્ટ બનાવીને યુનિવર્સિટીને પરત મોકલી આપી હતી. ■

## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં.). (૧૩૮૪-સી)

### ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ સાથે**
ગંગાસાગર જગ્ગનાથપુરી ચંપારેન, નેપાળ યુપી મુક્તિનાથ, દક્ષિણ ભારત + કેરેલમ. દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૪૦૬-સી)

■ Private Car Tours Varanasi Ayodya Kerala Karnataka Rajasthan, Kashmir, Himachal, Uttaranchal Vietnam Srilanka Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Oneway ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફલાઈટ, હોટેલ TravelInsurance. ARRHAM HOLIDAY 9769977466/ 9892534488. (બી-૧૮૧૧૪)

### ૧૭. જગ્યા આપવી છે

**જુહુ**
3 બેડરૂમ, 1475', નવી બિલ્ડિંગ, હાયર ફ્લોર, 6.5 કરોડ, જિમ, સ્વિમિંગ પૂલ, ગાર્ડન સાથે. 9820442089. (૧૪૦૬-એ)

### ૧૯. ફેકટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**CHURCHGATE**
**One Offices for Sale Rent 60000 Carpet 230 Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-18118)**

### ૨૯. મશીનરી

FOR SALE
Used 6 Injection Plastic Moulding Machines at Lahe (Shahapur)
Interested buyers may contact owner:
9821046868
(B-18115)

### ૩૩. ધંધાદારી

**ગ્રેનાઈટ**
પૉલિશ, મીક્સ લોટ નાની સાઈઝો તથા પટ્ટીઓ. પચીસ રૂ. ફુટ આપવાના છે. 9987123826. (બી-૧૮૦૭૯)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

સચોટ જ્યોતિષ
તમારી જન્મ તારીખ-સમય-સ્થાન જણાવી વોટ્સઅપ કરો.
લગ્નયોગ ક્યારે ?
ભાગ્યોદય ક્યારે ?
ફી લેવામાં આવતી નથી.
7304586200
(બી-૧૮૧૨૮)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૩૭૪-એ)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

# આરોગ્ય પ્રધાને ગરુડેશ્વરની હૉસ્પિટલની સરપ્રાઈઝ વિઝિટ કરી, ખામીઓ જોયા બાદ આપ્યા કડક નિર્દેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નેશનલ ફિલ્મ અવૉર્ડ સેરેમનીમાં હાજરી આપવા ગયેલા આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ નર્મદા જિલ્લાના ગરુડેશ્વરની એસડીએચ હૉસ્પિટલની ઓચિંતી મુલાકાત લેતા અહીંની ઘણી અવ્યવસ્થાઓની પોલ ખૂલી હતી. પ્રધાને આ જાણ્યા બાદ કડક નિર્દેશો આપ્યા છે ત્યારે હવે તેનું પાલન કેવું થાય છે તે જોવાનું છે.

મુલાકાત દરમિયાન પાનશેરિયાએ હૉસ્પિટલના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કરી દર્દીઓને આપવામાં આવતી સારવાર, દવાઓની ઉપલબ્ધતા, સ્વચ્છતા, ઇમરજન્સી સેવાઓ, લેબોરેટરી વ્યવસ્થા તેમ જ હૉસ્પિટલના સર્વાંગી કાર્યની સમીક્ષા કરી હતી. તેમણે સારવાર હેઠળના દર્દીઓ અને તેમના પરિવારજનો સાથે સીધો સંવાદ કરી હૉસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે પ્રતિસાદ પણ મેળવ્યો હતો. મુલાકાત દરમિયાન તેમના ધ્યાનમાં આવ્યું હતું કે ગરૂડેશ્વર એસડીએચ હૉસ્પિટલમાં મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે, જેના કારણે હાલની માળખાકીય સુવિધાઓ અને વ્યવસ્થાઓ પર ભાર વધી રહ્યો છે. વધુમાં, વિસ્તારમાં જરૂરી હોવા છતાં હૉસ્પિટલમાં ડાયાલિસિસ જેવી મહત્ત્વપૂર્ણ સેવા ઉપલબ્ધ ન હોવાનું પણ ધ્યાનમાં આવ્યું હતું. આ બાબતને ગંભીરતાથી લઈ પાનશેરિયાએ સ્થળ પરથી જ પ્રોજેક્ટ ઇમ્પ્લિમેન્ટેશન યુનિટ વિભાગના ઉચ્ચ અધિકારી સાથે ટેલિફોનિક ચર્ચા કરી હૉસ્પિટલમાં વધારાની માળખાકીય સુવિધાઓ, દર્દીઓ માટે જરૂરી વ્યવસ્થાઓ તેમ જ ડાયાલિસિસ સેવા શરૂ કરવા માટે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવા સ્પષ્ટ સૂચના આપી હતી. આ સાથે હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓના સ્વજનો માટે રહેવાની પૂરતી સુવિધા ઉપલબ્ધ નથી. આથી તેમણે દર્દીઓના પરિવારજનોને સુવિધાજનક રીતે રોકાઈ શકે તે માટે નવા ભવનના નિર્માણની પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવા અધિકારીઓને સૂચના આપી હતી.■

# વાડજ ફ્લાયઓવર તૈયાર, મુખ્ય પ્રધાન આજે ઉદ્‌ઘાટન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વાડજ જંક્શન પર રૂ. ૧૦૬.૫૨ કરોડના ખર્ચે એક નવો ફોર-લેન ફ્લાયઓવર પૂર્ણ થયો છે અને તેના ઉદઘાટન પછી દરરોજ આ વિસ્તારમાંથી પસાર થતા એક લાખથી વધુ વાહનચાલકો માટે ટ્રાફિક જામ હળવો થવાની અપેક્ષા છે.

૭૩૫ મીટર લાંબો ફ્લાયઓવર વાડજ અને રાણીપ જંકશનને જોડે છે. તેના કારણે ગાંધી આશ્રમ અને રામાપીર ટેકરા વચ્ચે વાહનવ્યવહાર ઝડપી બનવાની તંત્રને આશા છે. આ પ્રોજેક્ટમાં અંડર-સ્પેસ પાર્કિંગ, ગ્રીન પેચ, ટ્રાફિક આઇલેન્ડ અને સુધારેલ જંકશન ચેનલાઇઝેશન પણ છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર જુલાઈ ૨૦૨૩ માં શરૂ થયેલા ફ્લાયઓવરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે, અને નાગરિક સંસ્થાએ પુલનું લોડ-બેરિંગ ટેસ્ટ પણ પૂર્ણ કરી લીધું છે. તેના ઉદઘાટન પહેલા પેઇન્ટિંગ અને લાઇટિંગ ઇન્સ્ટોલેશન સહિતનું ફિનિશિંગ કામ હાલમાં ચાલી રહ્યું છે. ગુરુવારે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા ફ્લાયઓવરનું લોકાર્પણ કરાશે.

આ ફ્લાયઓવર વાડજ જંકશન અને આસપાસના રસ્તાઓ પર, ખાસ કરીને પીક અવર્સ દરમિયાન, વારંવાર થતી લાંબી કતારોથી રાહત આપશે તેવી અપેક્ષા છે. ત્રણ જંકશનને બાયપાસ કરીને પુલ વાહનચાલકો માટે સમય અને ઇંધણની બચત કરશે, તેવું તંત્રનું માનવાનું છે. ■

# નવા ટર્મિનલ માટે અમદાવાદ એરપોર્ટ પર ટી-થ્રી ડિમોલિશન શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ટી-થ્રી ઈમારતને તોડી પાડવાથી નવી ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડીંગ માટે માર્ગ મોકળો થયો છે. એરપોર્ટના વિસ્તરણ માટે આ મહત્ત્વનો તબક્કો માનવામાં આવે છે.

સૂત્રો અને અહેવાલો દ્વારા મળતી વિગતો અનુસાર એનઆઈટીબી એ તબક્કાવાર પુનર્વિકાસ યોજનાનો એક ભાગ છે જેના દ્વારા એરપોર્ટની મુસાફરોની સંભાળવાની ક્ષમતા વાર્ષિક આશરે ૨ કરોડ મુસાફરો સુધી વધારવામાં આવશે, જ્યારે હાલના ટી-૧ અને ટી-૨ ટર્મિનલ્સ પર આ સંખ્યા લગભગ ૧ કરોડ છે. નવું ટર્મિનલ ૨૦૨૯-૩૦ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે.

પ્રથમ તબક્કો હાલના સ્થાનિક ટર્મિનલને અડીને અને ટી-થ્રી બાજુ સુધી વિસ્તરિત કરવામાં આવી રહ્યો છે. વિકાસ સાથે સંકળાયેલા એક સૂત્રએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે ટી-થ્રીનું ડિમોલિશન અને ખોદકામનું કામ ચાલી રહ્યું છે. એનઆઈટીબી એક જ છત નીચે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કામગીરી કરશે, જેમાં મોટા ચેક-ઇન વિસ્તારો, વધારાની સુરક્ષા ચોકીઓ, વિસ્તૃત લાઉન્જ અને ડિજીયાત્રા સુવિધાઓ હશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

એરપોર્ટ ઓપરેટર દ્વારા એરપોર્ટ ઇકોનોમિક રેગ્યુલેટરી ઓથોરિટીને રજૂ કરાયેલા અહેવાલો અનુસાર, આ પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૩,૦૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ છે, જોકે અંતમાં ખર્ચના આંકડામાં ફેરફાર થઈ શકે છે. ■

# સાવધાનઃ અમદાવાદમાં ૨૦ દિવસમાં ડેન્ગ્યૂના ૫૦૦ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૧ થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન ૪૯૬ ડેન્ગ્યૂના કેસ નોંધાયા હતા, જે ૧ જાન્યુઆરીથી નોંધાયેલા કુલ ૧,૦૮૪ કેસોના લગભગ ૪૬% છે. ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં થોડા સમય માટે પડેલા વરસાદને કારણે આ તીવ્ર વધારો થયો છે, જેના કારણે મચ્છરોનું પ્રજનન વધી ગયું છે. મંગળવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, સપ્ટેમ્બરમાં શહેરમાં મલેરિયાના ૭૦ કેસ, ફાલ્સીપેરમ મલેરિયાના ૨૨ કેસ અને ચિકનગુનિયાના સાત કેસ નોંધાયા છે. હોસ્પિટલો અને ક્લિનિક્સમાં પણ તાવના દર્દીઓમાં વધારો નોંધાયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં નવરંગપુરા, નારણપુરા, વાડજ, પાલડી, ઘાટલોડિયા, ગોતા, થલતેજ, બોડકદેવ, ચાંદલોડિયા, સરખેજ, મકતમપુરા, જોધપુર અને વેજલપુરનો સમાવેશ થાય છે. ડોક્ટરોએ જણાવ્યું હતું કે વેક્ટર-જન્ય રોગો ઉપરાંત, એચવનએનવન સહિત ફ્લૂના કેસ પણ વધી રહ્યા છે. ૧ જાન્યુઆરીથી અમદાવાદમાં મલેરિયાના ૩૮૬ કેસ, ફાલ્સીપેરમ મલેરિયાના ૬૯ કેસ અને ચિકનગુનિયાના ૧૪ કેસ નોંધાયા છે. આ જ સમયગાળા દરમિયાન, અમદાવાદ શહેરના આરોગ્ય વિભાગે ગેસ્ટ્રોએન્ટેરિટિસના ૪,૦૬૦ કેસ નોંધ્યા છે, જેમાં ઝાડા અને ઊલટીનો સમાવેશ થાય છે, કમળાના ૫૮૦ કેસ અને ટાઇફોઇડના ૧,૫૯૧ કેસ નોંધાયા છે. ■

## સ્પોર્ટ્સ

# ચાનુનો સિલ્વર સાથે ચળકાટઃ પહેલી વખત એશિયન ગેમ્સમાં મેડલ જીતી

## કુલ ૧૯૮ કિલો વજન ઊંચક્યુંઃ મીરાંબાઈએ કર્નમ મલ્લેશ્વરીના વિક્રમની બરાબરી પણ કરી




નાગોયાઃ ઑલિમ્પિક ગેમ્સની સિલ્વર મેડલિસ્ટ તેમ જ કૉમનવેલ્થ ગેમ્સમાં કુલ ત્રણ ચંદ્રક જીતી ચૂકેલી ભારતની ટોચની વેઇટલિફ્ટર મીરાંબાઈ ચાનુએ એશિયન ગેમ્સમાં પહેલી જ વખત મેડલ હાંસલ કર્યો છે.

મીરાંબાઈ ચાનુએ બુધવારે ૪૯ કિલોગ્રામ વજનની કૅટેગરીમાં બીજું સ્થાન મેળવીને સિલ્વર મેડલ જીતી લીધો હતો. વેઇટલિફ્ટિંગમાં વિશ્વની તમામ છ મોટી સ્પર્ધામાં મેડલ જીતનાર કર્નમ મલ્લેશ્વરી પછી હવે મીરાંબાઈ ચાનુ બીજી ભારતીય વેઇટલિફ્ટર બની છે. આ છ મોટી સ્પર્ધાઓમાં ઑલિમ્પિક્સ, કૉમનવેલ્થ ગેમ્સ, એશિયન ગેમ્સ, વર્લ્ડ ચૅમ્પિયનશિપ, કૉમનવેલ્થ ચૅમ્પિયનશિપ અને એશિયન ચૅમ્પિયનશિપનો સમાવેશ છે. મીરાંબાઈ ચાનુએ બે મહિના પહેલાં કૉમનવેલ્થમાં સુવર્ણ ચંદ્રક જીતી લીધા પછી પત્રકારોને કહ્યું હતું કે મારી સિદ્ધિઓ હજી સંપૂર્ણ ન કહેવાય, કારણકે હું હજી સુધી એશિયન ગેમ્સનો મેડલ જીતી નથી.'

મીરાંબાઈ ચાનુએ એશિયાડનો મેડલ જીતીને પોતાની કરીઅરને નવી દિશા આપી છે. તેણે સ્નેચમાં વધુમાં વધુ ૮૭ કિલો અને ક્લીન એન્ડ જર્કમાં વધુમાં વધુ ૧૧૧ કિલો વજન ઉંચક્યું હતું. એ સાથે તે કુલ ૧૯૮ કિલો વજન સાથે બીજા નંબર પર રહી હતી. ઉત્તર કોરિયાની રિ સોંગ ગૂમ કુલ ૨૧૫ સલ સાથે પહેલા નંબર પર હતી અને તેણે ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

### ભારતના ચંદ્રકોની સંખ્યા ધીમી ગતિએ વધે છે

બુધવાર સાંજ સુધીમાં ભારત માત્ર એક ગોલ્ડ મેડલ જીત્યું હતું જે મહિલા ક્રિકેટ ટીમે અપાવ્યો હતો. એ ઉપરાંત ભારતીયો પાંચ સિલ્વર તથા છ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૧૨ મેડલ જીત્યા હતા. ચીન ૪૭ ગોલ્ડ મેડલ સહિત કુલ ૭૭ ચંદ્રક સાથે પહેલા નંબરે હતું. જાપાન (૧૫ ગોલ્ડ સહિત કુલ ૬૬ ચંદ્રક) અને દક્ષિણ કોરિયા (આઠ ગોલ્ડ સહિત કુલ ૪૦ ચંદ્રક) સાથે અનુક્રમે બીજા તથા ત્રીજા નંબરે હતા.કબડ્ડી, બૉક્સિંગ, રોવિંગ, સ્કવોશ, કૅનો સ્પ્રિંટ બૅડમિન્ટન તથા ટેબલ ટેનિસમાં પણ ભારતીયોએ સારું પર્ફોર્મ કર્યું છે. ■

### સૉફ્ટ ટેનિસ અને સ્કીટ શૂટિંગમાં પહેલી વખત મેડલ


ભારતે એશિયન ગેમ્સમાં પહેલી જ વખત સૉફ્ટ ટેનિસ નામની રમતનો ચંદ્રક જીતી લીધો હતો અને એ ગૌરવ જય મીના નામના ખેલાડીએ અપાવ્યો હતો. સૉફ્ટ ટેનિસમાં વજનમાં હળવા અને હવા ભરેલા રબ્બરના બૉલ વપરાય છે અને રૅકેટ ખૂબ ફ્લેક્સિબલ હોય છે. આ રમત ઉપરાંત સ્કીટ શૂટિંગમાં ભારતને પહેલી વખત મહિલા વર્ગમાં મેડલ મળ્યો છે. એમાં બ્રૉન્ઝ મેડલ મહેશ્વરી ચૌહાણ, રઇઝા ધિલ્લોન અને પરિનાઝ ધાલીવાલે અપાવ્યો હતો. આ પ્રકારની શૂટિંગમાં સ્પર્ધક શૉટગનથી હવામાં ઉડાડવામાં આવતી ચીજોને નિશાન બનાવે છે. ■

# સ્મૃતિ મંધાનાની 'ગોલ્ડન ટૂર'




ભારતને એશિયન ગેમ્સ-૨૦૨૬માં સૌપ્રથમ ગોલ્ડ મેડલ ટી-૨૦ મહિલા ક્રિકેટ ટીમે અપાવ્યો છે અને આ ટીમની વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાએ જાપાનના કેટલાક જાણીતા સ્થળોની મિત્રો સાથે મુલાકાત લીધી એની તસવીરો બુધવારથી મીડિયામાં વાઇરલ થઈ છે.

# નિશાનબાજ મનુ ભાકર મેડલ ગુમાવવા કરતાં કોચ ગુમાવવાને કારણે ભાવુક થઈ અને રડી પડી



નાગોયાઃ ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં ભારતના ભૂતપૂર્વ શૂટિંગ-સમ્રાટ જસપાલ રાણાના માર્ગદર્શનમાં બે બ્રૉન્ઝ મેડલ જીતીને ભારત માટે નવો ઇતિહાસ રચનાર મહિલા શૂટર મનુ ભાકર બુધવારે જાપાનની એશિયન ગેમ્સમાં ૧૦ મીટર ઍર પિસ્તોલની હરીફાઈમાં છેક પાંચમા નંબર પર આવી હતી અને મેડલ ચૂકી ગયા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેણે ચંદ્રક ચૂકી જવા કરતાં કોચ રાણાની ગેરહાજરીથી પોતાને વધુ નુકસાન થયું એવો સંકેત આપ્યો હતો અને રાણાને યાદ કરીને રડી પડી હતી. તેણે રાણાને એશિયન ચૅમ્પિયન અને 'બેસ્ટ ઑફ ધ બેસ્ટ' તરીકે ઓળખાવ્યા હતા.

જસપાલ રાણાનું જૂન, ૨૦૨૬માં હૃદયરોગના હુમલાને કારણે નિધન થયું હતું. તેઓ ૪૯ વર્ષના હતા અને મનુ ભાકર ઉપરાંત અનેક યુવા નિશાનબાજોની કરીઅરને ચાર ચાંદ લગાવવામાં રાણાનું બહુ મોટું યોગદાન હતું. જસપાલ રાણા હંમેશાં મનુ ભાકરને સલાહ આપતા હતા કે 'હરીફાઈના પરિણામને બદલે પોતે જે કરી રહ્યા હોય એની ગતિ કે પ્રક્રિયા પર જ પૂરી એકાગ્રતા રાખવી જોઈએ અને આવી એકાગ્રતા અંગત જીવનમાં પણ રાખવી જોઈએ.'

મનુ ભાકરે પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન એશિયાડનો મેડલ ચૂકી જવા બદલ નિરાશા વ્યક્ત કરી હતી, પરંતુ જ્યારે તેને પિસ્તોલ-લેજન્ડ જસપાલ રાણા વિશે સવાલ પૂછાતાં તે કંઈ પણ બોલતાં પહેલાં ભાવુક થઈ ગઈ હતી અને રાણાએ આપેલી સલાહ યાદ આવતાં તેમ જ તેમના કોચિંગની સ્ટાઇલની યાદ આવી જતાં તે રડી પડી હતી. જૂનમાં રાણાનું દેહાંત થયું હતું અને પછીથી કૉમનવેલ્થ ગેમ્સમાં શૂટિંગની હરીફાઈ નહોતી એટલે મનુ ભાકર માટે એશિયન ગેમ્સ રાણાની વિદાય પછીની પહેલી મોટી સ્પર્ધા છે. રાણા એશિયન ગેમ્સમાં ચાર ગોલ્ડ સહિત કુલ આઠ ચંદ્રક જીત્યા હતા.

### મનુ સહિતની ત્રિપુટી નિષ્ફળ

મનુ ભાકર તેમ જ એશા સિંહ અને સુરુચિ સિંહ સહિતની ત્રિપુટીએ જાપાનની એશિયન ગેમ્સમાં ૧૦ મીટર ઍર પિસ્તોલ ઇવેન્ટમાં ઝુકાવ્યું હતું, પરંતુ એશા અને સુરુચિ ફાઇનલમાં નહોતી પહોંચી શકી. તેઓ આઉટ થઈ જતાં મનુ ભાકર પર અપેક્ષાનો બોજ આવી ગયો હતો અને તે ક્વૉલિફિકેશન રાઉન્ડ બાદ સાતત્યતા નહોતી જાળવી શકી અને ૧૮૧.૧ના સ્કોર સાથે મેડલની રેસની બહાર થઈ ગઈ હતી. ■

# આઈપીએલનું પ્લેયર્સ-ઑક્શન ડિસેમ્બરમાં ગોવામાં યોજાશે

નવી દિલ્હીઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)નું પ્લેયર્સ-ઑક્શન છેલ્લાં ત્રણ વર્ષથી ભારતની બહાર યોજાતું હતું, પણ આ વખતે ભારતમાં જ યોજાશે એવી થોડા દિવસ પહેલાં બીસીસીઆઇ તરફથી જાહેર કરવામાં આવ્યા પછી એક અહેવાલ મુજબ મહિનો અને સ્થળ નક્કી થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

સેક્રેટરી દેવાજિત સૈકિયાએ કહ્યું છે કે ૨૦૨૭ની આઇપીએલ માટેનું પ્લેયર્સ-ઑક્શન ડિસેમ્બર મહિનામાં ગોવામાં યોજાશે. છેલ્લાં ત્રણ વર્ષ માટેની હરાજી સઉદી અરેબિયા, દુબઈ અને અબુ ધાબીમાં યોજાઈ હતી. સૈકિયાએ આઇપીએલના ઑક્શન ઉપરાંત એવી જાહેરાત પણ કરી કે 'ધરમશાલામાં સતત વરસાદ પડી રહ્યો હોવાથી ઇન્ડિયા-એ અને ઑસ્ટ્રેલિયા-એ વચ્ચેની ટી-૨૦ મૅચો મોહાલીમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. ■

# હૉકી પ્લેયર દીપિકાએ એશિયન ગેમ્સમાં નવો ઈતિહાસ રચ્યો

## ભારતે થાઈલૅન્ડને ૨૦-૧થી હરાવ્યું

કકામિગાહારા (જાપાન)ઃ ભારતની ટોચની હૉકી ખેલાડી અને ડ્રૅગ ફ્લિકની ટેક્નિક (હૉકી સ્ટિકથી જમીન પરના બૉલને થોડો ઉછાળીને સીધો ગોલપોસ્ટમાં મોકલવાની કળા) દીપિકા સેહરાવતે અહીં બુધવારે એશિયન ગેમ્સની એક જ મૅચમાં નવ ગોલનો વિક્રમ રચીને ભારતને યાદગાર વિજય અપાવ્યો હતો. ભારતે આ મુકાબલામાં થાઇલૅન્ડની ટીમને ૨૦-૧થી હરાવ્યું હતું. પૂલ-બીમાં ભારત સતત ત્રીજી જીત સાથે મોખરે છે. ભારતની આગામી મૅચ યજમાન જાપાન સામે રમાશે. ગ્રૂપની ટોચની ટીમ સેમિ ફાઇનલમાં જશે. દીપિકાએ વન-સાઇડેડ બની ગયેલી આ મૅચમાં નવેનવ ગોલ પેનલ્ટી કૉર્નરમાંથી કર્યા હતા. ભારતની આક્રમક ખેલાડીઓની ક્ષમતા અને ટેક્નિક સામે થાઇ પ્લેયર્સ પાસે કોઈ જ જવાબ નહોતો. ભારતીય ખેલાડીઓ ગોલ કરીને થાકી ગઈ હતી.

દીપિકાએ નવ ગોલ બીજી, આઠમી, નવમી, ૨૪મી, ૩૩મી, ૩૬મી, ૩૯મી, ૫૧મી અને ૫૭મી મિનિટમાં કર્યા હતા. પેનલ્ટી કૉર્નરમાં તે બેકાબૂ થઈ ગઈ હતી. નવનીત કૌરે ચાર ગોલ ચોથી, ૨૯મી, ૩૫મી અને ૫૧મી મિનિટમાં કર્યા હતા. ૠતુજા પિસલે ત્રણ ગોલ, જ્યારે એક-એક ગોલ નેહા ગોયલ, લાલરેમસિયામી, સાક્ષી રાણા અને કૅપ્ટન સલીમાએ કર્યો હતો.

### પુરુષોમાં ૧૬-૧થી વિજય

મંગળવારે ભારતના પુરુષોની હૉકી ટીમે શ્રીલંકાને ૧૬-૧થી માત આપી હતી. એમાં જુગરાજ સિંહ તેમ જ અભિષેક તથા દિલપ્રીત સિંહે ત્રણ-ત્રણ ગોલ કર્યા હતા. એ અગાઉ, ભારતીય હૉકી ખેલાડીઓએ ઇન્ડોનેશિયા સામે ૧૩-૧થી વિજય મેળવ્યો હતો જેમાં જુગરાજ સિંહના સૌથી વધુ ચાર ગોલ હતા. ■

# ક્રૂડ તેલના ભાવઘટાડા સાથે ઈક્વિટી માર્કેટમાં બાઉન્સબૅક, સેન્સેક્સમાં ૨૯૯ પૉઈન્ટનો સુધારો

## વર્તમાન નાણાકીય વર્ષ માટે એશિયન ડેવલપમેન્ટ બૅન્કે સાત ટકા વૃદ્ધિદરનો અંદાજ મૂકતા બજારને ટેકો મળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ એશિયાનો ભૂરાજકીય તણાવ હળવો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલર કરતાં નીચી સપાટીએ રહ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલના ઘટાડા બાદ બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૨૯૯.૧૭ પૉઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૧૧૭.૮૦ પૉઈન્ટ વધીને બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૪,૫૨૯.૦૮ના બંધ સામે વધીને ૭૪,૬૪૮.૩૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૪,૫૯૯.૮૮ અને ઉપરમાં ૭૪,૯૭૩.૭૪ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૦ ટકા અથવા તો ૨૯૯.૧૭ પૉઈન્ટ વધીને ૭૪,૮૨૮.૨૫ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૩૨૯ના બંધ સામે વધીને ૨૩,૩૫૨.૧૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૩૪૯.૫૫ અને ઉપરમાં ૨૩,૪૬૬.૯૦ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૫૦ ટકા અથવા તો ૧૧૭.૮૦ પૉઈન્ટ વધીને ૨૩,૪૪૬.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે લિસ્ટ થયેલા નવા શૅરોમા જિન્દાલ સુપ્રીમનાં શૅરનું લિસ્ટિંગ શૅરદીઠ રૂ. ૯૩ના ઈશ્યૂભાવ સામે ૩૧ ટકા પ્રીમિયમથી થયું હતું. જેમાં બીએસઈ ખાતે ભાવ ઈશ્યૂ ભાવ સામે ૩૧ ટકા વધીને રૂ. ૧૨૧.૯૦ના મથાળે અને એનએસઈ ખાતે લિસ્ટિંગ ૨૯ ટકાના પ્રીમિયમ સાથે શૅરદીઠ રૂ. ૧૨૦ના ભાવથી થયું હતું. જોકે, સત્રના અંતે બીએસઈ અને એનએસઈ ખાતે ભાવ પાંચ ટકા વધીને રૂ. ૧૨૬ના મથાળે બંધ રહ્યા હતા.

જોકે, આજે હીરો મોટર્સનાં શૅરનું બીએસઈ ખાતે લિસ્ટિંગ શૅરદીઠ રૂ. ૮૪ના ભાવ સામે ૨.૨૬ ટકા ડિસ્કાઉન્ટમાં રૂ. ૮૨.૧૦ના મથાળે અને એનએસઈ ખાતે ૨.૩૮ ટકાના ડિસ્કાઉન્ટ સાથે રૂ. ૮૨ના મથાળે થયું હતું, પરંતુ ત્યાર બાદ ૧૭.૨૭ ટકા જેટલું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. તેમ જ સત્રના અંતે બીએસઈ ખાતે ભાવ ૧૭.૨૭ ટકા વધીને રૂ. ૯૮.૫૧ના મથાળે અને એનએસઈ ખાતે ભાવ ૧૭.૧૪ ટકા વધીને રૂ. ૯૮.૪૦ના મથાળે બંધ રહ્યા હતા.

પશ્ચિમ એશિયામાં તણાવ હળવો થવાના આશાવાદ ઉપરાંત વિશ્વ બજારમાં ડબ્લ્યુટીઆઈ ક્રૂડના ભાવ બેરલદીઠ ૯૦ ડૉલરની અંદર રહેતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સાર્વત્રિક સ્તરેથી લેવાલી નીકળતાં બજારનાં સુધારાને ટેકો મળ્યો હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થટેક કંપની એનરિચ મનીના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર આર પોન્મુડીએ જણાવ્યું હતું.

વધુમાં એશિયન ડેવલોપમેન્ટ બૅન્કે ભારતનાં મક્કમ આંતરિક પરિબળોને ધ્યાનમાં લેતા વર્તમાન નાણાકીય વર્ષ માટેનાં જીડીપી વૃદ્ધિદરનો અંદાજ સાત ટકા મૂક્યો હોવાના પ્રોત્સાહક અહેવાલે બજારનાં સુધારાને પ્રેરકબળ પૂરું પાડ્યું હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે ભૂરાજકીય જોખમો હળવા થવાની શક્યતા, ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને સ્થાનિક આર્થિક વૃદ્ધિદર મજબૂત રહેવાની શક્યતાઓને ધ્યાનમાં લેતા આજે માત્ર લાર્જકેપ સેગ્મેન્ટ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી રોકાણકારોની લેવાલીનો ટેકો મળ્યો હતો. નોંધનીય બાબત એ છે કે અગાઉ વૈશ્વિક રેટિંગ એજન્સી સ્ટાન્ડર્ડ ઍન્ડ પૂઅર્સ અને ફિચે પણ ભારતના જીડીપી વૃદ્ધિદરના અંદાજમાં સુધારો કર્યો હતો.

વધુમાં જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે સપ્ટેમ્બર મહિનાના ઉત્પાદનના ડેટા મજબૂત આવતા ફુગાવામાં વધારો થવા છતાં સ્થાનિક અર્થતંત્રમાં મક્કમ વલણ રહેવાનો વિશ્વાસ થતાં બજારનાં સુધારાને ટેકો મળ્યો હતો.

આજે બીએસઈ ખાતે કુલ ૪૫૯૭ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૨૮૦૯ શૅરના ભાવ વધીને, ૧૫૭૯ શૅરના ભાવ ઘટીને અને ૨૦૯ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૭૮ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૮૫ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૨૧ શૅરના ભાવ વધીને અને નવ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૩.૨૮ ટકાનો સુધારો ટાટા સ્ટીલમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે બજાજ ફાઈનાન્સમાં ૩.૦૭ ટકાનો, આઈટીસીમાં ૧.૭૭ ટકાનો, અલ્ટ્રાટેક સિમેન્ટમાં ૧.૭૩ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૧.૬૮ ટકાનો અને લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૧.૫૦ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાય આજે એચસીએલ ટેક્નોલૉજીસમાં સૌથી વધુ ૧.૧૦ ટકાનો ઘટાડો આવ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ઈન્ફોસિસમાં ૧.૦૩ ટકાનો, ટીસીએસમાં ૦.૯૫ ટકાનો, ટાઈટનમાં ૦.૬૦ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૦.૪૯ ટકાનો, આઈસીઆઈસીઆઈ બૅન્ક અને એનટીપીસીમાં ૦.૧૫ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૦.૧૪ ટકાનો અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૦.૦૮ ટકાનો ઘટાડો આવ્યો હતો. આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૧૪ શૅરના ભાવ ઘટીને અને ૩૬ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા.

આજે બીએસઈ ખાતેના સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૮૫ ટકાનો અને મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૭૯ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં મેટલ ઈન્ડેક્સમાં ૨.૩૭ ટકાનો, કૉમોડિટી ઈન્ડેક્સમાં ૧.૬૪ ટકાનો, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ક્વૉલિટી ટિલ્ટ ઈન્ડેક્સમાં ૧.૪૯ ટકાનો, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૪૭ ટકાનો, એફએમસીજી ઈન્ડેક્સમાં ૧.૩૦ ટકાનો, પીએસયુ બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૧૮ ટકાનો, અને રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૧.૧૧ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૦.૯૩ ટકાનો અને આઈટી ઈન્ડેક્સમાં ૦.૭૭ ટકાનો ઘટાડો આવ્યો હતો.

એશિયન બજારોમાં આજે દક્ષિણ કોરિયાના કોસ્પીમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જ્યારે શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનાં હૅંગસૅંગ ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું.

જોકે, આજે જાપાનની બજાર જાહેર રજાને કારણે બંધ રહી હતી. તેમ જ મધ્ય સત્ર દરમિયાન યુરોપની બજારોમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળ**

**વિવિધ એન્જિનીયરિંગ કાર્યો**

**નં. W/118/NIT/E-Tender/2026-27/WA/34 તારીખ: 22/09/2026; ઈ-ટેન્ડર નં. 162-2026-27 થી 166-2026-27 ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે :**

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 162-2026-27 | મંજૂર થયેલ કામના સંદર્ભમાં ટ્રેકનું કામ: રિબડા – ગોંડલ – TRR (P) – 18.000 Tkm | 3,48,09,305.87 | 6,96,200.00 |
| 02 | 163-2026-27 | ભાવનગર મંડળ – આકસ્મિક રેલ નવીનીકરણ – 4.000 Tkm | 1,06,73,288.04 | 2,13,500.00 |
| 03 | 164-2026-27 | ઢસા – પીપાવાવ – સેસ રિપેર કામ – 25.00 Tkm | 3,66,31,831.08 | 7,32,600.00 |
| 04 | 165-2026-27 | ભાવનગર મંડળ: રાજકોટ-જેતલસર સેક્શન વચ્ચે પાઇપ કલ્વર્ટ, માઇનોર સ્લેબ અને બોક્સ બ્રિજને RCC બોક્સથી બદલવાનું કામ (25 Nos) | 22,48,20,146.51 | 44,96,400.00 |
| 05 | 166-2026-27 | ગ્રુપ વર્ક: DEN / પૂર્વ અધિકારક્ષેત્ર હેઠળ મંજૂર થયેલ નીચેના કામો સામે ફ્લેશ બટ વેલ્ડ સંબંધિત કામગીરી: (1) ધોલા – સોનગઢ – CC+8+2 રૂટ્સ – TRR(P) – 11 Tkm અને (2) સિહોર – ભાવનગર ટર્મિનસ – TRR(P) – 12 Tkm. | 5,28,27,351.18 | 10,56,600.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: 30/09/2026; બિડિંગ બંધ થવાની તારીખ: 14/10/2026;** વધુ વિગતો માટે કૃપા કરીને www.ireps.gov.in પર લોગ ઇન કરો.

BVP – 135

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**O/o. ધ પેસ્ટ કંટ્રોલ ઓફિસ આર સાઉથ વોર્ડ, બાદશાહ રેસીડેન્સી, ૧લો માળ, પારેખ લેન, કાંદિવલી (પ.), મુંબઈ-૪૦૦૦૬૭.**

**નં. PCO/RS/૭૯૦/ એસઆર તા. ૨૨/૦૯/૨૦૨૬**

**નોટિસ**

૦૭ મહિના એટલે કે ૧૬૪ દિવસો માટે R સાઉથ વોર્ડમાં એન્ટિલાર્વલ સારવાર ફોગિંગ, માખી નિયંત્રણ અને ઉંદર નિયંત્રણ જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે ૪૧ સ્વયંસેવકોની જોગવાઈ માટે નોંધાયેલા સહકારી/બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવાય છે.

રસ ધરાવતી સંસ્થાઓએ MCGM પોર્ટલ **http://portal.mcgm.gov.in** થી અરજીઓ ડાઉનલોડ કરવી જોઈશે અથવા સંપર્કઃ પેસ્ટ કંટ્રોલ ઓફિસર આર/સાઉથ વોર્ડ ઓફિસ O/o. ધ પેસ્ટ કંટ્રોલ ઓફિસ R/સાઉથ વોર્ડ ઓફિસ, બાદશાહ રેસીડેન્સી, ૧લો માળ, પારેખ લેન, કાંદિવલી (પ.), મુંબઈ-૪૦૦૦૬૭. ટેલિ નં. ૦૨૨-૨૮૦૫૬૦૦૦ એક્ષ્ટે-૩૧૫.

પેસ્ટ કંટ્રોલ ઓફિસ આર/સાઉથની ઓફિસમાં અરજીઓની સુપ્રતિની છેલ્લી તા. અને સમય કામકાજના દિવસે ૦૬/૧૦/૨૬ના બ. ૨.૦૦ ક. પહેલાંની રહેશે.

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર
આર/સાઉથ વોર્ડ

PRO/1506/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# ચાંદીમાં ₹ ૧૫૬ની અને સોનામાં ₹ ૧૨૦ની સાધારણ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ફેડરલ રિઝર્વના અધિકારીઓ દ્વારા વ્યાજદરમાં વધુ વધારો કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી હોવાના નિર્દેશો સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાઈને નરમાઈતરફી રહ્યા હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૦ની અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૫૬ની નરમાઈ રહી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ખાસ કરીને ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૫૬ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૨,૩૨,૭૬૬ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં પણ રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૦ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૫૧,૪૦૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૫૨,૦૧૬ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૪૩૧૬.૫૯ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ૪૩૫૩.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૭ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૬૫.૨૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધીને બે મહિનાની ઊંચી સપાટી આસપાસ રહ્યો હોવાથી આયાત પડતરોમાં વધારો થતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજી વિભાગનાં હેડ ઓલે હાસને જણાવતાં ઉમેર્યું હતું કે ફેડના અધિકારીઓની તંગ નાણાનીતિની ટિપ્પણીની અને ક્રૂડ તેલ, ડૉલર તથા અમેરિકી બૉન્ડ પર પડતી અસરોને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૪૩૦૦થી ૪૪૦૦ ડૉલરની સાંકડી રેન્જમાં અથડાતા રહે તેમ જણાય છે.

નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રિચમોન્ડ ફેડના પ્રમુખ ટોમ બાર્કિને જણાવ્યું હતું કે વ્યાજદરમાં વધારો કરવાથી આર્થિક ગતિવિધીઓને ધીમી કર્યા વિના ફુગાવો દબાણ હેઠળ આવી શકે તેમ હોવાથી વ્યાજદરમાં વધુ વધારો કરવામાં આવે તેવી શક્યતા નકારી ન શકાય. અગાઉ ૧૫-૧૬ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કર્યો હતો.

વર્તમાન પરિબળોને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ આગામી ઑક્ટોબર મહિનામાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૫૩ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા હતા. આજે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે જો ઈરાન યુદ્ધનો અંત કરવા માટેની ડીલ નહીં કરે તો તેનો સફાયો કરી નાખવામાં આવશે. જોકે સાથે સાથે તેમણે બહુ વહેલી તકે કરાર થઈ જવાની શક્યતા પણ વ્યક્ત કરી હતી.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૬૦નો ચમકારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ટેન્ડરોનાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાના નિર્દેશો હતા, જ્યારે અન્ય મથકો પર ખાસ કરીને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલો હતા. સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૬૦નો સુધારો આવ્યો હતો.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. પ્રાપ્ત અહેવાલ અનુસાર મહારાષ્ટ્રની ખાંડ મિલો આગામી ૧૫ ઑક્ટોબરથી પિલાણ શરૂ કરવા માટે સજ્જ થઈ રહી છે. જેમાં મુખ્યત્વે મશીનરીનાં મેઈન્ટેનન્સ, શેરડીનાં ટ્રાન્સપોર્ટેશન, શ્રમીકોની જોગવાઈ વગેરેનો સમાવેશ થાય છે.

વધુમાં બોઈલર, ટર્બાઈન, પિલાણ એકમો, કન્વેયર બેલ્ટ અને અન્ય ઈક્વિપમેન્ટની તપાસણી માટેની ટેક્નિકલ ટીમો પણ સજ્જ રાખી છે જેથી વિક્ષેપ રહિત પિલાણનો આરંભ થઈ શકે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૮થી ૨૯ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૫૩૬થી ૪૬૬૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મથકો પાછળ મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૬૦ના સુધારા સાથે રૂ. ૪૬૬૦થી ૪૮૮૨માં થયાના અહેવાલ હતા. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**નં. DMC (ઈન્ફ્રા)/૨૬૩૬/તારીખ ૧૧/૦૯/૨૦૨૬**

**પબ્લિક નોટીસ**

આજની તારીખ સુધી સુધાર્યા મુજબ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ધારા ૧૮૮૮ની કલમ ૨૯૭(૧)(b)ના અન્વયે નીચે સહી કરનાર_________ના અથવા તે પછીના દિવસે યોજાનાર તેમની મીટિંગમાં મ્યુનિસિપલ કોર્પોરેશનને અરજી કરવાનો ઈરાદો ધરાવે છે, કારણ કે સદર અરજીનો નીચેના દરખાસ્તની સત્તા માટે સરળતાથી નિકાલ કરી શકાય.

"MMC ધારા, ૧૮૮૮ના કલમ ૨૯૭(૧)(b) હેઠળ તારીખ ૧૮.૦૬.૨૦૨૬ના પ્લાન નં. EET&C/WS/RL/૩૬૫માં ગ્રીન કલરમાં 'A-B' દર્શાવેલ મુજબ P/સાઉથ વોર્ડમાં વસારી હિલ જંકશનથી વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે સુધીના હાલના ગોરેગાંવ મુલુંડ લીંક રોડને વિવિધ પહોળાઈને ૨૭.૪૫ મી. પહોળાઈથી ૫૭.૯૦ મી. પહોળા નિયમિત લાઈન નિર્ધારિત કરવા."

ઉપર જણાવેલ તેની બદલીમાં નિર્ધારિત કરનાર સૂચિત નિયમિત લાઈન દર્શાવતો તારીખ ૧૮.૦૬.૨૦૨૬ના એક પ્લાન નં. EET&C/WS/RL/૩૬૫ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી ચીફ એન્જિનિયર (ટ્રાફિક)ની ઓફિસમાં જમા કરાવેલ છે અને એન્જિનિયરિંગ હબ બિલ્ડીંગ, ભોંયતળિયે, ડૉ. ઈ. મોઝેસ રોડ, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮ ખાતે અને તેમજ આસીસ્ટન્ટ કમિશનર P/સાઉથ વોર્ડ, CTS નં. ૭૪૬, પહાડી, S. V. રોડ, ગોરેગાંવ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૧૦૪ની ઓફિસ ખાતે ઓફિસ કલાકો દરમિયાન કોઈપણ સમયે ઈચ્છુક કોઈપણ દ્વારા નિરીક્ષણ કરી શકાશે.

સદર દરખાસ્તની બાબતમાં કોર્પોરેશન સમક્ષ કોઈપણ રજૂઆત કરવા અથવા કોઈપણ વાંધો કોર્પોરેશન સમક્ષ રજૂ કરવા ઈચ્છતા દરેક વ્યક્તિ મહાપાલિકા હેડ ઓફિસ, મહાપાલિકા માર્ગ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦૦૦૧ ખાતે મ્યુનિસિપલ સેક્રેટરી સંબોધીને પત્ર દ્વારા તેમ કરી શકે છે અને આવી મિટિંગના દિવસના પહેલા ત્રણ સ્પષ્ટ દિવસોથી ઓછા નહિ તેવી રીતે સદર ઓફિસ ખાતે મોકલવાના રહેશે.

આજ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૬.

સહી/-
D.M.C.
(ઈન્ફ્રાસ્ટ્રકચર)

PRO/1508/ADV./2026-27

વૃક્ષ વાવો, વૃક્ષ બચાવો.


# ડૉલરમાં મજબૂતાઈ અને ક્રૂડ તેલના ભાવમાં સુધારો આવતા રૂપિયો ૧૧ પૈસા નરમ

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો થતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા નબળો પડ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું કે અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધિકારીઓએ શેષ વર્ષ ૨૦૨૬માં વ્યાજદરમાં વધારાની શક્યતા વ્યક્ત કરતાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળ્યું હતું અને રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૬૨ના બંધ સામે સુધારા સાથે ૯૫.૫૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૭૬ અને ઉપરમાં ૯૫.૫૭ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૧ પૈસાના ઘટાડા સાથે ૯૫.૭૩ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુએનજીએ)માં થનારી આડકતરી વાતચીતોમાં અમેરિકા અને ઈરાન વચ્ચેનાં વિવાદનો ઉકેલ આવે અને વૈશ્વિક જોખમી પરિબળો હળવા થવાની શક્યતાને ધ્યાનમાં લેતાં ક્રૂડ તેલમાં નરમાઈ રહેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતા મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે જો ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહે અને અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવમાં વધારો થાય તો રૂપિયામાં સુધારો અટકી શકે છે. તેમ છતાં અમારા મતે ડૉલર સામે રૂપિયો ૯૫.૫૦થી ૯૫.૯૫ની રેન્જમાં રહે તેવી શક્યતા છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૨૭ ટકા વધીને ૧૦૦.૮૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ૦.૨૬ ટકા વધીને બેરલદીઠ ૯૯.૫૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૯૯.૧૭ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૧૭.૮૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૮૦૯.૯૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ હતા. ■


**પશ્ચિમ રેલવે**

**પીવાના શુદ્ધ પાણીની સપ્લાય**

ડીવી.રેલવે મેનેજર (WA), પ.રે., ૬ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મું. સેન્ટ્રલ, મુંબઈ-૮ **અનું. નં. ટે.નો.નં.** BCT/26-27/159 તા. ૨૧/૯/૨૬ મંગાવે છે. **કામ અને સ્થળઃ** બાન્દ્રા (વેસ્ટ કોલોની) -૭૩૦ દિવસની મુદત માટે ટેન્કર દ્વારા પીવાના શુદ્ધ પાણીની સપ્લાય. **કામની અંદા.કિંમતઃ** ₹૧૭,૧૯,૭૦૧/-. **બારડીઃ** ₹ ૩૪,૪૦૦/-. **અનુ. નં. ૨ ટે.નો.નં.** BCT/26-27/160, તા. ૨૧/૯/૨૬. **કામ અને સ્થળઃ** MM કોલોની-૭૩૦ દિવસની મુદત માટે ટેન્કર દ્વારા પીવાના શુદ્ધ પાણીની સપ્લાય. **કામની અંદા.કિંમતઃ** ₹ ૪૩,૪૭,૨૦૦/-. **બારડીઃ** ₹ ૮૭,૦૦૦/-. **બધા ઉપરોક્ત ટેન્ડરોઃ સુપ્રતિની તા. & સમયઃ** ૧૬/૧૦/૨૬ના ૧૫ ક. સુધી. **ખુલવાની તા. & સમયઃ** ૧૬/૧૦/૨૬ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટઃ www.ireps.gov.inની મુલાકાત લો. 0626

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# ધાતુમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીએ પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે ખાસ કરીને કોપરમાં પુરવઠાખેંચની સ્થિતિ વચ્ચે ભાવમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકંદરે છેલ્લાં ત્રણ-ચાર સત્રથી બહુધા ધાતુઓમાં તેજીનું વલણ જળવાઈ રહ્યા બાદ આજે માત્ર નિકલ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે કિલોદીઠ અનુક્રમે રૂ. ૧૨ અને રૂ. ચારનો સુધારો આવ્યો હતો. આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, ટીન, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૫ સુધીનો ઘટાડો આવ્યો હતો, જ્યારે બ્રાસ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી ખપપૂરતી રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૫૩૨૩, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૪૪૩, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૧૪૯૩, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૯૮, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૪૧૦, રૂ. ૧૪૦૦ અને રૂ. ૩૫૩ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૧૩૯૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર નિકલ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૬૩૦ અને રૂ. ચાર વધીને રૂ. ૧૩૦૨ના મથાળે રહ્યા હતા, જ્યારે છૂટીછવાઈ માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦૦૫, રૂ. ૯૭૦ અને રૂ. ૩૦૮ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા. ■

# આયાતી તેલમાં પીછેહઠ, મથકો પાછળ સરસવ તેલમાં ₹ ૨૦નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૯૫ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ અને આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૨ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે આયાતી તેલમાં પીછેહઠ જોવા મળી હતી. જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૨૦નો, સન રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. જોકે, દેશી તેલમાં મથકો પાછળ મિશ્ર વલણ રહેતાં સરસવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ વધી આવ્યા હતા અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ રિલાયન્સ રિટેલના ઑક્ટોબર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, નવેમ્બર અને ડિસેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, પતંજલિ ફૂડ્સના ઑક્ટોબર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૯૫, ગોકુલ એગ્રોના સન રિફાઈન્ડના રૂ. ૧૬૮૦ અને ઑક્ટોબર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૨૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ તથા જી-વનના ઑક્ટોબર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૬૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૭૮૦માં અને રાજકોટ મથકે ૨૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૬૫૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ મધ્ય પ્રદેશનાં મથકો પર આજે સોયાસીડની ૮૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૫૦૦થી ૫૬૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૪૦૦થી ૫૮૦૦માં થયા હતા. ■


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ R/N વોર્ડ**

**A.E. (SWM)/૩૪૨૩/R/નોર્થ વોર્ડ તા. ૨૨.૦૯.૨૦૨૬**

**હિતની અભિવ્યક્તિ (EOI)**

**"R/નોર્થ વોર્ડમાં દહિસર હિન્દુ સ્મશાનભૂમિ ખાતે સુવિધાઓ (હાઉસ કિપિંગ સર્વિસ)ની જોગવાઈઓ અને દૈનિક જાળવણી, સફાઈ માટે મજૂરોની જોગવાઈ"**

"R/નોર્થ વોર્ડના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ દહિસર હિન્દુ સ્મશાનભૂમિ ખાતે દૈનિક જાળવણી, સફાઈ અને સુવિધા-સંબંધિત કામ (હાઉસ કિપિંગ સર્વિસ) હાથ ધરવા માટે ૦૫ મહિના માટે નવી સંસ્થા / એજન્સીની નિમણૂંક કરવા ઈરાદો ધરાવે છે. રસ ધરાવતા સંસ્થાઓ / કંપનીઓ R/નોર્થ વોર્ડમાં દહિસર હિન્દુ સ્મશાનભૂમિ ખાતે સુવિધાઓ (હાઉસ કિપિંગ સર્વિસ)ની દૈનિક જાળવણી, સફાઈ અને જોગવાઈ માટે મજૂરોની જોગવાઈ માટે અરજીઓ સુપ્રત કરવી. સંસ્થાઓ / કંપનીઓ BMCમાં મજૂરોની જોગવાઈ માટે ઓછામાં ઓછો એક વર્ષનો અનુભવ ધરાવતા આ કામ માટે લાયક છે.

૦૧.૧૦.૨૦૨૬થી ૨૮.૦૨.૨૦૨૭ની મુદત માટે R/નોર્થ વોર્ડમાં દહિસર હિન્દુ સ્મશાનભૂમિ ખાતે સુવિધાઓ (હાઉસ કિપિંગ સર્વિસ)ની દૈનિક જાળવણી, સફાઈ અને જોગવાઈ માટે મજૂરની જોગવાઈ માટે રસ ધરાવતા લાયક સંસ્થાઓ / કંપનીઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્ર.નં. | કામનું નામ | પસંદ કરવામાં આવનારી એજન્સીઓની સંખ્યા |
|---|---|---|
| ૦૧ | R/નોર્થ વોર્ડમાં દહિસર હિન્દુ સ્મશાનભૂમિ ખાતે સુવિધાઓ (હાઉસ કિપિંગ સર્વિસ)ની દૈનિક જાળવણી, સફાઈ અને જોગવાઈ માટે મજૂરોની જોગવાઈ | ૦૧ એજન્સી (૦૯ મજૂર) |

અરજી ફોર્મ અને વિગતવાર નિયમો અથવા શરતો ૨૪.૦૯.૨૦૨૬ અને ૩૦.૦૯.૨૦૨૬ સ. ૧૦.૩૦ ક. થી સાં. ૪.૦૦ ક.ની વચ્ચે આસીસ્ટન્ટ એન્જિનિયર (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) R/નોર્થ વોર્ડની ઓફિસમાંથી મેળવી શકાશે. લાયક અરજદારો વચ્ચે લોટરી (ડ્રો) યોજવામાં આવશે.

સફળ સંસ્થાને કામ સોંપવામાં આવશે અને આ અંગેના ઓર્ડર આસિસ્ટન્ટ કમિશનર R/નોર્થ વોર્ડ દ્વારા ઈશ્યૂ કરવામાં આવશે. કામનો સમયગાળો ૦૧.૧૦.૨૦૨૬થી ૨૮.૦૨.૨૦૨૭ સુધીનો રહેશે. અમલીકરણ અંગેની સૂચનાઓ આપવામાં આવશે અને પસંદગી થયેલ એજન્સીએ તે મુજબ સફાઈનું કામ કરવાનું રહેશે. વધુ વિગતો માટે R/નોર્થ વોર્ડની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગનો સંપર્ક કરો અથવા મ્યુનિસિપલ કોર્પોરેશન વેબસાઈટ http://portal.mcgm.gov.inની મુલાકાત લેવી.

અરજીઓ સુપ્રતિ માટે છેલ્લી તારીખ ૩૦.૦૯.૨૦૨૬ના બ. ૧૨.૦૦ ક. છે. નિર્ધારિત સમય મર્યાદા પછી મળેલી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર
R/નોર્થ વોર્ડ

PRO/1516/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## ગણપતિ વિસર્જન માટે સજ્જ પોલીસ

# ૨૩,૦૦૦થી વધુ અધિકારી-કર્મચારીઓ બંદોબસ્તમાં

### મહત્ત્વનાં સ્થળોએ એસઆરપીએફ, આરએએફની પ્લૅટૂન, ફોર્સ વન તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશ વિસર્જનને દિવસે (શુક્રવારે) મુંબઈ પોલીસ દ્વારા શહેરમાં જડબેસલાક બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૨૩,૦૦૦થી વધુ પોલીસ અધિકારી અને કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે, જ્યારે વાહનવ્યવહારની સરળતા માટે ટ્રાફિક પોલીસે પણ પોતાની તૈયારી કરી લીધી છે. વિસર્જનને દિવસે શોભાયાત્રા તથા ભીડ પર સીસીટીવી કેમેરાથી નજર રાખવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ગણપતિ વિસર્જન નિર્વિઘ્ને અને શાંતિથી પાર પડે તેમ જ કાયદો-વ્યવસ્થાની સમસ્યા નિર્માણ ન થાય એ માટે શહેરમાં ગોઠવાયેલા બંદોબસ્તમાં ૬ જોઇન્ટ પોલીસ કમિશનર, ૯ એડિશનલ પોલીસ કમિશનર, ૩૮ ડેપ્યુટી પોલીસ કમિશનર અને ૬૬ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર સહિત ૩,૨૧૩ પોલીસ અધિકારી, ૧૮,૯૪૦ પોલીસ કર્મચારી અને ૧,૦૫૦ જવાનો ખડેપગે (જુઓ પાનું ૪)

# ફડણવીસે દુકાળગ્રસ્ત મરાઠવાડાની મુલાકાત લીધી

## વોટર ગ્રીડ પ્રોજેક્ટ રદ કરવા બદલ એમવીએને જવાબદાર ઠેરવ્યા

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે દુષ્કાળગ્રસ્ત મરાઠવાડા વિસ્તારની મુલાકાત લીધી હતી અને અગાઉની મહા વિકાસ આઘાડી સરકાર પર મહત્ત્વાકાંક્ષી 'વૉટર ગ્રીડ' પ્રોજેક્ટને પડતો મૂકવાનો આરોપ લગાવ્યો હતો. મુખ્ય પ્રધાને લાતુર અને ધારાશિવનાં ગામોનો પણ પ્રવાસ કર્યો હતો અને તેઓ સોલાપુર જિલ્લાના એવા વિસ્તારોની પણ મુલાકાત લેશે જે પાણીની અછત અને પાકના નુકસાનનો સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે પાકના નુકસાનનાં સર્વેક્ષણો માત્ર એક ઔપચારિકતા અને પ્રક્રિયાગત આવશ્યકતાના ભાગરૂપે કરવામાં આવી રહ્યા છે, વિનાશ તો પહેલેથી જ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.

'અમે તમામ અહેવાલો એકત્રિત કર્યા છે અને તે મુજબ કાર્યવાહી કરી રહ્યા છીએ. સરકારે દુષ્કાળની (જુઓ પાનું ૪)

## રાજકારણ કરવાને બદલે ખેડૂતોની પડખે ઊભા રહોઃ સુપ્રિયા સુળે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં દુષ્કાળના મુદ્દે રાજકારણ કરવાને બદલે એની સામે ઝઝૂમી રહેલા ખેડૂતોને ટેકો આપવા માટે બધાએ સાથે આવવું જોઈએ એમ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)નાં નેતા સુપ્રિયા સુળેએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને તેમના પ્રધાનોએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવાના નિર્ણયનું સ્વાગત કરી ઉમેર્યું હતું કે આવા પ્રયાસથી ખેડૂતોને નક્કી સહાય મળશે.

મુખ્ય પ્રધાને બુધવારે પાણીની અછત અને પાકને (જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## આઈઆઈટી સ્ટુડન્ટની આત્મહત્યા

# અટકળો અને ખોટી માહિતીથી દૂર રહેવાની પોલીસે જનતા અને મીડિયાને કરી અરજ

મુંબઈઃ આઈઆઈટી બૉમ્બેના સ્ટુડન્ટે કરેલી કથિત આત્મહત્યા સંબંધે મુંબઈ પોલીસે બુધવારે અટકળો, ખોટી માહિતી અથવા ઉતાવળે કોઈ તારણો ન કાઢવા જાહેર જનતા અને મીડિયાને અપીલ કરી હતી.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી (આઈઆઈટી) બૉમ્બેમાં બીજા વર્ષના બીટેકના વિદ્યાર્થી સાહિલ વાકોડે (૨૨)ના મૃત્યુની તપાસ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે. મિડ-સેમિસ્ટરની પરીક્ષામાં ચૅટજીપીટીનો ઉપયોગ કરવા મોબાઈલ ફોન સાથે પકડાયાના કલાકો બાદ વાકોડેનો મૃતદેહ કૅમ્પસમાંની હોસ્ટેલમાં આવેલી તેની રૂમમાંથી ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.

પોલીસે એક નિવેદનમાં ખાતરી આપી છે કે તપાસ નિષ્પક્ષ અને ખંતપૂર્વક કરવામાં આવશે. દરેક પાસાંનું તપાસમાં ધ્યાન રખાશે.

ડેપ્યુટી પોલીસ કમિશનર રાજ તિલક રોશને એક નિવેદનમાં જણાવ્યું હતું કે મુંબઈ પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે આ કેસમાં કોઈ અટકળો લગાવવી નહીં. ખોટી માહિતી અને ઉતાવળે તારણો ન કાઢવાનું (જુઓ પાનું ૪)

## પ્રોફેસરનો જૂનો ઈમેલ વાઈરલ, વિદ્યાર્થીઓને આપી હતી સલાહ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં આઈઆઈટી મુંબઈના પ્રોફેસર સૂર્યનારાયણ દુલાને લઈને ચાલી રહેલા ગંભીર આરોપોના મામલામાં તેમનો એક જૂનો ઈમેલ ચર્ચામાં આવ્યો છે. આ ઈમેલ ૨૭ જુલાઈ, ૨૦૨૪ના પ્રોફેસર દુલાએ આઈઆઈટી બૉમ્બેના ડીન ઓફ સ્ટુડન્ટ અફેર તરીકે વિદ્યાર્થીઓને મોકલ્યો હતો. ઈમેલમાં કેમ્પસમાં જાતિ, ધર્મ અને સામાજિક-આર્થિક સ્થિતિના આધારે કોઈ પણ પ્રકારના ભેદભાવથી દૂર રહેવાની (જુઓ પાનું ૪)

## સત્તાભૂખ્યા લોકોને જાતપાતમાં બહુ રસ પડે, વિદ્યાર્થીઓ દૂર રહેઃ રાજ ઠાકરે

મુંબઈઃ આઈઆઈટી મુંબઈના વિદ્યાર્થીની આત્મહત્યા સાથે જાતિ આધારિત ભેદભાવના આરોપોની ચર્ચા બાદ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) પ્રમુખ રાજ ઠાકરેએ બુધવારે કહ્યું હતું કે સત્તાના રાજકારણથી પ્રેરિત લોકોને જાતપાતમાં બહુ રસ હોય છે પણ વિદ્યાર્થીઓએ એનાથી અળગા રહેવું જોઈએ.

અધિકારીઓના જણાવ્યા (જુઓ પાનું ૪)

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા નિષ્પક્ષ તપાસની માગ, 'મીડિયા ટ્રાયલ' સામે અપીલ

મુંબઈઃ આઈઆઈટી બોમ્બે એલ્યુમનાઈ એસોસિએશને (આઈઆઈટીબીએએ) વિદ્યાર્થી સાહિલ વાકોડેના કથિત આત્મહત્યાના કેસની નિષ્પક્ષ અને ઝડપી તપાસની માગ કરી છે અને જણાવ્યું છે કે કોઈ પણ વ્યક્તિને લક્ષ્ય બનાવીને "મીડિયા ટ્રાયલ", અટકળો કે "અયોગ્ય તારણો" કાઢવા જોઈએ નહીં.

સાહિલના માતા-પિતાએ આઈઆઈટી મુંબઈના ડિરેક્ટર પ્રોફેસર શિરીશ કેદારે અને પ્રોફેસર સૂર્યનારાયણ દુલાની તાત્કાલિક ધરપકડની માગ કરી (જુઓ પાનું ૪)

## નિષ્પક્ષ તપાસ માટે આઈઆઈટી મુંબઈના પ્રોફેસરને રજા પર મોકલાયા

મુંબઈઃ વિદ્યાર્થી સાહિલ વાકોડેની કથિત આત્મહત્યાના કેસમાં આરોપી એવા આઈઆઈટી મુંબઈના પ્રોફેસર સૂર્યનારાયણ દુલાને આ મામલે નિષ્પક્ષ તપાસ સુનિશ્ચિત કરવા માટે રજા પર મોકલી દેવામાં આવ્યા છે.

એક વિદ્યાર્થીની આત્મહત્યાને લઈને થયેલા વિરોધ બાદ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી બોમ્બેએ સોમવારે ડૂલ્લાને વહીવટી બાબતોના ડીન પદ પરથી હટાવી દીધા હતા. અહેવાલ મુજબ, નિષ્પક્ષ તપાસ થઈ શકે તે માટે પ્રોફેસર દુલાને ડીન પદ પરથી હટાવીને રજા પર મોકલી દેવામાં આવ્યા છે; હાલમાં કોઈ વર્ગો પણ ચાલી રહ્યા નથી. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ હાલમાં વાકોડેના મૃત્યુ અંગેની તપાસ કરી રહી છે.

દુલા વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરણી અને (જુઓ પાનું ૪)

## 'મુઝસે ગલતી હો ગઇ હૈ': ગર્લફ્રેન્ડને કહ્યું હતું સાહિલે

મુંબઈઃ પરીક્ષામાં મોબાઈલનો ઉપયોગ કરતાં પકડાયા પછી હોસ્ટેલની રૂમમાં ગયેલા વિદ્યાર્થી સાહિલ વાકોડેએ છેલ્લે એક યુવતી સાથે ફોન પર વાત કરી હતી અને પોતાની ભૂલ થઈ ગઈ હોવાનું કહ્યું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ પોલીસે વાકોડેના મોબાઈલના કૉલ ડિટેઈલ્સ મેળવ્યા હતા, જેને આધારે તેણે છેલ્લે એક યુવતી સાથે (જુઓ પાનું ૪)

## વાકોડેનો આઈફોન લૉક હોવાથી તપાસમાં અવરોધ

મુંબઈઃ આઈઆઈટી મુંબઈની હોસ્ટેલમાં કથિત આત્મહત્યા કરનારા સ્ટુડન્ટ સાહિલ વાકોડેનો આઈફોન લૉક હોવાથી તપાસમાં અવરોધ ઊભો થયો હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. વાકોડેના મૃત્યુ પ્રકરણની તપાસ કરનારી ક્રાઈમ બ્રાન્ચે તેનો મોબાઈલ ફોન તાબામાં લીધો હતો. પોલીસને આશા છે કે પરીક્ષામાં ચૅટજીપીટી માટે મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા (જુઓ પાનું ૪)




# જાહેર આરોગ્યને નુકસાન પહોંચાડતી વસ્તુઓનો પ્રચાર કરવાનું કોઈને લાઈસન્સ નથીઃ તુકારામ મુંઢે

મુંબઈઃ લોકોના સ્વાસ્થ્યને નુકસાન કરતી વસ્તુઓની જાહેરાત ન કરવા માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કલાકારોને કરેલી અપીલને મહારાષ્ટ્રના એફડીએ કમિશનર તુકારામ મુંઢેએ સમર્થન આપ્યું હતું.

મંગળવારે ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું હતું કે સેલિબ્રિટીઝ યુવાનો પર ઊંડી અસર પાડે છે, તેથી સાચા સ્ટાર એ અંધકાર નહીં, પ્રકાશ ફેલાવવો જોઈએ.

મુંઢેએ સોશ્યલ પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે, દરેક નાગરિકની જેમ કલાકારોએ પણ કાયદાનું પાલન કરવું જોઈએ અને લોકોની પસંદગીઓને પ્રભાવિત કરતી પ્રોડક્ટ્સ, વર્તણૂક અને આદતોની જાહેરાતો કરતી વખતે (જુઓ પાનું ૪)

## બોલિવૂડ કલાકારોના સમર્થન બદલ તુકારામ મુંઢેએ આભાર માન્યો

મુંબઇઃ ખોરાકમાં ભેળસેળ અને સ્વચ્છતાના નિયમોના ઉલ્લંઘન સામેની આકરી કાર્યવાહી માટે ચર્ચામાં આવેલા મહારાષ્ટ્રના એફડીએ કમિશનર તુકારામ મુંઢેએ બુધવારે બોલિવૂડ કલાકારો પ્રીતિ ઝિન્ટા અને મલ્લિકા શેરાવત તેમના સમર્થનમાં આગળ આવ્યા તે બદલ ખુશી વ્યક્ત કરી હતી.

પ્રીતિ ઝિન્ટા "ટીમ તુકારામ મુંઢે" લખેલું ટી-શર્ટ પહેરેલી જોવા મળી હતી અને મલ્લિકા શેરાવતે એક વીડિયો શેર કરીને કડક ખાદ્ય સુરક્ષા તપાસ માટે તેમના વખાણ કર્યા હતા. આ સિવાય સલમાન ખાન, મનોજ વાજપેયી અને ટ્વિંકલ ખન્ના જેવા બોલિવૂડ કલાકારોએ પણ (જુઓ પાનું ૪)

## બોઈસરમાં 'બોલકું' એટીએમ મશીન!

# એટીએમ સેન્ટરમાં વૉકીટૉકી છુપાવીને ગ્રાહકોને છેતરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોઈસરમાં એટીએમ સેન્ટરમાંના 'બોલતા' મશીનને અનુસરીને છેતરાયેલી મહિલાના બૅન્ક ખાતામાંથી રોકડ રકમની કથિત ઉચાપત કરવામાં આવી હોવાની ઘટના સામે આવી હતી. એટીએમ સેન્ટરમાં વૉકીટૉકી છુપાવીને તેની મદદથી ગ્રાહકોને ગેરમાર્ગે દોરી છેતરવાની નવી તરકીબ અજમાવનારા થાણે જિલ્લાના કલવા ખાતે રહેતા યુવકની પોલીસે ધરપકડ કરી હતી.

બોઈસર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ જિતેન્દ્ર રામદેવ પાલ (૨૬) તરીકે થઈ હતી. કલવાના મનીષનગરમાં જય ભીમનગર ખાતે રહેતા આરોપી પાસેથી પોલીસે બે વૉકીટૉકીના સેટ અને ૬૦ હજારની રોકડ જપ્ત કરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર પાલઘર જિલ્લાના પામ વિસ્તારની વૃંદાવન નગરી ખાતે રહેતી સમીરા ખાન (૩૭) ૧૪ સપ્ટેમ્બરની સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ બોઈસરના શિવાજીનગર પરિસરમાં આવેલા સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાના એટીએમ સેન્ટરમાં ગઈ હતી. મશીનમાં એટીએમ કાર્ડ નાખી તેણે સાત હજાર રૂપિયા કઢાવ્યા હતા, પરંતુ પછી તેનું કાર્ડ મશીનમાં જ અટકી ગયું હતું. ફરિયાદીએ કાર્ડ કાઢવાના પ્રયાસ કર્યા, (જુઓ પાનું ૪)

## ધર્મા પ્રોડક્શન પર ૭૯ કરોડની જીએસટીની માગ હાઇ કોર્ટે રદ કરી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે કરણ જોહરની બે પ્રોડક્શન કંપનીઓ સામેની રૂ. ૭૯.૭ કરોડથી વધુની કરની માગણી રદ કરતા ચુકાદો આપ્યો છે કે, ભલે સિનેમેટોગ્રાફિક ફિલ્મ ડિજિટલ લિંક કે હાર્ડ ડિસ્ક દ્વારા વિતરણ કરવામાં આવતી હોય, તો પણ જીએસટી કાયદા હેઠળ તેને 'આઇટી સોફ્ટવેર' ગણી શકાય નહીં.

જોહરની 'ધર્મા પ્રોડક્શન્સ' અને 'ધર્માટિક એન્ટરટેઈનમેન્ટ' દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ૧૦ સપ્ટેમ્બરે આપવામાં આવેલા ચુકાદામાં, જસ્ટિસ એમ. એસ. કાર્નિક અને સંદેશ પાટિલની બેન્ચે કહ્યું હતું કે કર-વર્ગીકરણ માટે વિતરણની પદ્ધતિ અપ્રસ્તુત છે. હાઈ કોર્ટે કહ્યું કે સામગ્રી ભૌતિક રીતે (હાર્ડ ડિસ્ક દ્વારા) મોકલવામાં આવે કે ઈલેક્ટ્રોનિક રીતે, (જુઓ પાનું ૪)

## ડ્યૂટી-ફ્રી દુકાનોને સ્થાનિક કાયદાઓમાંથી મુક્તિ નથીઃ હાઈ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવેલી દુકાનો દ્વારા આયાતી નિકોટિન પાઉચના વેચાણ પરના પ્રતિબંધમાં દખલ કરવાનો ઇનકાર કર્યો છે અને ચુકાદો આપ્યો છે કે 'ડ્યૂટી-ફ્રી' દુકાનો સ્થાનિક નિયમનકારી કાયદાઓમાંથી મુક્તિને પાત્ર નથી.

ન્યાયાધીશ સુમન શ્યામ અને અદ્વૈત સેઠનાની ખંડપીઠે જણાવ્યું હતું કે ભારતમાં માલની આયાત પર,પછી ભલે તે માત્ર વેરહાઉસિંગ (સંગ્રહ) અથવા પુનઃ-નિકાસ માટે હોય, સ્થાનિક કાયદાઓના અમલીકરણમાંથી કોઈ મુક્તિ મળશે નહીં. 'ઝાયન' અને 'ફોક્સ' બ્રાન્ડ નામ હેઠળ આયાતી નિકોટિન પાઉચના વેચાણ પર ડ્રગ્સ કંટ્રોલર જનરલ દ્વારા (જુઓ પાનું ૪)




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** "મુંબઈ સમાચાર" પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના "મુંબઈ સમાચાર" પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**